Chapter-1

# પ્રકરણ પહેલું

## કાલિદાસ: સમય, જીવન, વ્યક્તિત્વ

जयन्ति ते सुकृतिनो
रससिद्धाः कवीश्वराः।
नास्ति येषां यशः काये
जरामरणजं भयम् ।।

ભારત વર્ષના વિખ્યાત અને લોકપ્રિય કવિ કાલિદાસ ઉપર્યુક્ત શ્લોકમાં વર્ણવ્યા છે તેવા, જેના યશ:શરીરને જરા અને મરણનો ભય નથી એવા, કવિ છે. સૈકડો વર્ષો વહી ગયાં છે, છતાં તેમની કવિતા અને તેની લોકપ્રિયતા એટલાંને એટલાં જ તાજાં છે. અનેક વિદ્વાનોએ અભિનિવેશપૂર્વક પ્રયત્નો કર્યાં છે છતાં, કવિના સમય, જીવન, નિવાસસ્થાન, અને જન્મભૂમિ વિષેની વિગતોનો હજી સર્વસંમત નિર્ણય થઇ શક્યો નથી. એ બધી ચર્ચાઓ બહુ બહુ તો અટકળોના સ્વરૂપની રહે છે, એમ રાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણન્ કહે છે તે યથાર્થ છે.[1] તેમ છતાં ભારતીય પ્રજા અને વિશ્વભરના સાહિત્યરસિકોના ચિત્તમાં તેમના સાહિત્યે રચેલું સ્થાન અપૂર્વ અને અમર છે. એ ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર અને ઉદગાતા એવા રાષ્ટ્રીય National કવિ છે એમ તેમના વિષે કહેવાયું છે.[2] ભારત અને વિશ્વભરના અનેક વિદ્વાનો અને સાહિત્યરસિકોએ મુક્તકંઠે તેમની પ્રશંસા કરી તેમની પ્રતિભા અને સર્ગશક્તિને અંજલિ આપી છે.[3] તેમનું સર્જન વાંચીને " વિગલિત વેદ્યાન્તર" અને "બ્રહ્માનંદ" સહોદર આનંદ - કાવ્યાનંદ - "સદ્ય: પરનિવૃતિ"નો આસ્વાદ લઇને સહૃદયો પણ કવિનાં કાવ્યોની રચનાની ઉત્તમતાથી પુલકિત થતા અને ધન્યતા અનુભવતા આવ્યા છે.

---

૧: The Meghaduta of K. પ્રસ્તાવના પૃ૦૮

૨: ડો. એસ. એસ. ભાવે The National Poet of India.

3: જુઓ પરિશિષ્ટ પહેલું.

સંસારમાં કાવ્યરચનાની શરૂઆત થઇ ત્યારથી આજસુધી જેની કવિતાકલાનું જદુ આવું અપૂર્વ અને અપરિહાર્ય રહ્યું હોય એવા ધન્ય કવિઓની સંખ્યા થોડીજ રહી છે, એમ આચાર્ય આનંદવર્ધન કહે છે તે યથાર્થ છે.

सरस्वती स्वादु अपूर्ववस्तु

निष्यन्दमाना महतां कवीनाम् ।
अलोक सामान्य मभिव्यनक्ति
प्रतिस्फुरन्तं प्रतिमाविशेषम् ।।

અને તેના પર વિવેચન કરતાં કહે છે: येनास्मिन्नति विचित्रसंसारे कालिदास प्रभृतयो द्वित्राः पञ्चषा वा महाकवयः इति गण्यन्ते ।
અર્થાત આ અતિ વિચિત્ર સંસારમાં તેથી, કાલિદાસ વગેરે બે ત્રણ કે : ઉદારતા પૂર્વક કહે છે તેમ: પાંચ છ મહાકવિઓ છે એમ ગણાય છે.

:૪: શ્રી અરવિંદ પણ કાલિદાસને વાલ્મીકિ અને વ્યાસ સાથે ભારતના નૈતિક, બૌદ્ધિક અને વાસ્તવિક[૫] યુગના ત્રણ પ્રતિનિધિ કવિઓમાં સ્થાન આપે છે. કવિશ્રી ઉમાશંકર જોશી તેમને ભારતના રાષ્ટ્રીય કવિ ગણે છે.[૬] પ્રો૦ ભાવે તેમને National Poet ગણાવે છે.[૭] છેલ્લા બે વિદ્વાનો તે કેવી રીતે રાષ્ટ્રીય કવિ છે તેનું વિગતે વિવેચન કરે છે.

---

૪. મહાકવિ કાલિદાસ – ર. છો. પરીખનું વ્યાખ્યાન પૃ૦૧૩
૫. Kalidasa I Series.
૬. The National poet of India – અને મહાકવિ કાલિદાસ ૧૯૬૩ ગુજરાત વિદ્યાસભા પ્રસ્તાવના
૭. એસ. એસ. ભાવે

જેમ ભારતમાં લગભગ છેક કવિના જમાનાથી તેમનું નામ યુગે યુગે કાવ્યરસિકોને પ્રિય થઇ પડયું છે તેમજ પશ્ચિમમાં પણ તેમને અપૂર્વ આદર મળ્યો છે. સર વિલિયમ જોન્સે ઇ૦સ૦૧૭૮૯માં કવિના નાટક અભિજ્ઞાનશાકુંતલનું ભાષાંતર કર્યું ત્યારથી એ જાદુ ત્યાં પણ એવું જ આકર્ષક અને નિત્યનૂતન રહ્યું છે. જગતની બધી જ પ્રમુખ ભાષાઓમાં કવિની કૃતિઓના ભાવાનુવાદ થયા છે – કેટલીક કૃતિઓના તો એકથી વધારે વખત થયા છે. ભારતનો પરિચય બીજા કોઇપણ એક કવિ દ્વારા થયો હોય તેના કરતાં તેમના દ્વારા વધારે થયો છે. શ્રી સીતારામ સહગલ પશ્ચિમમાં કવિની કૃતિઓના અનુવાદે કેવી આકર્ષણ અને ઉત્સાહની ભરતી ચડાવી તે વિગતે નોંધે છે.[૮] દેશના પુનરુત્થાનના સો એક વર્ષોના ગાળામાં પણ સંસ્કૃત તરફ કેવો આદર અને તેના અભ્યાસમાં કેવો રસ પ્રગટ્યો છે તે નોંધે છે. અને કવિની લોકપ્રિયતાનો ખ્યાલ આપે છે. સ્વ૦મહામહિમ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ, સ્વ૦ પંડિત જવાહરલાલ નહેરુ, શ્રી પ્રકાશ, શ્રી પાટસ્કરઆદિએ કવિની જયંતીઓ પ્રસંગે જે ઉદગારો કાઢયા છે, તે પણ તેમનું મહત્ત્વ કેવું છે તેનો ખ્યાલ આપે છે.[૯] તેમની આ પ્રતિભા મહત્તા અને તેમની કૃતિઓમાં ધબકી રહેલા પ્રાણને કારણે તેમને ભારતના રાષ્ટ્રકવિ અને રાષ્ટ્રીય કવિ કહેવામાં આવ્યા છે. કાલિદાસનું આકર્ષક પુરાતન છતાં નિત્યનૂતન છે.

---

૮: રાષ્ટ્રકવિ કાલિદાસ પૃ૦ ૧ થી ૧૯

૯: શ્રી સીતારામ સહગલ. — રાષ્ટ્રકવિ કાલિદાસ.

૧૦: શ્રી ઉમાશંકર જોશી અને પ્રા૦ભાવે.

આવા મહાકવિનાં જીવન, સમય અને સર્જન વિશે મતભેદ પ્રવર્તે છે તે ખેદની વાત છે. વિદ્વાનોએ આ જાણવા માટે જે સંશોધન અને ચિંતનનો પરિશ્રમ કર્યો છે તેના પ્રમાણમાં અત્યંત અલ્પ ફળ મળ્યું છે. અર્વાચીન પદ્ધતિને અનુસારીને તેમના જીવન વિષેની આ વિગતો નક્કી કરી શકાય તેવું તેમાંથી ભાગ્યે જ કંઈ તરી આવ્યું છે. આ વાત સદા ધ્યાનમાં રાખવા જેવી છે. બાહ્ય પ્રમાણો અને કવિના સર્જનના અંતરંગને આધારે એતદ્ વિષયક જે માહિતી તારવી કાઢવાનો પ્રયત્ન થતો આવ્યો છે તે પણ મતમતાંતરોનાં જાળાંમાં અટવાઇ ગયો છે, અને તે વિષે પૂરો સંતોષ થતો નથી.

## સમય

સમય વિષેની ચર્ચા ઘણા લાંબા સમયથી ચાલ્યા કરે છે. તેનો નિર્ણય કરવાનો પ્રયત્ન જુદા જુદા આવા મતોમાં પરિણમ્યો છે. પ્રથમ તે મતો જોઇ જઇએ. તેમાંના ઇ૦પૂ૦ પહેલી સદી અને ઇ૦સ૦ ૪-૫મી સદીમાં કવિ થઇ ગયા છે, એ બે મતોમાં જ હવે આ સમય વિવાદ મર્યાદિત થયો છે અને બાકીના કોઇને કોઇ કારણે વિદ્વાનોને અસ્વીકાર્ય બન્યા છે.

:૧: શ્રી એમ. હિલેબ્રાન્ટ ફોશ કવિને ઇ૦સ૦ પૂર્વની સદીમાં મૂકે છે. તે કહે છે કે કાલિદાસના રઘુવંશ મહાકાવ્યના ૧૯મા સર્ગમાં તે વંશના છેલ્લા રાજા અગ્નિવર્ણનું અત્યંત વિલાસી જીવન અને તેને પરિણામે અકાળ મૃત્યુ નિરૂપાયું છે. તેની ગર્ભવતી રાણીનો પ્રજા અને અમાત્યો રાજ્યાભિષેક કરે છે. તેના મૃત્યુ પછી જન્મેલા પુત્રના કાલિદાસ સમકાલીન હોવા જોઇએ, કેમ કે તેથી એક વંશ આગળ ચાલેલો છે અને તેમાં બીજા ૨૬ રાજાઓ

થયા છે. પણ તેમાંના કોઇના રાજ્યનું કવિએ વર્ણન-નિરૂપણ કર્યું નથી, તેથી તેમને તે વિષે માહિતી પણ નથી.[11]

પણ જો કવિ અગ્નિવર્ણના પુત્રના સમકાલીન હોત તો તેમણે તેના રાજ્યનું વર્ણન તો કર્યું જ હોત. વળી રઘુવંશ પૂર્ણ છે કે અપૂર્ણ તે વિષે પણ મતભેદ છે. એક મતે તેના ૨૬ સર્ગ છે, તો બીજા મતે ૨૫ છે. ૨૫ સર્ગવાળી એક હસ્તપ્રત પણ ઉજ્જનમાં મળી આવ્યાનું કહેવામાં આવે છે. તો કેટલાક માને છે કે તેના માત્ર થોડા શ્લોક[12] અથવા એકાદ સર્ગ ખોવાયો છે[13] પણ કાલિદાસનાં કાવ્યો ઉપર વિખ્યાત ટીકાઓ લખનાર મલ્લિનાથસૂરિ :ઇ૦સ૦૧૪મી સદી: તેને વિષે ક્યાંય કશું સૂચન કરતા નથી, અને ઓગણીસ સર્ગ પર જ ટીકા લખે છે. તેમના સમયમાં તો તે કાવ્ય ઓગણીસ સર્ગનું હતું, એમ મનાતું લાગે છે. આ મતને :ઇ૦સ૦પૂ૦૮મી સદીના: અન્ય વિદ્વાનોનો ટેકો મળ્યો નથી.

## ઇ૦ સ૦ પુર્વે બીજી સદી

ડો સી૦ કુન્હનરાજ તેમનો સમય ઇ૦પૂ૦ ૨જી સદીમાં હોવાનું અનુમાન કરે છે. તેમને મતે કાલિદાસ શુંગવંશના સ્થાપક અને છેલ્લા મૌર્ય સમ્રાટ બૃહદ્રથના સેનાપતિ પુષ્યમિત્રના પુત્ર અગ્નિમિત્રના તથા મહાભાષ્યકર મહર્ષિ પતંજલિના સમકાલીન હતા,[14] કેમકે તેમના નાટક માલવિકાગ્નિમિત્રનું ભરતવાક્ય

त्वं प्रसादसुमुखी भवदेविनित्यं

---

૧૧: As quoted by Dr. M.A. Karandikar

૧૨: ડો. શૈલજા કરંદીકર રઘુ૦ પ્રસ્તાવના પૃ૦ ૧૨- on the strength of,

૧૩: - do -

૧૪: Kalidasa by Prof. G.C. Zala P.20-21

मेतावदेव हृदये प्रतिपालनीयम् । भरतवाक्यम्।
आशास्यमीति विगम प्रभृति प्रजानां
संपद्यते न खलु गोप्तरि नाग्निमित्रे ।।

સામાન્ય ભરતવાક્યો કરતાં જુદા પ્રકારનું છે. સામાન્યરીતે ભરતવાક્યોમાં જે પ્રકારની શાંતિ, સમૃધ્ધિ કે કલ્યાણની અપેક્ષા હોય છે તેવી તેમાં વ્યક્ત કરી નથી. અગ્નિમિત્રનો રાજ્યકાળ છે ત્યારે પ્રજાને ઇતિ વગેરેના નાશની માગણી કરવાની રહેતી નથી, માટે રાણી રાજામાટે સદાપ્રસન્નમુખી રહે તેવી ઇચ્છા વ્યક્ત કરી છે. આમ કરીને કવિ એ અગ્નિમિત્રની પ્રશંસા કરવામાગે છે. વળી મેઘદૂતમાં અલકાનો માર્ગ મેઘને બતાવતાં કવિ કહે છે કે

........विदिशालक्षणां राजधानीम्

તેમાં વિદિશાને વિખ્યાત રાજધાની તરીકે વર્ણવી છે. વિદિશાને અગ્નિમિત્રના પિતા પુષ્યમિત્રના સમયમાં રાજધાની તરીકેનું મહત્વ મળ્યું હતું, અને અગ્નિમિત્ર ત્યાં રહીને આ દિશાનું રક્ષણ કરતો હતો. તેથી કવિ એ સમયની વાત કરે છે.

પણ, આ વાત સામે વાંધા સ્પષ્ટ છે. એક તો, કવિ વિદિશાનો રાજધાની તરીકે ઉલ્લેખ કરે છે, પણ તેમાંથી તેમના જ વખતમાં તે રાજધાની હતી તેવો અર્થ નીકળતો નથી. એક વખત તે રાજધાની હતી એટલું જ સમજાય છે. બાકી મેઘદૂતમાં તો કવિશ્રી- વિશાલા વિશાલા, - ઉજ્જયિનીનો ઉલ્લેખ[15] કરે છે, તેનું ઉષ્માભર્યું વર્ણન કરતાં તેના તરફ પક્ષપાત બતાવે છે. યક્ષ મેઘને કહે છે કે તારો માર્ગ થોડો વાંકો થાય તો પણ તું ઉજ્જયિનીમાં જજે. - નહિ તો લોચનોથી જેવા જેવું જેવાનું રહી જશે, ને ઉજ્જયિનીની સમૃધ્ધિ, સુંદરતા, પૌરાંગનાઓ, સિપ્રા નદી, તેના તરંગો, ભગવાન મહાકાલનું મંદિર, ત્યાંની વૈભવશાળી સાર્થપૂન અને તે

વખતનું વારાંગનાઓનું નૃત્ય, તેમાં તેણે પોતાની ગર્જનાદ્વારા મૃદંગની માફક સાથ પુરાવવો જોઇએ તે, મેઘઘેરી રાત્રિઓએ પ્રિયતમને મળવા જતી અભિસારિકાઓ તરફ કોમળ વર્તાવ કરવાનું સૂચન - આદિ નિરૂપે છે.[16] રઘુવંશમાં ઇંદુમતી સ્વયંવરમાં આવેલા રાજાઓનું પુંવત્પ્રગલ્ભા - પ્રતીહારી સુનંદાના પરિચયનું વર્ણન કરે છે. તેમાં આવેલું અવંતીનાથનું વર્ણન પણ કવિનો તે માટેનો પક્ષપાત પ્રગટ કરે છે. તેથી આ શ્લોકમાં તો તે રાજધાની હતી, તે હકીકતનું સ્મરણ જ છે. ઉપરાંત, એ નાટકમાં અગ્નિમિત્રના પાત્ર-નિરૂપણમાંથી તેનું કોઇ પ્રશસ્યચિત્ર નિર્માતું નથી. તેમાં તો તે રાજમહેલમાં પ્રણયલીલામાં મસ્ત છે. રાજકાજમાં તે પૂરું ધ્યાન આપતો દેખાતો નથી. તેને ધારિણી જેવી પ્રતાપી અને ઇરાવતી જેવી યુવાન રાણી છે, પોતે પ્રૌઢવયનો છે, અશ્વમેધના અશ્વનું રક્ષણ કરનાર સૈન્યનું સેનાપત્ય કરે તેવો યુવાન અને વીર પુત્ર છે, દેશપર વિપત્તિનાં વાદળ ઝઝૂમી રહ્યાં છે, છતાં, તે વખતે તે રાણી ધારિણીની દાસીરૂપે ત્યાં રહેતી માલવિકા જેવી મુગ્ધા કુમારીના પ્રેમમાં પડે છે, રાણી ધારિણીથી સદાય ડરતો રહે છે. ઇરાવતીથી સાશંક રહે છે, તેને મનાવવા તેને પગે પણ પડે છે, તો પોતાનો પ્રણયપ્રસંગ સફળ થાય તે માટે પોતાના અન્યકાર્ય - કામતંત્ર - સચિવને - ગૌતમને-માથે જ બધો ભાર નાખી છે, અને પોતે તો પરિસ્થિતિને વિવશ બનીને વર્તે છે. તેના પાત્રને ઉદાત્ત બનાવવા કવિએ તેનામાં રાજનીતિશાસ્ત્રનું જ્ઞાન અને ઝડપી નિર્ણયો લેવાની શક્તિ નિરૂપ્યાં છે, પણ તેય તેને ગૌરવશીલ બનાવતાં લાગતાં નથી. કદાચ તેને ગૌરવશીલ બનાવવા માટે જ કવિએ તે નિરૂપ્યાં હશે, એમ કહેવામાં આવે કે કવિતેમાં જે બે પત્રો આપે છે તેની વિગતો અને

---

૧૬: મેઘદૂત શ્લોક ૩૦ થી ૩૮

પ્રકૃતિ-અમિત્ર - વિદર્ભરાજ માધવસેન સાથેના પ્રસંગનું નિરૂપણ એટલું તો તાદૃશ છે કે તે સમકાલીન કવિ જ નિરૂપી શકે, તો એમ કહી શકાય, કે કાં તો કવિની કલ્પનાનું ફળ હોય અને તેમાં ઐતિહાસિક તથ્ય ન યે હોય,[17] અથવા તે વખતે એવાં સાધનો હોયપણ ખરાં કે કવિને તે વિગતોની માહિતી મળી હોય.
એટલા જ ખાતર કવિને તે યુગના સમકાલીન માનવા મન-જેટું જેટલું તેને વજન આપવાની જરૂર નથી. ડો. રાજાજીએ એક સ્થળે કહે છે કે[18] સાહિત્યના ઇતિહાસકારો કાલિદાસના કાળ તરીકે આ સમયને સ્વીકારવાનું વલણ સામાન્યરીતે ધરાવતા નથી. કવિના સમય માટે આ એક સૂચન હોવા છતાં તેને વિષે વિદ્વાનોમાં શંકા છે અને તેઓ ઇ૦સ૦ ૪ થી ૫મી સદીને કવિનો સમય માનવાનું વધારે વલણ ધરાવે છે.

## ઇ૦સ૦ પૂર્વે પહેલી સદી

જ્યોતિર્વિદાભરણ નામના કાલિદાસને નામે ચડેલા એક ગ્રંથમાં એક શ્લોક છે.

> घन्वन्तरिक्षपणकेऽ मर सिंहशंकु:
> वेतालभट्ट घटकर्पर कालिदासा:।
> ख्यातो वराहमिहिरो नृपते:सभायाम्
> रत्नानि वै वररुचि र्नव विक्रमस्य ।।

આમાં વિક્રમાદિત્ય રાજાની સભામાં થઇ ગયેલા નવ મહાન માણસો - રત્નોનાં-નામ આપવામાં આવ્યાં છે. તેને આધારે ભારતીય પરંપરા કવિ કાલિદાસને ઇ૦સ૦પૂ૦ ૧લી સદીમાં થઇ ગયેલા શકારિ વિક્રમાદિત્ય અને વિક્રમ સંવત્ના સ્થાપકના સમકાલીન માને છે.

---

૧૭: એ૦ક૦ ઠાકર માલવિકાગ્નિ મનનિકા ટીકા.

૧૮: A survey of SK literature ------ પૃ. ૬૬ થી

કેટલાક પૌરસ્ત્ય તથા પાશ્ચાત્ય વિદ્વાનોનો મત પણ એવો છે. આ મતના સમર્થકોમાં પ્રો.શરદરંજનરાય[20] પ્રો.ઝાલા,[21] શ્રી શેમ્બવનેકર,[22] સર વિલિયમ જોન્સ,[23] શ્રી જી. આર. નંદરગીકર,[24] પ્રો. મેકડોનલ,[25] શ્રી પિટરસન,[26] શ્રી દાસગુપ્તા,[27] શ્રી એમ. આર. કાળે[28] વગેરેનો સમાવેશ થાય છે. તેને અનુસારીને બીજા કેટલાક ભારતીય વિદ્વાનો પણ એમજ માને છે.

પણ જ્યોતિર્વિદાભરણના આ શ્લોકમાં જે નવ વ્યક્તિઓને વિક્રમાદિત્યના રાજ્યદરબારમાં રત્નો તરીકે ગણાવ્યા છે તે એકજ કાળમાં થઇ ગયેલા માનવાનું યોગ્ય જણાતું નથી. પ્રો. વેબર અને તેમને અનુસરીને ડૉ. વિન્ટરનીટ્સ આ શ્લોકનું કશું ઐતિહાસિક મૂલ્ય નથી એમ માને છે.[30] ડૉ. વિન્ટરનીટ્સ કહે છે કે વરાહમિહિરના "પંચસિદ્ધાન્તિકા"ને આધારે તેનો સમય ઇ.સ. ૫૦૫: શક સંવત ૪૨૭: છે. અમરસિંહને કેટલાક વિદ્વાનો છઠ્ઠા શતકમાં માને છે, તો કેટલાક નવમામાં માને છે. તો ~~ઠાકુર~~ પાઠક કહે છે કે તે નવમાં

---

૨૦: શાકુન્તલની આવૃત્તિ - પ્રસ્તાવના : ૧૯૦૮:
૨૧: Kalidasa Chap-1.
૨૨: Journal of Ind. antiq. Vol-10 Part 2 A Puzzle of Indian epigraphy quoted by M.R. Kale.
૨૩: ૨૪-૨૬- Kalidasa the man & his mind
૨૫: His. of Sk. literature Chatterji P. 77 ff.
૨૭: P.
૨૮: શાકુન્તલ વગેરેની પ્રસ્તાવના
૨૯: V.K. Paranjpe - A fresh light on the Meghduta of K. - P. 26-27 ff.
૩૦: As quoted by Winternitz - Hist. Skt. lit. Part III Fasciculus 1 P. 20 ff.

શતકનો અમરદેવનામે કોઇ બીજો જ વિદ્વાન છે.[31] ધન્વન્તરી ઘણા જુના વખતમાં થઇ ગયા. વરરૂચિ અથવા કાત્યાયન પાણિનીના સમકાલીન કે તેમની નજીકમાં થયાનું સમજે છે. કેમકે તેમણે પાણિનીય વ્યાકરણપર વાર્તિક લખ્યું છે, તો પંડિત એન.ભટ્ટાચાર્ય એક લિંગાનુશાસનના કર્તા વરરૂચિ વિક્રમના સમકાલીન હતા એમ માને છે,[32] તથા બીજા એક વરરૂચિ વાક્ય~~ગણિત~~[પ્રદીપ]ના કર્તા હતા તે છઠ્ઠી સદીમાં થયા હોવાનું માને છે. એ શ્લોકમાં ઉલ્લિખિત બીજા કોણ હતા, તેમણે શું કાર્ય કર્યું અને ક્યારે થઇ ગયા તે વિષે ઇતિહાસ મૌન છે. આ સ્થિતિમાં એ શ્લોકનું મુલ્ય કેટલું? તેમ છતાં ભારતીય પરંપરા અનેક રીતે કવિને વિક્રમાદિત્યના રાજદરબારમાં થઇ ગયા માને છે. તેમાં કેટલું તથ્ય છે, અને જો હોય તો તે વિક્રમાદિત્ય કયા એનો નિર્ણય કરવાનો રહે છે, કેમકે ભારતના ઇતિહાસમાં વિક્રમાદિત્ય વિશેષ નામ તો હોયે ખરું, કોઇક વખત, પણ તેનો એકથી વધારે જુદા જુદા રાજામહારાજાઓએ બિરૂદ તરીકે-પરાક્રમનો સુર્ય - એવા અર્થમાં સ્વીકાર કર્યો છે. - તેને ધારણ કર્યું છે એટલે તે વિક્રમાદિત્ય ક્યારે થયા તેનો જો નિર્ણય થાય તો કવિના સમયનો પણ આપોઆપ જ નિર્ણય થઇ જાય.તે વિષે વિગતે આગળ.

### <u>ઇ૦ સ૦ બીજી સદી</u>

પ્રા. વેબર અને લાસેન કવિ ઇ. ૩જા શતકમાં થઇ ગયા એમ માને છે.[33] ભાષા અને સંસ્કૃતિના અંશત: આધારે કવિનાં ત્રણ નાટકોની

---

31: Chatterji - Kalidasa P.55

32: Ib P. 55

33: Chatterjee Page 56

રચનાનો સમય ઇ૦સ૦ બીજીથી ચોથી સદીમાં મૂકવાનું તેમને યોગ્ય લાગે છે. મોનિયર વિલિયમ્સ અને સી. એમ. ટર્નીએ પણ એ મત સ્વીકાર્યો લાગે છે.[34] શ્રી ડી. વી. કેલકરે જ્યોતિષશાસ્ત્રની ગણતરીના આધારે કવિનો સમય ઇ૦સ૦ ૨૦૦નો હોય એમ માને છે. તેમને મતે રઘુવંશના ૧૬મા સર્ગના ૪૦મા અને ૪૪મા શ્લોકમાં આવતા વર્ણન પરથી તેમના સમયમાં દક્ષિણાયન અશ્વિની નક્ષત્રથી ૯૦ અંશ, એટલે કે પુનર્વસુ નક્ષત્રના પોલક્સતારા પાસે થતું હતું. વરાહમિહિરના સમયમાં તે ઇ૦સ૦ ૫૨૦માં તે જ નક્ષત્રના મધ્યમતારા પાસે ૮૬ અંશ અને ૪૦ કલાઓ થતું હતું. એક અયનચલન થવા માટે : ૧૩અંશ ૨૦ કલા: ૯૬૦ વર્ષ લાગે છે. તે એતાં તેને આધારે કવિનો સમય ઇ૦સ૦ ૨૦૦ હોય.

પણ, કાલિદાસ "અગસ્ત્યચરિતા આશા" અને " એટલે જ ચિહ્નાદયનાંતનો ઉલ્લેખ કરે છે, તેનો અર્થ "દક્ષિણાયનથી" એટલો જ લેવો ઘટે છે. તે જ્યોતિઃશાસ્ત્રના વિદ્વાન હતા, એમ માની લઇએ તોપણ અહીં તો કાવ્યરચના કરે છે. ત્યાં એ એટલું બધું સુક્ષ્મ ગણિત આપે છે એમ માનવું વધારે પડતું છે, નિરાધાર પણ છે. તે સામાન્ય ઉલ્લેખ કરે છે એમ માનવું જ યોગ્ય છે. જો તેમને તેવો જ ઉલ્લેખ કરવો હોય તો અયનક્રાંતિવૃત્તમાં બહારના તારક અગસ્ત્યને બદલે પુનર્વસુનો ઉલ્લેખ કરત. ઉપરાંત અયનચલન સુક્ષ્મગતિથી થતું હોવાથી આવા કાવ્યમાં ૧૦૦ – ૧૫૦ વર્ષનો ફરક વધુ મહત્ત્વનો પણ નથી. તેથી તેમનો પૂરાવો કવિને ઇ૦ ૪થી સદીની નજીક લાવી મુકે છે.

---

૩૪: ચૈતરજી – ~~પ્રકરણ~~ પૃ. –૫૭

૩૫: Date of Kalidasa, Orientalist vol-20 ~~Volume~~ Nos. 3 & 4

## ઇ. સ. ૪થી સદી

પ્રા. જેકોબી રઘુવંશ અને કુમારસંભવમાં આવતી જ્યોતિષ વિષયક માહિતીને આધારે તેમનો સમય ઇ. ૩૫૦ પછીનો હોય એમ ગણે છે.[૩૫]

કિલ્હોર્ન માને છે કે તેમને સ્કંદગુપ્તના મંદસોર શિલાલેખના પછી મૂકી શકાય તેમ નથી.[૩૬]

પ્રા. મેકડોનલ તેમના સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં કવિને ઇ. સ. પહેલી સદીમાં મૂકવાનું વલણ બતાવે છે.[૩૭] તો સાથે સાથે તેઓશ્રી પાંચમી સદીમાં ગુપ્તોના સમયમાં થયા હોય એમ માનવાનું સૂચન પણ કરે છે,[૩૮] કેમકે વત્સભટ્ટિની ઇ. સ. ૪૭૩ની, સૂર્યમંદિરનો વણકરોની મંડળીએ જીર્ણોધ્ધાર કર્યો તે પ્રસંગની, પ્રશસ્તિમાં મેઘદૂત અને ઋતુસંહારના વિચારોની છાયા છે એમ તે કહે છે.[૩૯]

## ઇ. સ. ૩૫૦ થી ૪૫૦

આ મતને ગુપ્ત સમયમાં કવિ થઇ ગયા છે એ મત તરીકે પણ ઓળખવામાં આવે છે. તદનુસાર કવિ ઇ૦સ૦ના ચોથા શતકના ઉત્તરાર્ધ અને પાંચમાના પૂર્વાર્ધમાં થઇ ગયા મનાય છે. આના સમર્થકોમાં ડો. વિન્ટરનીસ, ડો. કીથ, ડો. મેકડોનલ, મહામહોપાધ્યાય. વા. વિ. મિરાશી, રમાશંકર ત્રિપાઠી, શ્રીચંદ્રબલી પાંડે, શ્રી ભગવત શરણ ઉપાધ્યાય આદિ પૂર્વ અને પશ્ચિમના ઘણા વિદ્વાનો છે. આ મત જ પરંપરાગત મતને મળતો છે તે રીતે ઘણા વિદ્વાનોનો ટેકો ધરાવે છે. તે વિષે વિગતે વિચાર આગળ કરીશું.

---

૩૫: (૧)ચેટર્જી પૃ. ૫૭
૩૬: ચેટર્જી પૃ. ૫૭
૩૭: ચેટર્જી પૃ. ૫૭
૩૮: ચેટર્જી પૃ. ૫૭
૩૯: સં. સા. નો ઇતિ. પૃ. ૬૨૩-૨૫

## ઇ. પાંચમી છઠ્ઠી સદી

શ્રી કે. બી. પાઠક માને છે કે કાલિદાસ ઇ.ના પાંચમા શતકમાં થઇ ગયા હોવા જોઇએ. રઘુવંશના ચોથા સર્ગમાં આવતા રઘુદિગ્વિજયના વર્ણનમાં રઘુએ યવનો હૂણોનો પરાજય વંક્ષુ નદીને તીરે કર્યો એમ આવે છે. :તેનો બીજો પાઠ સિંધુ પણ મળે છે: ઇતિહાસ પરથી જણાય છે કે ઇુરાનના શાહ બહરામ ગોરે તેમનો પરાજય કર્યો તે પછી તેમણે ઇ.સ. ૪૫૦ લગભગ ત્યાં પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું અને સ્કંદગુપ્તે તેમનો વીરતાપૂર્વક પરાજય કર્યો એ હકીકત ગિરનારના શિલાલેખોમાં :ઇ. ૪૫૦-૬ આસપાસ: આપી છે. એટલે તે બનાવ તેમના રાજ્યની સ્થાપના પછી તાજેતરમાં જ બન્યો હોય.[40] પણ અન્ય પ્રમાણોને આધારે કાલિદાસનો સમય ઇ. ૪થીના ઉત્તરાર્ધ અને પાંચમી સદીના પૂર્વાર્ધનો માનવાને કારણ મળતું હોય તો તે ઉલ્લેખને જ કારણે તેમને ત્યાં સુધી ખેંચી લાવવાની જરૂર નથી. તે વખતે ભારતના લોકો હૂણોથી અપરિચિત હતા એમ માનવાની જરૂર નથી. મહાભારતાદિમાં તેમના ઉલ્લેખો આવે છે. તેથી કાલિદાસ જેવા વિદ્વાન અને બહુશ્રુત કવિ અજાણ હોય એમ માનવું ઉચિત લાગતું નથી. કા.નો ગુપ્ત સમયનો મત અને આ મતની વચ્ચે પચાસેક વર્ષથી વધારે તફાવત પણ નથી.

## ઇ૦ સ૦ છઠ્ઠો સૈકો

પ્રખ્યાત જર્મન વિદ્વાન ડો. મેક્સમૂલર, ફરગ્યુસનને આધારે આ મતને માને છે. ફર૦ માને છે કે ઇ.ની પહેલીથી ત્રીજીસદી સુધીમાં

---

૪૦ : As quoted by Prof. G.C. Zala Chap. I

વિદેશીઓથી પાદાક્રાન્ત થયેલા ભારતમાં સંસ્કૃત સાહિત્યમાં સર્જન પ્રવૃત્તિ મંદપડી હતી. તેપછી પુનર્જાગૃતિનો યુગ આવ્યો, તેમાં કાલિદાસ થઇ ગયા. પણ ડો. ફ્લીટની શોધોનો કારણે આ માન્યતા હવે નિરાધાર લાગે છે. તેમણે શોધી કાઢેલા ગિરનાર અને નાશિકના શિલાલેખો પરથી મંદ સર્જનપ્રવૃત્તિનો યુગ ન હતો અને તેમાં પણ સંસ્કૃતમાં રચના ચાલુ હતી અને તે શૈલી વિકસતી જતી હતી એમ લાગે છે.[૪૧] તેમ છતાં શ્રી ચેટરજી આ મતને માનવાનું વલણ ધરાવે છે.[૪૨] ડો. ભાઉદાજી પણ કવિને આ સમયમાં મૂકવાનું વલણ ધરાવે છે. તે રાજતરંગિણીકાર કાશ્મીરી કવિ કલ્હણને આધારે રાજ. માં ભતૃમેંઠ-ર્ભતૃમેણ્ઠ અને માતૃગુપ્તના ઉલ્લેખ છે, તેમાં માતૃગુપ્તને તે કાલિદાસ માને છે.[૪૩]

શ્રી ચંદ્રવતી પાંડે પોતાના "કાલિદાસ" નામક ગ્રંથમાં આ મતનો વિસ્તારથી ઉલ્લેખ અને વિચાર કરે છે,[૪૪] પરંતુ કાલિદાસ એજ માતૃગુપ્ત હોય તો રાજતરંગિણીકાર તે વાતથી અજાણ હોય તેવો સંભવ નથી. તેમ છતાં તે ક્યાંય તેનું કાલિદાસ નામ આપતા નથી, તેનાં બીજાં જાણીતાં નામોનો પણ ઉલ્લેખ કરતા નથી. તેથી પ્રવરસેન અને માતૃગુપ્તના સંબંધો અને માતૃગુપ્ત યાને કાલિદાસના દૌત્ય અને રાજનીતિશાસ્ત્રના જ્ઞાનથી પ્રસન્ન થઇને વિક્રમે તેમને કાશ્મીરનું રાજ્ય આપ્યું, પ્રવરસેને પરાક્રમ કરીને ત્રિગર્ત જીતી લીધું અને આગળ વધવાનો વિચાર કર્યો ત્યાં વિક્રમના અવસાનના ખબર આવતાં માતૃગુપ્તે કાશ્મીરનું રાજ્ય છોડીને કાશી

---

૪૧: ચેટરજી પૃ. ૫૮થી
૪૨: ચેટરજી પૃ. ૬૦થી
૪૩: ચેટરજી પૃ. ૬૦થી
૪૪: ચંદ્રવલી પાંડે - કાલિદાસ પૃ. ૧

જઇ સંન્યસ્ત લીધું – એવી શ્રી પાંડેએ આપેલી વિગતો[45] બહુ શ્રધ્ધેય લાગતી નથી.

શકોને હરાવનાર વિક્રમાદિત્ય સાથે કા.ને સંબંધ હતો એમ મનાતું આવ્યું છે. તેથી કવિનો સંબંધ માળવાના રાજા યશોવર્મ વિક્રમાદિત્ય સાથે જોડીને તેમને છઠ્ઠા શતકમાં મુકવાનો પણ પ્રયત્ન થયો છે. આ રાજાઓ કારુરના મહાયુધ્ધમાં ઇ.૫૪૪માં શકોને જબરો પરાજય આપ્યો. તે શૈવ હતો. પોતાના વિજયના ઉપલક્ષમાં તેણે વિક્રમ સંવત શરૂ કર્યો,–એક સંવત શરૂ કર્યો તેને વિક્રમ સંવત નામ આપ્યું અને તેને ગૌરવ મળે તે માટે ૬૦૦ વર્ષ પહેલાંથી તેની ગણના શરૂ કરી.[46] શ્રી પેટરજી આ મતનું સમર્થન કરે છે. ચીની મહાન યાત્રી હયુએનસંગ ઇ.છઠ્ઠા શતકમાં ભારત આવ્યો હતો. તેણે દેશના જુદાજુદા ભાગોનું વર્ણન કર્યું છે. તેમાં માળવા (Mo – La – po) નું પણ વર્ણન છે. રાજા શિલાદિત્યની તેણે ઘણી પ્રશંસા કરી છે. તે શિલાદિત્ય તેજ આ રાજા યશોવર્મ વિક્રમાદિત્ય હોવો જોઇએ. એમ આ મતના સમર્થકો કહે છે. મંદસોરમાં તેના બે શિલાલેખો (ઇ.૫૩૨નો એક) મળે છે, તેમાં તેણે રાજાધિરાજ અને પરમેશ્વર બિરદ ધારણ કરેલાં દેખાય છે. રાજતરંગિણી પણ વિક્રમાદિત્યના શકો સામેના પરાક્રમનું વર્ણન કરે છે. તેણે હરાવેલા હૂણોને શક નામ આપવામાં આવ્યું છે. તેણે જ માતૃગુપ્ત નામના કવિને કાશ્મીરનું રાજ્ય આપ્યું હતું. જે માતૃગુપ્તે પ્રવરસેને તે રાજ્યપર દાવો કરતાં તેને ત્યાગીને કાશીમાં સંન્યસ્ત લીધું હતું. તે માતૃગુપ્તને જ કાલિદાસ, અને આ રાજા તે વિક્રમાદિત્ય એમ કહેવામાં આવે છે. તેણે જ વિક્રમાદિત્યની સુચનાથી પ્રવરસેન માટે સેતુબંધ કાવ્ય રચી

---

૪૫: કાલિદાસ પૃ. ૪–૫–૬

૪૬: એજ પૃ. ૨૫ થી

આ ખું હતું. આ વિગતો ઉપરાંત વરાહમિહિર અને કાલિદાસની કૃતિઓમાં भूच्छाया स्वग्रहणे भास्करमर्कग्रहे प्रविशतीन्दुः । ના જેવું જ કાલિદાસ

छाया हि भूमेः शशिनो मलत्वे-
नारोपिता: शुद्धिमतः प्रजाभिः

કહે છે: વરાહમિહિરમાં

सलिलमये शशिनि रवे दीधितयो
मूर्च्छिता तमो नैशम् । છે

તો કાલિદાસ લખે છે :

पुपोषवृद्धिं हरिदश्वदीधिते
रनुप्रवेशादिव बालचंद्रमा: ।

લખે છે. આમાં પ્રથમ શ્લોકાર્ધમાં કાલિદાસ જે વિચાર રજૂ કરે છે તે તો ચંદ્રના અંદરની છાયાને લોકો મળ માને છે, તે તો પૃથ્વીની છાયા જ છે, તેવો ચંદ્રકલંક વિષયક વિચાર છે એમ શ્રી મેકડોનલ યોગ્ય રીતે જ માને છે.[૫૧] ચેટરજી કાલિદાસના સંખ્યાબંધ જ્યોતિષ વિષયક ઉલ્લેખો આપે છે, તેને ઇશ્વરચંદ્રની સાંખ્યકારિકાનું જ્ઞાન છે, પણ તેનાથી ઘણી મોડી રચાયેલી કૃતિ "સાંખ્યપ્રવચનથી" તે અજાણ છે, વરાહમિહિર પ્રોક્ત આ માહિતી કાલિદાસને હતી,

---

૪૭: ચેટરજી પૃ. ૬૫થી

૪૮: રઘુવંશ સર્ગ ૧૪મો

૪૯: બૃહત્સંહિતા, ગ્રહ ચાર વિભાગ ૫૦ રઘુ. ૫૧ સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ પૃ. ૨૪થી.

તથા વરાહમિહિરનો સમય ઇ. છઠ્ઠી સદી નિશ્ચિત છે, એટલે કાલિદાસ પણ તે જ સમયમાં થઇ ગયેલા – તેમના સમકાલીન હોવા જોઇએ એમ પૂરવાર કરવા મથે છે.[૫૦] પરંતુ આપણે જોયું છે કે જ્યોતિર્વિદાભરણનો પહેલો શ્લોક, જેમાં વિક્રમની સભાનાં નવરત્નોનાં નામ આપવામાં આવ્યાં છે તે કૃતિ કાલિદાસની નથી, —આ કવિ કાલિદાસની તો નથી જ. તે ૧૦ સદી પછી રચાઇ છે અને તેમાં જેનાં નામ છે તે વ્યક્તિઓ પણ ભિન્નકાલીન છે, સમકાલીન નહીં. તેમાંથી કેટલીક વ્યક્તિઓનાં નામ સિવાય આપણી પાસે કાંઇ જ નથી. વળી વરાહમિહિરે ભારતીય જ્યોતિઃ–શાસ્ત્રમાં ઋતુઓની શરૂઆત વિષે આવતી ભુલને સુધારી, તે પહેલાં વર્ષાઋતુ શ્રાવણની શરૂઆતમાં શરૂ થતી હતી, તથા કાલિદાસનો યક્ષ આષાઢના પ્રથમ (મુખ્ય ?) દિવસે મેઘને ગિરિશૃંગને આલિંગીને વપ્રક્રીડા માટે નમેલા હાથી જેવો દેખે છે.[૫૧] તે વખતે શ્રાવણ માસ નજીક છે, એમ કહે છે.[૫૨] તે જોતાં તેના (કા.ના) સમયમાં વર્ષાઋતુ આષાઢના અંતમાં શરૂ થતી હતી. આ જોતાં કવિનો સમય વરાહમિહિરે પંચાંગગણના સુધારી તેના પહેલાં હોય – ૧૦૦–૧૫૦ વર્ષ આગળ હોય એમ માનવું ઉચિત છે. તેથી આ મત પણ શ્રદ્ધેય લાગતો નથી.

## ઇ. સ. ૧૧મી સદી

બલ્લાળે સંસ્કૃતમાં ભોજપ્રબંધની રચના કરી છે. પરમારવંશી

---

૫૦: Kalidas his poetry & Mind Page 72

૫૧: મેઘદૂત શ્લોક ૨.

૫૨: મેઘદૂત શ્લોક ૪.

રાજા ભોજરાજના દરબારમાં તે કાલિદાસ, ભારવિ, બાણ, માઘ, ભવભૂતિ, ધનંજય વગેરે કવિઓને મૂકે છે. તેથી કાલિદાસ પણ તેના સમકાલીન હશે એમ શ્રી બેન્ટલી માને છે.[૫૩] રાજસ્થાનના ઇતિહાસના લેખક કર્નલ ટોડ પણ એમ માને છે, તો પ્રો. વિલ્સન નવમી સદીના અમરસિંહ[૫૪] (જે અમરદેવ નામે અન્યકોઇ વ્યક્તિ હતા એમ મનાય છે તે જેવું છે) નો સમકાલીન માને છે.[૫૫] ભોજપ્રબંધમાં કાલિદાસનાં પ્રતિભા, કવિત્વશક્તિ, ચાતુર્ય, શીઘ્રરચના શક્તિ દેવીની ~~કૃ~~ કૃપાથી અજ્ઞાત વસ્તુઓનું તેને થઇ જતું જ્ઞાન, વિદ્વાનો વગેરેની પ્રશંસા તથા સમકાલીનોની ઇર્ષાએ યોજેલા વિષમપ્રસંગોમાંથી તે કેવીરીતે વિજયી બની રહેતો તેનું વર્ણન અને પ્રશંસા કરતા અનેક પ્રસંગો યોજાયા છે, પણ જુદાજુદા સમયમાં થઇ ગયેલા અનેક કવિઓને સમકાલીન ગણાવી કાલવિપર્યયનો દોષ કરતી આ કૃતિને શ્રદ્ધેય ગણી જ ન શકાય. રસિકોને વિનોદ મળે તેવો કાવ્યવિનોદ પૂરો પાડવાનું અને કવિ કાલિદાસનું લોકહૃદયમાં શું ~~સ્થ~~ સ્થાન હતું (આજે છે) તે બતાવવાનું કાર્યતેબજાવે છે, તેટલી જ તેની ઉપયોગિતા ગણવી જોઇએ. આમ કાલિદાસના સમય વિષે ઇ. સ. પૂ. આઠમી અને પહેલી સદીથી ઇ. ૧૧મી સદી સુધીના મતો રજૂ કરવામાં આવ્યા છે. તે બધામાં કેટલાક તો તેને વિક્રમાદિત્યનો સમકાલીન ગણીને જુદાજુદા વિક્રમાદિત્યના સમયમાં મૂકવાના પ્રયાસ છે. પરંપરા ઇ. પૂ. ૫૭માં એવા વિક્રમાદિત્ય થઇ ગયા, ~~પહેલા~~ તે જ પહેલા વિક્રમાદિત્ય હતા, તે તેમનું વિશેષ નામ હતું, અને તેની ભવ્યતાથી

---

૫૩: ચેટરજી પૃ. ૬૩

૫૪: ચેટરજી પૃ. ૧૩

૫૫: ચેટરજી પૃ. ૧૩

આકર્ષાઈને પછીના રાજાઓ - ગુપ્તસમ્રાટ ચંદ્રગુપ્ત બીજો, કુમાર ગુપ્ત, યશોવર્મ, કાશ્મીરનો પણ એક કોઈએક રાજા - આદિ એ ધારણ કર્યું એમ માનવામાં આવ્યું છે, પણ એમ લાગે છે કે વિક્રમાદિત્ય જેમ વિશેષ નામ હોઈ શકે તેમ એક બિરદ પણ હોઈ શકે અને તેનો અર્થ "પરાક્રમનો સુર્ય" એવો હોઈ શકે. એ કાલિદાસનો સમકાલીન વિક્રમાદિત્ય કોણ એ કોયડો ઉકલે તો આ સમયનો કોયડો પણ ઉકલી જાય.

ઈ. પૂ. ૧લી સદી અને ઈ. ૪થી સદી એ બે કાલિદાસનો સમય હોવાનો સંભવ મોટા ભાગે સ્વીકારાયો છે અને બીજા મતો સ્પર્ધામાં અસફળ નીવડ્યા છે,[૫૬] તો હવે તે બે મતનો વિશે વિચાર કરીએ.

## ઈ. સ. પૂ. પહેલી સદી

પ્રિ. શરદરંજન રોય કા. નો સમય ઈ. પૂ. પહેલી સદીમાં માને છે, કેમ કે[૫૭] પરંપરાથી એમ મનાતું આવ્યું છે અને પરંપરા સામાન્યરીતે સત્યને જ અનુસરે છે.

તે કહે છે કે કા. ગુપ્ત સમયમાં થયા એ મતના સમર્થનમાં અપાતા પુરાવાઓને કોઈ સબળ આધાર નથી. તે પ્રમાણો પ્રતીતિકર લાગતાં નથી.[૫૮]

કાલિદાસના ગ્રંથોમાં ગુપ્ત રાજાઓના ઉલ્લેખો મળતા નથી કેમ કે,

---

Kalidasa - a study

૫૬: પ્રા. ઝાલા પૃ. ૧

૫૭: શાકુન્તલની પ્રસ્તાવના

૫૮: શાકુન્તલ પ્રસ્તાવના પૃ. ૧

:अ: ગોપ્તા શબ્દ કે ગુપ્ ધાતુના કે તેમાંથી સિધ્ધ થતા શબ્દો પરથી અનુમાન તારવવાં એ યોગ્ય નથી. એ તેમ કરીએ તો રામાયણ મહાભારતના ઘણા શ્લોકોમાંથી વિચિત્ર અનુમાનો તારવવાં પડે.[59]

:આ: કવિને ગુપ્ત સમયમાં માનીએ તો હૂણો તે વખતે બેકટ્રિયામાં હતા. રઘુના યુધ્ધનાં વર્ણનોમાંથી તે ફલિત થતું નથી. વંક્ષુ પાઠપર પણ ઘણો આધાર રાખવામાં આવ્યો છે. પણ "સિંધુ" પાઠ પણ મળે છે. વંક્ષુ હાલની ઓક્સસ હોવાની દલીલ થઇ છે. પણ તેમ હોવાનો સંભવ નથી; સિંધુનું મૂળ ગંગાના ઉગમની નજીક જ છે, જ્યારે ઓક્સસનું મૂળ તેથી ૭૭ માઇલ દૂર છે અને તે આરલ સાગરમાં મળે છે. વિષ્ણુપુરાણ અને અન્યગ્રંથોમાં વંક્ષુ અને સિંધુ બંનેનાં વર્ણનો છે તે ઉપરથી પણ તે એક જ હોય તેમ લાગે છે.[60] તેથી તે આધારે કવિ પાંચમા સૈકામાં થયાનું માનવું ઉચિત નથી.[61]

ઇ.સ. ૧૯૦૯-૧૦માં ભારતના પુરાતત્ત્વ ખાતાને અલ્લાહાબાદ પાસે "ભીટા"માંથી એક Medallian મળી આવ્યું છે. તેમાં જે દૃશ્ય છે તેમાં કેન્દ્રમાં બે માણસો છે, જે રાજા દુષ્યન્ત અને તેનો સારથિ હોઇ શકે. તેને હરણને ન મારવાની વિનંતી કરનાર તપસ્વી પણ છે. એક પર્ણકુટી છે. તેની આગળનાં વૃક્ષોને પાણીપાતી એક કન્યા છે. જે શકુન્તલા હોઇ શકે. Medallian શુંગ વંશના વખતનું લાગે છે. તેથી તેમાંનું આ દૃશ્ય શાકુન્તલના પ્રથમ અંકનું છે. અને તેને નિર્ણાયક પ્રમાણ ગણવું જોઇએ. પણ તે રિપોર્ટમાં જ[62] એવો

---

૫૯: શાકુન્તલ:પ્રસ્તાવના પૃ. ૭-૮ અને ટિપ્પ. સં. શરદરંજન રાય.

૬૦: એજ પૃ. ૮

૬૧: એજ પૃ. ૯-૧૦

૬૨: એજ પૃ. ૯-૧૦

સંદેહ પ્રગટ કરવામાં આવ્યો છે કે તે મેઠેલિયન કદાચ ભગવાન બુદ્ધના જીવનનો પ્રસંગ પણ રજૂ કરતું હોય.[63]

:૫: કા.ની કૃતિઓની શૈલી પણ ઇ.પૂ. પહેલી સદીના મતને સમર્થન આપે છે. સરળતા, સંક્ષેપ, સામર્થ્ય, લાંબા સમાસોનો પ્રાય: અભાવ અને સરળગદ્ય એ એનાં લક્ષણો છે. તે મહાભારતના ગદ્યથી ઘણું નજીક લાગે છે. કવિના જમાનાનાં ગદ્યનાં સામાન્યલક્ષણ જેવી વ્યાકરણ વિષયક લાક્ષણિકતાઓ તેમાં દેખાય છે. તે કદાચ તેની વ્યક્તિગત વિશેષતાઓ પણ હોઇ શકે. પ્રાચીન સમયનું ગદ્ય અને રચનાશૈલી સ્વાભાવિક હોય છે. જેમ જેમ સમય પસાર થતો જાય છે તેમ તેમ તે વધારે ક્લિષ્ટ અને કૃત્રિમ બને છે. એમ સંસ્કૃત સાહિત્યનો સામાન્ય વિચાર કરતાં લાગે છે. અશોકના શિલાલેખની સરળ પ્રાકૃતને પડે છે, રુદ્રદામનના ગિરનારના શિલાલેખની કે ૪થી સદીની હરિષેણની અલ્લાહાબાદ પ્રશસ્તિની ભાષાનો વિચાર કરતાં આ વસ્તુ સ્પષ્ટ થાય છે. સુબંધુ, બાણ આદિની શૈલી તેને વધુ સમર્થન આપે છે.[64]

:૬: પાણિનીય વ્યાકરણના કેટલાક નિયમો કવિ પાળતા દેખાતા નથી. જેમ કે :૧: પરમેષ્ઠિન્ ને તે સંજ્ઞાશબ્દ તરીકે વાપરતા નથી. પણ છઠ્ઠી સદીનો કોશકાર અમર તેને સંજ્ઞાશબ્દ ગણાવે છે.[65]

:૨: ૮મી સદીમાં વામન "પેલવ" શબ્દને અશ્લીલ ગણાવી તેનો ઉપયોગ કરવાનું અનુચિત લેખે છે. કાલિદાસમાં તે શબ્દ વારંવાર વપરાયો છે. અને જાણે કવિનો પ્રિય શબ્દ છે.

:૩: તેજ રીતે અશ્વઘોષ "કિમુત" ના અર્થમાં વાપરેલો

---

૬૩: એજ પૃ. ૯-૧૦

૬૪: એજ પૃ. ૧૦-૧૨

૬૫: પૃ. ૧૨ શા. પ્રસ્તાવના

શબ્દ કાલિદાસે વાપર્યો છે, પણ પછી બીજાઓએ તે અર્થમાં વાપર્યો નથી. આ શબ્દ પ્રયોગની પરંપરા બદલવામાં ઘણો સમય ચાલ્યો ગયો હોય.[૬૬]

:૪: કવિ વ્યાકરણની દૃષ્ટિએ "ગ્રાહી" શબ્દનો બીજી વિભક્તિનાં બે પદ અને એક પદ સાથે ઉપયોગ કરે છે. દ્વિર્થક શબ્દ વાપરે છે, ત્યાં તે શબ્દને છંદ માટે એ રૂપમાં વાપરવાની જરૂર નથી. પછીના સમયમાં તો તે વૈદિક રચનામાં જ વપરાય એમ નક્કી થયું હતું.[૬૭] :૫: "गच्छन्ती" ને સ્થાને गच्छती પ્રયોજે છે. :૬: मन्दं मन्दं नुदति॰ પ્રયોગ પા.ના વ્યાકરણ પ્રમાણે તો मन्दमन्दं હોવો જોઈએ. :૭: વ્યાકરણના નિયમો પ્રમાણે પરોક્ષ ભૂતકાળના પ્રયોગોમાં

तं पातयां प्रथममास ।
प्रभ्रंशयां .........................चकार ।
संयोजयां......................... विधिवदास ।

જેવા પ્રયોગો કરે છે. તે બરાબર નથી. ત્યાં પ્રકૃતિ અને પ્રત્યયને છૂટા ન પાડવા જોઈએ. તેથી પાણિનિના વ્યાકરણના નિયમોનું શાસન દૃઢપણે સ્વીકારવા લાગ્યું તે પહેલાંના સમયમાં તે થયા હોય, કેમકે વૈદિક અને સામાન્ય ભાષા- વ્યવહાર વચ્ચેના સ્થિર થયેલા ભેદને પણ અનુસરતા નથી.[૬૮]

:૭: શાકુન્તલનું ભરતવાક્ય, તેમાં પ્રવર્તતી રાજકીય, સામાજિક સ્થિતિ અને નાન્દીમાંથી મળતો પૂરાવો પણ ઇ. ૧લી સદીનું સૂચન કરે છે.

---

૬૬: એજ.

૬૭: પૃ. ૧૨ શા. પ્રસ્તાવના - શરદરંજન રાય॰

૬૮: પૃ. ૧૪-૧૫-૧૬ શા. પ્રસ્તાવના - શરદરંજન રાય

શાકુંતલના ભરતવાક્ય

प्रवर्ततां प्रकृतिहिताय पार्थिवः
सरस्वती श्रुतिमहतां महीयताम्।
ममापि च क्षपयतु नीललोहितः
पुनर्भवं परिगतशक्तिरात्मभूः ।।

પરથી લાગે છે કે તે વખતે રાજાઓ પ્રજાના હિતમાટે પ્રયત્ન નહીં કરતા હોય. વિદ્વાનોની વાણીને માન પણ નહીં મળતું હોય. વિક્રમાદિત્યના વિજય અને સુશાસનની વ્યવસ્થા પહેલાં બૌદ્ધોની પ્રબળતા, નાસ્તિકતા, શિરજોરી, બ્રાહ્મણધર્મની અવહેલના, રાજાઓની સ્વાર્થી અને પ્રજાહિતવિરોધી નીતિનું આમાં સ્મરણ છે.[69]

શાકુન્તલની નાન્દીમાં प्रत्यक्षाभिः प्रपन्नः तनुभिरवतु वः ताभिरष्टाभिरीश માં ભગવાન શંકરને "પ્રત્યક્ષ" આઠ શરીરવાળા કહ્યા છે. તે આસ્તિક કવિનો નાસ્તિક બૌદ્ધોને જડબાતોડ જવાબ છે.[70] શાકુન્તલના છઠ્ઠા અંકના પ્રવેશકમાં રાજાના વીંટીસાથે પકડાયેલા ધીવરને તેના ધંધામાટે સૈનિકો મશ્કરીમાં ઉડાવે છે તેના બચાવમાં તે કહે છે :

सहज किल विनिन्दितं नहि कर्मतत्त्वर्जनीयम् ।
पशुमारणकर्मदारुणोऽनुकम्पा मृदुरेव श्रोत्रियः।।

તેમાં વૈદિક યજ્ઞોમાં થતી હિંસાની નિન્દા કરનારા બૌદ્ધોને દુભાયેલા કવિનો જવાબ હોવાનો સંભવ છે.[71] મૃગયા અને ભયત્રસ્ત

---

૬૯: શાકુન્તલ પ્રસ્તાવના પૃ. ૧૫-૧૬

૭૦: એજ પૃ-૬૫

૭૧: પૃ. ૧૬-૧૭

મૃગનું વર્ણન પણ કવિએ તેમને - તેમની લાગણીને પ્રહાર કરવા માટે કર્યું હોય.[૭૨]

ભરતવાક્યમાંથી જાણે બ્રાહ્મણધર્મનું પાલન તે પ્રજાહિત અને બૌધ્ધધર્મનું પાલન તે તેનું અહિત - માટે બ્રાહ્મણ ધર્મને ઉત્તેજન આપવું જોઇએ એવો ધ્વનિ નીકળે છે.

ચોરી કરવા માટે પકડાયેલા ધીવરને મૃત્યુદંડ દેવા.. સૈનિકો અધીરા થાય છે. ઘણા જુના સમયમાં ચોરીના અપરાધમાટે મૃત્યુદંડ થતો, પણ જેમ જેમ સમય વહેતો ગયો તેમ તેમ તે સજા હળવી કરવામાં આવી હતી.[૭૩]

સંસ્કૃતમાં સ્મૃતિકારોએ દાયભાગમાટે જે વ્યવસ્થા આપી છે તેમાં ઘણા જુના સમયમાં માણસ અપુત્ર મરણ પામે તો તેનો વારસો તેના ભાઇઓ, પત્ની, ભાઇઓના પુત્રો, દીકરી, ભાણેજ અને છેવટે ચોથી પેઢી સુધીના સગાઓને મળે એમ કહ્યું છે. શા.ના છઠ્ઠા અંકમાં સાગર સફર કરી આવેલા વ્યાપારી અપુત્ર ધનમિત્રના નૌકાદુર્ઘટનામાં મૃત્યુને કારણે તેના ધનનું શું કરવું તે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. અમાત્યનો અભિપ્રાયતો તે ધન રાજભંડારમાં આવવું જોઇએ એવો છે. તે રાજા પાસે અંતિમ નિર્ણય માટે કાગળો મોકલે છે. રાજા પોતાની વિશિષ્ટ માનસિક સ્થિતિને કારણે, જુદો નિર્ણય આપે છે તે જુદીજ વાત છે. આ નિયમ હકીકતમાં ધનલોભી મૌર્યોના વખતમાં હતો તે પહેલાં અને અને ઇ.સ. ત્રીજી સદી પછી ન હતો. મૌર્યો ધનલોભી હતા. ધનપ્રાપ્તિના જુદા જુદા માર્ગો તેમણે શોધ્યા - સર્જ્યા હતા અને પોતાના હેતુને સિધ્ધ કરવા દાયવિભાગના નિયમોમાં ફેરફાર કરાવ્યો હતો. મૂર્તિઓ બનાવવા - વેચવાનો ઇજારો પણ રાજ્યે લીધો હતો. આ

---

૭૨: એજ.

૭૩: એજ.

વાત બ્રાહ્મણપરંપરાથી વિરોધી છે. શુંગોએ તે બદલાવવાનો પ્રયત્ન કર્યો હોય તે પછી એ બદલાઇ હોય. તેથી કા. ના સર્જનનો ગાળો મૌર્યસમય પછી તેમની વ્યવસ્થાની અસર પહોંચતી હોય તે સમયનો છે. ઇતર બાબતોમાં બ્રાહ્મણની પરંપરાના પ્રશંસક અને સમર્થક કાલિદાસે, નહિં તો આમ ન કર્યું હોય.[૭૪]

:૮: પ્રાચીન શિષ્ટ (Classical) સાહિત્યમાં કવિ અશ્વઘોષે બુદ્ધચરિત અને સૌન્દરનન્દમ્ નામક બે મહાકાવ્યો રચ્યાં છે. તેની અને કા. ની શૈલીમાં નોંધપાત્ર સામ્ય છે. તેથી એ બેમાં પહેલું કોણ, અને કોની કોના ઉપર કેટલી અસર છે, એ પ્રશ્ન ઉભો થાય છે. કાળનો સમય ઇ. પૂ. પહેલી સદીમાં મૂકવાના વલણવાળા અશ્વઘોષને કાળ પછી થયેલા માને છે. અશ્વઘોષમાં ભાષાનું સ્વરૂપ વધારે નિશ્ચિત બન્યું છે. પાણિનિના વ્યાકરણની અસર નીચે આવ્યું છે. બુદ્ધચરિત સર્ગ બીજામાં અશ્વઘોષ પાણિનિસંમત અનેક રૂપો પ્રયોજે છે. વૈદિકરૂપો તો લગભગ લુપ્ત છે.[૭૫] તેથી કોવેલ કાલિદાસને અશ્વઘોષ પછી માને છે. તે પ્રત્યે પ્રિ. રોય આશ્ચર્ય વ્યક્ત કરે છે.[૭૬] રઘુવંશના ૭મા સર્ગના ૫ થી ૧૨ શ્લોકોમાં અજઇન્દુમતીના નગરપ્રવેશ વખતે તેમને જોવા માટે સ્ત્રીઓ સંભ્રમયુક્ત ધસારો કરે છે તેનું કા. નું ચિત્ર સંપૂર્ણ અને વધુ કલાત્મક છે. અશ્વઘોષે

---

૭૪: શ્રી વી. કે. પરાંજપે
મેઘદૂત પૃ. ૨૬૮ થી અને દાસ ગુપ્તા A his. of SK Literature પૃ. ૭૪૮ થી

૭૫: શા. પ્રસ્તાવના પૃ. ૧૯-૨૧

૭૬: એજ પૃ. ૨૧.

બુદ્ધચરિતમાં બુદ્ધના નગરભ્રમણ વર્ણનનું તેવું જ ચિત્ર દોર્યું છે, તે ઓછું કલાત્મક છે. કાલિદાસે રઘુવંશના ૭મા સર્ગનો ૧૧મો શ્લોક અશ્વઘોષના વર્ણનના શ્લોક ૧૯-૨૦ને આધારે રચ્યો છે.[૭૭] એ કોવેલના વિધાનના જવાબમાં રોથ કહે છે કે આ વિષય જ એવો છે કે તેમાં સાદૃશ્ય - અસાદૃશ્યને આધારે કોઇ નિર્ણાયક મત ન આપી શકાય. સ્ત્રીઓ બુદ્ધ, શિવ કે અજના દર્શન માટે પડાપડી કરે તે તો માનવ સ્વભાવનો એક મહત્ત્વનો અંશ છે. કા. પોતાનાં સર્જનમાં બે વખત[૭૮] એવું નિરૂપણ કરે છે. જો તેમણે અશ્વઘોષમાંથી વિચારો લીધા હોત તો તે બે વખત આ ચોરેલા માલ નું "પ્રદર્શન" કરત ખરા? અશ્વઘોષ ભાષાપ્રભુત્વ ધરાવે છે પણ વિચારનું દારિદ્ર્ય તેમાં વધુ છે. બુદ્ધના નગરપર્યટનની તૈયારી તો દિવસોથી ચાલતી હતી તેથી કાલિદાસનાં કાવ્યોમાં સ્ત્રીઓ જે ઉતાવળ કરે છે તેની ઉતાવળ કરવાનું અહીં તેમને કારણ દેખાતું નથી.

ઉપરાંત કુમારસંભવમાં ઔષધિપ્રસ્થ નગરમાં ભગવાન શિવ હિમાલયને ત્યાં જાય છે. તે નગરયાત્રાના પ્રસંગે નગરનારીઓ કહે છે :

या दास्यमप्यस्य लभेत नारी।
सा स्यात्कृतार्था किमुताङ्कशय्याम् [૭૯]

તેની ટીકારૂપે જ અશ્વઘોષ

शुद्धैर्मनोभिः खलु नान्यभावात् ।

એવા જ પ્રસંગોમાં ઉમેરે છે. જો અશ્વઘોષ કાલિદાસ પહેલાં થયા હોત તો આમ ન બનત.

---

૭૭: શાકુન્તલ - પ્રસ્તાવના પૃ. ૨૨. કોવેલનો મત

૭૮: રઘુવંશ સર્ગ ૭ અને કુમાર સંભવ સ. ૭ ૬૫-૬૮.

૭૯: કુમાર સર્ગ ૭ શ્લોક ૬૫.

પ્રથમ તો કા.ના નિરૂપણમાં સ્ત્રીઓ કોઇ અશુભવૃત્તિથી બોલે છે તેવો ધ્વનિ નથી. હકીકતમાં તો પાર્વતીના મહાભાગ્યને જ તે વખાણે છે, છતાં તે છે એમ માની લઇએ, તો કા.નું તે રઘુવંશ પહેલાં રચાયેલું કાવ્ય હોઇ તેમા શરતચૂક થઇ હોય અને કવિએ તે રઘુવંશમાં સુધારી લીધી હોય એમ કેમ નહીં? વળી અશ્વઘોષ બૌદ્ધ કવિ છે. તે પોતાના ધર્મનાં ગૌરવ અને પ્રચાર અર્થે જ કાવ્યો રચે છે. એટલે તેની મનોવૃત્તિની સાધુતાને કારણે જ આવા મનોભાવને વાચા આપતી વખતે તેણે સરળ સ્વાભાવિક રીતે જ આમ કહ્યું હોય. તેને કા૦ પર આક્ષેપ કે ટીકા માની લેવાનું કાંઇ જ કારણ નથી.

:૯: માલવિકાનું ભરત વાક્ય, કવિ તેના સમયમાં થયા હોય એવી રીતે રચાયું છે. તેમાં "गोप्तरिग्निमित्रे।" અને संपत्स्यते। જેવાં પદો છે. તેથી એમ મનાવવાનો પ્રયત્ન થયો છે, પણ કા૦ને ઇ.પૂ. પહેલી સદીમાં મૂકીએ તોયે ૫૦-૧૦૦ વર્ષનો ગાળો તો બે વચ્ચે પડી જાય છે, તેથી વર્તમાનનું રૂપ સમકાલીનતા બતાવવા વપરાયું હોય એમ માનવા જેવું રહેતું નથી.

:૧૦: પ્રતીહારી સુનન્દા ઇન્દુમતી સ્વયંવરમાં પાંડય રાજ્યનો પરિચય આપતાં "ઉરગપુર" નો ઉલ્લેખ કરે છે. તે ઉરૈયુરનો હોઇ શકે. [૮૦] પાંડયો ઇ.સ.ની પહેલી શતાબ્દિ સુધી દક્ષિણમાં સર્વોપરિ હતા એ જાણીતું છે. રઘુદિગ્વિજયમાં પણ તેમના વર્ણનમાં એ જ ભાવ છે. [૮૧] રઘુએ યવનોને અફઘાનિસ્તાનમાંથી હાંકી કાઢવાનો ઉલ્લેખ પણ ત્યાં મળે છે. [૮૧:અ:] ઇ.સ.ની ૪થી પાંચમી સદીમાં ત્યાં યવનો ન હતા પણ ઇ. સ. પૂર્વે ત્યાં વાયવ્યમાં યવન રાજ્ય

---

૮૦: રઘુ સર્ગ ૬, શ્લોક ૫૯થી

૮૧: રઘુ સર્ગ ૪, શ્લોક ૪૯

૮૧:અ: રઘુવંશ ૪, શ્લોક ૬૦ થી ૬૫

હતું.[૮૨]

:૧૦: પ્રા. કે. બી. પાઠકે वंक्षुतीरनिवेष्टनैः એ પાઠ સ્વીકારીને તેને આધારે કા. નો સમય ઈ. સ. પાંચમી સદીનો હોવાનો તર્ક કર્યો છે. પણ તેનો બીજો પાઠ "સિંધુ" પણ છે. કવિ ભારતનું વર્ણન કરતાં નાની નાની નદીઓના ઉલ્લેખ કરવાનું પણ ચૂકતા નથી. તો સિંધુ જેવી મહાન નદીને ભૂલેજ શાના? કાલિદાસે જ સર્વપ્રથમ "लग्नकुंकुमकेसरान्" માં કાશ્મીરના કેસરનો ઉલ્લેખ કર્યો છે.[૮૩] કાશ્મીરમાં કેસર મોટા પ્રમાણમાં થતું હતું તે જાણીતી વાત છે. કાલિદાસ જેવા વિશિષ્ટ અને દેશપ્રેમી કવિના ધ્યાન બહાર આ વાત જ ન હોય, તેથી वंक्षु ને બદલે "सिंधु" પાઠ વધારે યોગ્ય લાગે છે. કવિ હૂણોનો ઉલ્લેખ કરે છે. માટે જ તેમને ઈ. ૪થી પાંચમી સદીમાં મૂકવાની જરૂર નથી. હૂણોતો મહાભારતના રચનાકાળથી જ પરંપરાથી ઉલ્લેખ પામતા આવ્યા છે. એટલે કવિ તેમનો પરિચય ધરાવતા હોય. વળી કાલિદાસ કાવ્યરચના કરે છે. દેશની ભૌગોલિક સીમાઓની સ્થિતિનો ખ્યાલ આપવા બેઠા નથી તે યાદ રાખવું જોઈએ.[૮૪]

:૧૧: બૃહત્કથા અને તેમાં સંસ્કૃત રૂપાંતરો, કથાસરિત્સાગર, બૃહત્કથા શ્લોક મંજરી, બૃહત્કથા શ્લોક સંગ્રહ વગેરેમાં બૃહત્કથા મૂળતો આપણી પાસેથી પણ કથાસરિત્સાગર એક વિક્રમાદિત્યની વિગતો આપે છે.[૮૫] તેમાં પિતાનું નામ મહેન્દ્રાદિત્ય હતું, તે ઉજ્જયિનીમાં રાજ્ય કરતા હતા, સૂર્યવંશી હતા; કવિએ રઘુવંશમાં સૂર્યવંશનો જ મહિમા ગાયો છે. તે આ સદર્ભમાં નોંધપાત્ર છે.[૮૬] : કવિએ પોતાના એક વિખ્યાત નાટકનું નામ "વિક્રમોર્વશી" રાખ્યું છે. તેમાં વિક્રમ નામનું કોઈ પાત્રનથી. "વિક્રમ વડે પ્રાપ્ત થઈ છે

---

૮૨: શાકુ. પ્રસ્તાવના રોય પૃ. ૩૦
૮૩: રઘુવંશ સર્ગ ૪ -શ્લોક ૬૭
૮૪: રોય પૃ. ૩૦ થી, અને પ્રા. જી. સી. ઝાલા પ્ર. ૧લું
૮૫: કથાસરિત્સાગર વિષમશીલ લંબક પૃ. ૧૨૨૫થી (ગુજરાતી અનુવાદ) ભા. ૨ : ગુ. પ્રેસ: :૮૫અ: વિક્રમોર્વશી અંક-૧

ઉર્વશી જેમાં" એવો તેનો અર્થ લેવો પડે છે. સામાન્ય રીતે કવિ સરળ નામો વાપરે છે, તેમણે આ નાટક માટે આવું નામ કેમ યોજ્યું? તેનો ખુલાસો તેમને વિક્રમ સાથે સંબંધ હતો એજ છે. નાટકમાં પણ તેમણે વિક્રમ શબ્દ દરેક વખત વાપર્યો છે તેમાં જ अनुत्सेक: खलु विक्रमालंकार:। [૮૫:અ:] અને दिष्टया महेन्द्रोपकार पर्याप्तेन विक्रममहिम्ना वर्धते भवान् । [૮૬] એ તેમનો વિક્રમ સાથેનો તથા વિક્રમનો મહેન્દ્ર સાથેનો સંબંધ સુચવે છે.

:૧૨: શ્રી વી. કે. પરાંજપે ઉજ્જયિનીના ગર્દભિલ્લ વંશની આવી જ વિગતો આપે છે, જે કે તેના સંદર્ભમાં તે કહે છે કે વિક્રમ (ઇ.પૂ. ૧લી સદી) ની ઐતિહાસિકતા શંકાથી પર તો નથી જ.[૮૭] પણ પ્રાચીન ગ્રન્થોમાં તે સમયના ઇતિહાસની જે વિગતો મળે છે તેમાંથી ભલે ધૂંધળું પણ એક ચિત્ર તો પ્રગટ થાય છે. તે મુજબ તેનો પ્રાચીન ઇતિહાસ આવો છે:

આંધ્ર સાતવાહન રાજાઓએ શુંગો પાસેથી ઉજ્જયિની અને થોડા સમય પછી આગળ વધીને વિદિશા જીતી લીધાં. શુંગોના છેલ્લા સમયમાં કણ્વોએ તેમની પાસેથી મગધ પણ જીતી લીધું હતું.[૮૮] તે વખતે સાતવાહનોના આ બે પાંખિયા ધસારાના કારણે મધ્યભારતનો પ્રદેશ તેમની સત્તા નીચે આવ્યો હોય. એ સત્તા જરા ઢીલી થતાં, તેમના સામંતો તરીકે ઉજ્જનમાં ગર્દભિલ્લ નામનો રાજવંશ સ્થિર થયો હોય. તેનો કોઇરાજા મહેન્દ્રાદિત્ય નામનો હોઇ શકે. આ વાતને એક બીજી દિશામાંથી પણ સમર્થન મળે છે. જૈનપરંપરામાં એક કાલકાચાર્યનું કથાનક છે. તેની બેન સારસ્વતીનું આ રાજાએ અપમાન

---

૮૫:અ: વિક્રમોર્વશી અંક ૧

૮૬: એજ.

૮૭: A fresh light on K's Meghaduta Page 266

૮૮: એજ ૨૬૮-૨૭૨ થી.

કર્યું. તેથી રોષે ભરાયેલા કાલકાચાર્યે લાંબો પ્રવાસ ખેડી ઉત્તરમાં પંજાબ આગળથી શકોને ઉજ્જયિની જીતી લેવાનું પ્રલોભન આપી ત્યાં આણ્યા. તેમણે ચઢાઈ કરી ઉજ્જન જીતી લીધું. (ઇ.પૂ. ૬૧) પણ મહેન્દ્રના પુત્ર વિક્રમે તૈયારી કરી ફરીને ઇ.સ.પૂ. ૫૭માં જીતી લીધું. આ મહાન વિજયના સ્મારક તરીકે તેણે પોતાનો સંવત ચલાવ્યો હોય. પુરાણોમાં આવી કથાઓ હોય છે, તે પૌરાણિક હોવાના કારણે જ સાચી માનવા જેટલા ચુસ્ત થવાની કે તે જ કારણે શંકાશીલ થવાની જરૂર નથી. બીજાં પ્રમાણોને આધારે તેમના સંભવાસંભવ વિચારીને જ નિર્ણય કરવો જોઇએ. તે રીતે વિચારતાં પુરાણોમાં મળતા છૂટા છવાયા માહિતી ખંડોને એકત્ર કરીએ તો ઉજ્જનનું રાજ્ય પૂર્વમાં શુંગો, દક્ષિણમાં સાતવાહનો, અને ઉત્તરમાં શકોથી વીંટળાયેલું હતું. શુંગો નબળા પડતાં જ સાતવાહનોએ દક્ષિણમાંથી લંબાઇને તે જીતી લીધું. તેમનો જાપ્તો નરમ પડતાં ત્યાં તેમનો કોઇ સરદાર સ્થાનિક રાજવંશ સ્થાપી શક્યો – એમ લાગે છે. ઇ.પૂ. ૧લી સદીમાં માળવામાં આ આંધ્રસત્તા જામી હશે. શુંગ સત્તા આથમી ત્યારે ત્યાં એક શિશુક (સીમુક) રાજા રાજ્ય કરતો હતો, એમ પુરાણો કહે છે. તે પહેલાં સાતવાહન રાજા હોઇ શકે. પુરાણો ગર્દભિલ્લ વંશના ૭(સાત)રાજાઓએ ત્યાં ૮૭ વર્ષ રાજ્ય કર્યું કહે છે. તેમને ઉજ્જયિનીની સાથે નહીં પણ સાતવાહનો સાથે સાંકળે છે. હવે જે પુરાણો ઉત્તર ભારતના બનાવોનું વર્ણન કરે છે તે ધ્યાનમાં રાખીને વિચારીએ તો ઉત્તરમાં ગર્દભિલ્લો આંધ્રોના અનુયાયી તરીકે માળવાના રાજાઓ બન્યા હશે, એમ સમજાય છે. રેપ્સન પણ કાલકાચાર્ય કથાનકને શક્ય ગણી માનવામાં સિથિયન સત્તા કેવી રીતે જામી તેનું તેમાં સૂચન જુએ છે.[૮૯]

---

૮૯: એજ, પૃ. ૨૫૪થી.

શ્રી પરાંજપેએ મેઘદૂતમાં વર્ણવેલ રામગિરિ કયો તે વિષે પુષ્કળ શ્રમ લઇ સંશોધન કર્યું છે. અને ત્યાં એક આડવાત તરીકે કાલિદાસના સમયમાં વર્ષાઋતુ આષાઢના અંત કે શ્રાવણની શરૂઆતમાં શરૂ થતી હતી, એમ બતાવ્યું છે, તે પ્રતીતિ કર લાગે છે. તે મુજબ બબ્બે હજાર વર્ષે ભારતીય ઋતુઓ એક એક માસ પાછી રહે છે. - વહેલી શરૂ થાય છે તે જોતાં કવિનો સમય આજથી બે હજાર વર્ષ પૂર્વે હોય એમ બતાવે છે.[૯૦] તેથી आषाढस्य प्रथमदिवसे [૯૧] એ પાઠ તથા ~~अंतसाढस्य प्रथमदिवसेन~~। प्रत्यासन्ने नभसि दयितविप्रयुक्तः स कामी। [૯૨] એ પાઠ બરાબર છે. મેઘદૂતનો યક્ષ મેઘને જુએ છે ત્યારે વર્ષા શરૂ થઇ ગઇ છે. " प्रथम " નો અર્થ 'મુખ્ય' લઇ શકાય. પ્રથમ પાઠ સ્વીકારીએ તો પણ અષાઢનો પ્રથમ દિવસ - પૂર્ણિમા અર્થ લઇ શકાય. તો જ શ્રાવણમાસ નજીક આવ્યો છે એ કથન સંગત બને છે, કેમ કે ઉત્તર ભારતમાં મહિના પૂર્ણિમાન્ત ગણાય છે. તે દિવસ વર્ષારંભનો હોઇને પણ મુખ્ય ગણાયો હોય.

: ૩: એક બીજીરીતે પણ આ વાતનો તાળો મળી શકે છે:

मासानन्यान्गमय चतुरो लोचने मिलयित्वा।
पश्चादावां विरहगुणितं तं तमात्माभिलाषं
निर्वेक्ष्यावः परिणतशरच्चंद्रिकासु क्षपासु॥ [૯૦]

આ શ્લોકમાં પૂર્ણ જ્યોત્સ્નાના પ્રકાશથી પ્લાવિત રાત્રિઓમાં તેને ભેગા થયેલા અભિલાષોને શરદઋતુમાં માણવાની યક્ષ આશા

---

૯૦: એજ પૃ. ૩૫૭ થી

૯૧: મેઘદૂત, શ્લોક ૨

૯૨: મેઘદૂત, શ્લોક ૪

૯૩: એજ : ઉત્તરમેઘ: શ્લોક ૧૦૭ સાહિત્ય અકાદમીની આવૃત્તિ

રાખે છે. મારો શાપ ચાર માસ પછી દેવપ્રબોધિની એકાદશીએ પૂરો થવાનો છે, માટે તારે ચાર માસ આંખો મીંચીને ગાળી નાખવી જોઈએ એમ યક્ષ કહે છે. તે રાત્રિઓ શરદની છે. પૂર્ણપ્રકાશવાળી છે. તેથી કારતકની પૂર્ણિમા આસપાસની છે. દેવપ્રબોધિની એકાદશીથી પાછે પગલે ગણતાં ચારમહિને આષાઢ સુદ ૧૧ આવી રહે છે. તે પણ "પ્રથમ" દિવસ પાઠને અનુમોદન આપે છે.[૯૪] વળી જૂના સમયમાં વર્ષા શ્રાવણમાં શરૂ થતી હતી તે વાતને पूर्वोयं वार्षिकोमास: श्रावण सलिलान्गम:[૯૫] એ રામાયણમાં, શ્રીરામ વર્ષાના સૌન્દર્ય અને પોતાની વિરહવેદનાનું લક્ષ્મણપાસે વર્ણન કરે છે, તે કથન પરથી પણ સમજાય છે. આથી કાલિદાસના સમયમાં

વર્ષા: શ્રાવણ ભાદરવો,

શરદ: આસો કારતક,

હેમંત: માગશર પોષ,

શિશિર: માહ ફાગણ,

વસંત: ચૈત્ર વૈશાખ, અને ગ્રીષ્મ: જેઠ આષાઢ, માં એમ જણાય છે. ચૈત્રને મધુ અને વૈશાખને માધવ નામ આપવામાં આવ્યાં છે. તે પણ આ સાથે સંગત છે. સૂર્યસંક્રાંન્તિ પ્રમાણે શિશિર તા. ૧૪મી જાન્યુઆરીથી શરૂ થાય છે. પૃથ્વીની સૂર્યની આસપાસની ગતિથી શિશિર તા. ૨૨ ડિસેમ્બરે શરૂ થાય છે. તે હાલની સ્થિતિ સાથે સંગત નથી. તેનું કારણ વરાહમિહિરે છેલ્લો આ અસંગતિ ભાગવાનો પ્રયત્ન કર્યો તે પંદરસો વર્ષ પહેલાં થયો છે, પછી કોઈએ તેમાં સુધારો કર્યો નથી. તે છે. એ પણ આ વિચારણાને સંગત છે. વર્ષા પણ હવે આગળ ખસતાં

---

૯૪: પરાંજપે, પૃ. ૨૫૭

૯૫: રામાયણ, કિષ્કિંધાકાંડ, ૨૬, ૧૪

૨૨મી જૂન લગભગ શરૂ થાય છે. તે પ્રત્યક્ષ અનુભવ પણ તે જ જણાવે છે. તેથી કાલિદાસે વર્ણવેલો વર્ષાગમનનો સમય આશરે બે હજાર વર્ષ પહેલાંનો છે. તે સાબિત થાય છે.[૯૬]

મંદસોર શિલાલેખના "માલવ ગણ સ્થિતિ" શબ્દોનું અર્થઘટન કરતાં ફ્લીટે માલવ રાજ્યપધ્ધતિ ગણતંત્રાત્મક હતી એમ કહ્યું તેથી કેટલીક ગેરસમજ થઇ છે. માલવ કે વિક્રમ સંવત પ્રજાએ શરૂ કર્યો મનાય છે. પણ ડો. શેમ્બવણેકરે બતાવ્યું છે કે તેનો અર્થ માલવાનાં ગણનાપધ્ધતિ: કરવો જોઇએ. તેથી વિક્રમને આ સંવત શરૂ કર્યાનો તેનો યશ પાછો મળે છે.[૯૭] વિક્રમાદિત્ય નામ પહેલાં તો વિશેષનામ જ હશે, અને પછી બિરદ તરીકે વપરાવા લાગ્યું હશે. કેસર અને ઝાર બિરુદોની બાબતમાં પણ એમ બન્યું છે. માટે ઇ. પૂ. ૧લી સદીમાં વિક્રમાદિત્યનામે વ્યક્તિવિશેષ થયો હોવો જોઇએ.[૯૮] રાજપૂત પરંપરામાં તેનો ઉલ્લેખ મળે છે. અને લોકમાનસમાં પરંપરાથી ચાલી આવેલી ગદ્ય-પદ્યાત્મક વાર્તાઓમાં તેનું નામ એક મહાપરાક્રમી, ઉદાર, પરદુ:ખભંજન રાજા તરીકે ચાલ્યું આવે છે. માટે તેને માત્ર કાલ્પનિક વ્યક્તિ ગણી કાઢવાનું શક્ય નથી.[૯૯] આ પરંપરાગત સમયની પરંપરામાં માનનાર વિદ્વાનો આ દલીલોને આધારે વિક્રમાદિત્યના સમકાલીન તરીકે કાલિદાસને ઇ. સ. પૂર્વે ૧લી સદીમાં થયેલા માને છે.

ઇ. ચોથી પાંચમી સદી

આની સામે, કાલિદાસના સમય વિષેની બીજી પ્રબળ માન્યતા

---

૯૬: પરાંજપે પૃ. ૨૫૪ થી

૯૭: પરાંજપેપૃ.૨૫૮ અને ઝાલા પૃ. ૧

૯૮: કા. ના મેઘદૂત પર નવો પ્રકાશ પૃ. ૨૫૮, પ્રા. જી. સી. ઝાલા પૃ. ૧

૯૯: કાલિદાસના મેઘદૂત પર નવો પ્રકાશ પૃ. ૨૫૮ થી

ગુપ્તરાજાઓના સમયમાં : ઇ. ૪થી સદીના ઉત્તરાર્ધ અને પાંચમી સદીના પુવાર્ધ – ઇ. સ. ૩૫૦ થી ૪૦૦: માંતથઇ ગયા છે, તે છે. તેને ડો. કીથ[૧૦૦] ડો. વિન્ટરનીટસ[૧૦૧] મહામહોપાધ્યાય વા. વિ. મિરાશી[૧૦૨] શ્રી ભગવત શરણ ઉપાધ્યાય[૧૦૨:અ:] શ્રી ચંદ્રબલી પાંડેય[૧૦૨:બ:] શ્રી મેકડોનલ[૧૦૨:ક:] શ્રી રમાશંકર તિવારી[૧૦૩] શ્રી સીતારામ સહગલ[૧૦૪] શ્રી બલવંતરાય ક. ઠાકોર[૧૦૫] વગેરે અનેક ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનો આ મતને માને છે. તેમના કથન મુજબ કા. ઇ. ૩૮૦ આસપાસના અરસામાં થયા હશે.

કા. ની પૂર્વસમય મર્યાદા ઇ. પૂ. ૧લી સદી, તેમ અપર મર્યાદા ઇ. ૪-૫મી સદી અનેક પ્રમાણોથી નક્કી થઇ છે. ૪-૫મી સદી નક્કી થવામાં ઇ. ૬૩૪નો એહોલ શિલાલેખ, બાણે કરેલો ઉલ્લેખ અને તેથીયે પહેલાં ઇ.સ.૪૭૨ની વત્સભટ્ટિની પ્રશસ્તિ મહત્વનાં પ્રમાણો છે. રવિકીર્તિ કહે છે :-

---

૧૦૦: History of SK Literature P.79

૧૦૧: History of SK Literature Part III Fascilus I P.

૧૦૨: કાલિદાસ, પ્ર. ૧, ૨.

૧૦૨:અ: કાલિદાસકા ભારત, ૧-૨ અને કાલિદાસ ઔર ઉનકા યુગ

૧૦૨:બ: કાલિદાસ ૧ થી ૬૦

૧૦૨:ક: A his.of SK Literature ગુ. ભાષાંતર

૧૦૩: મહાકવિ કાલિદાસ, પ્ર. ૧

૧૦૪: રાષ્ટ્ર કવિ કાલિદાસ.

૧૦૫: માલવિકા – ભાષાંતર મનનિકા ટીકા

येनायोजि नवें वेश्मस्थिरमर्थविधौ
विवेकिना जिनवेश्म ।
स विजयतां रविकीर्तिः
कविताश्रित कालिदास भारवि कीर्तिः ।। ૧૦૫

તે બતાવે છે કે ઐહોલ શિલાલેખ (ઇ. ૬૩૪) પહેલાં કાલિદાસનો કીર્તિકિસ્સર થઇ ચૂકો હતો. પણ ઇ. ૪૭૨માં વણકરોની એક મંડળી એ મંદસોરમાં એક સૂર્યમંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો તે પ્રસંગે રચાયેલી વત્સભટ્ટિની પ્રશસ્તિપર ઋતુસંહાર અને મેઘદૂતની વિચાર અને ભાષાવિષયક કાલિદાસની છાયા પડી છે, એમ વિદ્વાનો માને છે. જેમ કે :

चलत्पताकान्यबला सनाथा -
न्यत्यर्थ शुक्लान्यधिकोन्नतानि।
तडिल्लता चित्रसिताभ्रकूट
तुल्योपमानानि गृहाणि यत्र ।। ૧૦૭

विद्युत्वन्तं ललितवनिता सेन्द्रचापं सचित्रा:
संगीताय प्रहतमुरजा: स्निग्धगंभीरघोषम्।
अन्त: तोयं मणिमयीभुवस्तुंगमभ्रंलिहाग्रा:
प्रासादास्त्वां तुलयितुमलं यत्र तैस्तैर्विशेषै:। ૧૦૮

માં સામ્ય છે તથા

स्मरवशगत तरुणजनवल्लभांगना
विपुलकान्त पीनोरु ।
स्तनजघन घनालिंगन
निर्भर्त्सित तुहिन हिमपाते ૧૦૯

(૩૩)

સાથે

---

૧૦૬: ઐહોલ શિલાલેખ
૧૦૭: વત્સભટ્ટિકૃત પ્રશસ્તિ શ્લોક ૧૧
૧૦૮: ઉત્તરમેઘ મેઘદૂત શ્લોક ૬૬
૧૦૯: વત્સભટ્ટિકૃત પ્રશસ્તિ શ્લોક ૩૩

स्वप्नंति शीतं परिभूय कामिनः ।।[११०]

સામ્ય છે. મંદસોરની પ્રશસ્તિના શિખાઉ કવિએ તે માટે પોતે પ્રયત્ન કર્યાંનું સ્વીકાર્યું છે. કા૦ જેવા સમર્થ કવિ અને સાહિત્યકારના સર્જનમાંથી તેને પ્રેરણા મળ્યાનું માની શકાય, કવિને તેની રચનામાંથી પ્રેરણા મળી હશે એમ નહીં. આ સમય સુધીમાં કા૦ની કીર્તિ સારા પ્રમાણમાં ફેલાઇ હશે. ઇ. ૪૭૩ પહેલાં તે વિખ્યાત થઇ ચૂક્યા હશે. એમ ડો. કીથ માને છે.[૧૧૧]

મેઘદૂતના ૧૪મા શ્લોકમાં કવિ નિચુલ અને દિઙ્નાગના ઉલ્લેખો કરે છે એમ વિખ્યાત ટીકાકાર મલ્લિનાથ માને છે. તે શ્લોક આ છે.

अद्रेः शृंग हरति पवनः किं स्विदित्युन्मुखीभिः
दृष्टोत्साहश्चकित चकितं मुग्धसिद्धांगनाभिः
स्थानादस्मात्सरस निचुलादुत्पतोदङ्मुखस्त्वं
दिङ्गनागानां पथि परिहरन्स्थूल हस्तावलेपान्।।

તેની ટીકામાં મલ્લિનાથ લખે છે रसिको निचुलो नाम महाकविः कालिदासस्य सहाध्यायी .............................. અને दिङ्नागाचार्यस्य . . . . . . कालिदासस्य प्रतिपक्षस्य हस्तावलेपात्[११३] એટલે કે કાલિદાસનો નિચુલ નામનો

---

૧૧૦: ઋતુસંહાર શ્લોક ૯, સર્ગ ૫મો

૧૧૧: A.B. Keith A History of Sk Literature P.79 and foot note on the same page giving more references.

૧૧૨: }
૧૧૩: } M.R. Kale ની આવૃત્તિ પૃ. ૧૨.

રસિક મિત્ર મહાકવિ સહાધ્યાયી હતો. તે તેના પરના આક્ષેપોને દૂર કરતો. બૌદ્ધ નૈયાયિક દિઙ્નાગ તેનો પ્રતિપક્ષી અને વિરોધી ટીકાકાર હતો. આ દિઙ્નાગ ઇ. છઠ્ઠી સદીમાં એક બૌદ્ધ નૈયાયિક હતો એમ મનાતું હતું. તે આધારે કવિને પણ તે સદીમાં ગણવાનો પ્રયત્ન થતો, પણ દિઙ્નાગનો સમય વિવાદથી પર નથી. કીથતો તેને જેનો સમય ૪થી સદી ગણાય છે તેવા: સમુદ્રગુપ્તના અમાત્ય વસુબન્ધુનો શિષ્ય માની ચોથા શતકમાં મૂકે છે.[૧૧૪] તો આસંગ નામના એક બીજા આચાર્યના શિષ્યતરીકે તે છઠ્ઠી સદીમાં પણ મૂકાય છે.[૧૧૫] પણ કાલિદાસે નિચુલ અને આ દિઙ્નાગનો ઉલ્લેખ કર્યો લાગતો નથી. કેમ કે તેમને આ રીતે શ્લેષ વાપરવાની ટેવ નથી. તથા બૌદ્ધ દિઙ્નાગને કાલિદાસ સાથે શા માટે અણબનાવ હોય તે સમજાતું નથી. કેમ કે બેઉનાં કાર્યક્ષેત્ર જ જુદાં હતાં. પ્રા. એ. મૅકડોનલ કવિને પાંચમાં શતકમાં ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય બીજાના સમય આસપાસ મુકવાનું વલણ ધરાવે છે.[૧૧૬]

ડો. કીથ મંદસોર અને એલહોલના લેખોને આધારે તેમને ઇ. સ. ૪૭૩ પહેલાં પ્રખ્યાત થઇ ગયેલા માની ઇ. ૪૦૦ આસપાસ થઇ ગયા ગણાવે છે.[૧૧૭] યશોધર્મે વિક્રમાદિત્ય નામ ધારણ કરેલું માટે તે તેમના સમયમાં ઇ. ૬ઠ્ઠી સદીમાં થઇ ગયા હશે એવી માન્યતાને અસંતોષકારક ગણે છે.[૧૧૮] વત્સભટ્ટિ અને હરિષેણની

---

૧૧૪: Keith, P. 27

૧૧૫: એજ

૧૧૬: સં. સા. નો ઇતિહાસ, ભાષાંતર પૃ. ૪૨૪-૫

૧૧૭: History of Sk. litetature પૃ. ૭૭થી

૧૧૮: એજ.

રચનાઓનો, તે સમયની કાવ્યશૈલીનો તથા ગુપ્તકાળની રાજકીય ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક, સિક્કાવિષયક, શિલ્પકલાવિષયક વગેરે વિગતોનો ખ્યાલ આપીને હરિષેણની શૈલી સાથે કવિની શૈલી મળતી આવે છે, એમ ગણાવી, આ નિર્ણય પર તે આવે છે.તે કહે છે[૧૧૯] "સદ્દભાગ્યે બે પ્રશસ્તિઓના સંરક્ષણથી ગુપ્તકાલની કવિતાના વિષયમાં અંતર્દષ્ટિ નાખવાનું શક્ય બને છે. બે વચ્ચે સોએક વર્ષનું અંતર છે. પ્રથમતો,અલાહાબાદના એક સ્તંભપર કોતરેલી હરિષેણરચિત સમુદ્રગુપ્તની પ્રશસ્તિ. તે સંભવત: ઇ. ૩૪૫ની છે. બીજી છે ઇ. ૪૭૩-૭૪ માં લખેલી મંદસોરના સૂર્યમંદિરની વત્સભટ્ટિની પ્રશસ્તિ. માત્ર. આ બે લેખ જ એ બરાબર સિધ્ધ કરવા માટે પૂરતા છે કે ગુપ્તસામ્રાજ્ય કાળમાં વિકસિત કાવ્યના પ્રકારની કવિતાનું અસ્તિત્વ હતું. પ્રથમ પ્રશસ્તિનો લેખક હરિષેણ સમુદ્રગુપ્તનો પરરાષ્ટ્રમંત્રી અને સેનાપતિ હોવા છતાં એક વિશિષ્ટ પ્રતિભાશાળી કવિ હતો.

તેની કવિતામાં ગદ્યપદ્ય બેઉને સ્થાન હોવા છતાં લેખમાં તેને કાવ્યનામ આપ્યું છે. તેની રચના સુબન્ધુ અને બાણના ગદ્યકાવ્યમાં સ્વીકૃત રાજાઓના વર્ણન જેવી છે, જેમાં બધું એક જ લાંબા વાક્યમાં ભરેલું હોય છે, જે એક પછી એક આવતાં સંબંધ વાચક ગૌણ વાક્યો - વિશેષણો અને વર્ણનાત્મક શબ્દોનું બને છે. આ પ્રશસ્તિમાં પૂરી કવિતા એક જ વાક્ય છે. તેમાં પહેલાં આઠ પદ્ય (કવિતા)માં : છે. પછી ગદ્યમાં લખાયેલું એક લાંબુ વાક્ય અને અંતમાં એક સમાપ્તિનો શ્લોક આવે છે. કવિતાની કલ્પના પણ તેના બાહ્યરૂપથી ઓછી જટિલ નથી, કેમકે કવિનું કલ્પનાચાતુર્ય સ્તંભને સમ્રાટની કીર્તિસાથે જોડવામાં જરૂરી પ્રયત્ન સમોવડું છે. કાવ્યની સામાન્ય પરંપરા પ્રમાણે કીર્તિને સ્ત્રીરૂપ માની છે. આખા

---

૧૧૯: એજ.

સંસારનું આલિંગન કર્યા પછી " તેને માટે સ્થાન જ રહેતું નથી, તેથી તે સ્તંભને માર્ગે સ્વર્ગમાં ગઇ છે. ત્યાં તે સ્વર્ગંગાના રૂપમાં પ્રગટ થઇ છે. તે જ નદીની માફક પવિત્ર તે કીર્તિ દ્યુલોક, પૃથ્વી અને અંતરીક્ષને ભરી દે છે. છંદ પણ ઓછો જટિલ નથી. સાત શ્લોકમાં ચાર છંદ. સ્રગ્ધરા, શાર્દૂલ – વિક્રીડિત, મંદાક્રાંતા, અને પૃથ્વી છે. શૈલી નિશ્ચિતરૂપે વૈદર્ભી છે. પદ્યમાં લાંબા સમાસ નથી. પણ ગદ્યમાં તે ભરપૂર છે. એક (સમાસ) માં દસ અક્ષર છે, પણ તે સમજવા મુશ્કેલ નથી એમ કહેવું જોઇએ. શબ્દાલંકારોમાં અનુપ્રાસનો પ્રયોગ છે, પણ ઘણા થોડા અર્થાલંકારોમાં રૂપકોનો સૌથી વધુ અને ઉપમા તથા શ્લેષનો સૌથી ઓછો છે. જેમ કે, "સમુદ્રગુપ્તની વર્ણનમાં સ્વજનોના ઉદય અને દુર્જનોના વિનાશ હેતુરૂપ અચિંતનીય પુરુષ અને તે રીતે અચિંત્ય પરમપુરુષની પ્રતિમૂર્તિ, જે પરમપુરુષમાં ભલાઇ બુરાઇ બન્ને રહે છે અને જે સૃષ્ટિની ઉત્પત્તિ તેમ વિનાશનું કારણ છે," પણ હરિષેણ આવા પ્રયોગ બહુ ઓછા કરે છે. પોતાની કુશળતા ચાતુર્યયુક્ત નવીન કલ્પનાઓમાં પ્રગટ કરે છે. લાંબા સમાસોની વચ્ચે નાના શબ્દો વાચકને શ્વાસ લેવાનો અને શ્રોતાઓને અર્થ સમજવાનો સમય આપે છે, તે સાવધાનીથી પ્રગટ કરે છે. છંદનો વધુમાં વધુ પ્રભાવ પ્રગટ કરવા સમાસને વધુમાં વધુ ચાતુર્યથી શણગારવામાં ~~વધુ પ્રભાવ પ્રગટ~~ તેનું કૌશલ દેખાય છે, શબ્દોની સુંદર પસંદગી અને તે શણગારવાનું ચાતુર્ય પદ્યમાં પણ એટલું જ દેખાય છે. તેમાંનું એક તો સર્વશ્રેષ્ઠ ભારતીય પ્રભાવોત્પાદક ચિત્રોમાં મૂકવા જેવું છે.

आर्यो हीत्युपगुह्य भावपिशुनैः सत्कर्णितै रोमभिः
सभ्येषूच्छ्वसितेषु तुल्यकुलजम्लानाननोद्वीक्षितः
स्नेहव्याकुलितेन बाष्पगुरुणा तत्त्वेक्षिणा चक्षुषा
यः पित्राभिहितो निरीक्ष्य निखिलां पाह्येवमुर्वीमिति।।

વત્સભટ્ટિની રચના તેનાથી ઘણી ભિન્ન છે. તે એક સાધારણ કવિ હતો. એક પ્રાંતીય નગરના રેશમના વણકરોના સંઘમાટે રચના કરી મહેનતાણું લેવામાં તેને સંતોષ હતો. પોતાના સમયમાં કાવ્યના પ્રચારમાટે તેણે વાપરેલું "પૂર્વી" વિશેષણ પર્યાપ્ત પ્રમાણ છે. ત્યારની કવિતાથી પરિચિત લોકો તે પૂર્વી શબ્દ સાથે "પ્રશસ્તિ" સમજી લેતા. તે પોતાની રચના સાવધાનીથી અને શ્રમપૂર્વક થઇ છે, એમ કહે છે, અને તે સત્યમાટે જરૂરી સાક્ષી પણ છે. આમ કહી તેની કવિતાની શ્રમસાધ્યતાનો પરિચય આપીને ડો. કીથ આગળ કહે છે:[૧૨૦]

"એ પ્રશસ્તિ સંસ્કૃત કાવ્યના વ્યાપક અનુશીલનનું મૂલ્યવાન પ્રમાણ પૂરું પાડે છે, અને ભારતના મહાનતમ કવિનો સમય નક્કી કરવામાં ચોક્કસરૂપે સહાય કરે છે. આથી એ સિદ્ધ થાય છે કે કાલિદાસે પોતાનાં કાવ્યો રચ્યાં તે પહેલાં ઘણા સમયથી આપ્રકારની રચનાઓ આ શૈલીમાં થતી આવી હશે અને ભાષા અને શૈલી યોગ્ય રીતે ઘડાયાં હશે. ડો. કીથ, કાલિદાસ, ચંદ્રગુપ્ત બીજા અને કુમારગુપ્તની વચ્ચેના સમયમાં થઇ ગયા ધારે છે. અશ્વમેધપરાક્રમ, વીણાવાદનપટુ, કવિમિત્ર, રૂપકૃતી, અને વિદ્વત-પરિષદ સમક્ષ પરીક્ષા આપનાર, સમ્રાટ ચંદ્રગુપ્તના પિતા, સમુદ્રગુપ્ત પછી થોડો સમય રાજ્ય રામગુપ્ત પાસે રહ્યું હશે, અને તેની કાયરતા અને મૂર્ખતાને કારણે તે પશ્ચિમના માલવા અને સુરાષ્ટ્રના શક રાજાના સંઘર્ષમાં પોતાની પત્ની ધ્રુવદેવીને સોંપી દેવાની શરતે છુટકારો મેળવવા જેવી હીન સંધિ કરવાની સ્થિતિમાં મૂકાયો હશે.[૧૨૧] પણ તેના મહાપરાક્રમી અને સમ્રાટ સમુદ્રગુપ્તે પોતાના

---

૧૨૦: Keith ½ History of SK Literature P.79 ff.

૧૨૧: વિશાખદત્ત – દેવીચંદ્રગુપ્તમ્

ઉત્તરાધિકારી તરીકે પસંદ કરેલા[122] પુત્ર ચંદ્રગુપ્તે સાહસ કરીને તે શક રાજાને મારીને[123] પશ્ચિમ ભારતમાં પોતાની સત્તા સ્થાપી. તે રીતે પશ્ચિમના દેશો સામ્રાજ્યની સત્તા નીચે આવતાં તેના સમયમાં ઉજ્જયિનીમાં રાજધાની બનાવવાની આવશ્યકતા ઉભી થઇ હશે. ચંદ્રગુપ્તનું રૂપકૃતી બિરદ, તેણે આપેલી વિદ્વત્ પરિષદ સમક્ષની પરીક્ષા, વગેરે વિગતો સાચી લાગે છે. અને તેનો કાવ્યસાહિત્યકલા-સંસ્કાર પ્રેમ સૂચવે છે. તેથી કવિને ગુપ્તકાળના ઉત્કર્ષથી જુદા પાડવાનું મુશ્કેલ છે.[124] "તે અશ્વઘોષ અને નાટકકાર ભાસ પછી થયા છે, ગ્રીક શબ્દોથી પરિચિત છે. તેમનાં નાટકોની પ્રાકૃત નિશ્ચિતરૂપે અશ્વઘોષ અને ભાષની પ્રાકૃતો પછીની છે, અને તેમને ગુપ્ત સમય પહેલાં મૂકી શકાય નહીં.[125] રઘુના દિગ્વિજયમાં તેમને તે મહાન ગુપ્ત સમ્રાટોના દિગ્વિજયનો પડઘો લાગે છે.

કા. ગુપ્ ધાતુ અને તેમાંથી બનેલા શબ્દો તથા કુમાર શબ્દ વારંવાર વાપરે છે. કુમારસંભવ મહાકાવ્યને કુમારગુપ્તના જન્મ સાથે સંબંધ છે. તેજ રીતે વિક્રમોર્વશીના વિક્રમાદિત્યનો ઉલ્લેખ પણ અસંગત નથી.[126] રઘુવંશમાં રઘુએ હૂણોને "વંક્ષુ" નદીને કિનારે હરાવ્યા તે બરાબર છે, કેમ કે સ્કંદગુપ્તે તેમને હરાવ્યા તે પહેલાં ત્યાં તેમણે રાજ્ય સ્થાપ્યું હતું. દિઙ્ગનાગના ઉલ્લેખ વિષેનો મલ્લિનાથનો મત સાચો હોય તો એ કવિને ઇ.૪૦૦ પછી મૂકવાની જરૂર નથી. :એ કે તે ઉલ્લેખને સાચો માની લેવાની યે જરૂર નથી: કેમકે મલ્લિનાથે કવિવિષે હજારેક વર્ષ પછી કરેલા

---

૧૨૨: હરિષેણની પ્રશસ્તિ.

૧૨૩: દેવીચંદ્રગુપ્તમ્ - વિશાખદત્ત

૧૨૪:
૧૨૫: } Keith History of Sk. Literature P. 75
૧૨૬:

આ ઉલ્લેખ માટે તેની પાસે શું પ્રમાણ હતાં તે આપણે જાણતા નથી.[૧૨૭]

ડૉ. વિન્ટરનિટ્સ પણ ગુપ્ત સમયનો સંસ્કૃતિનો ઈતિહાસ આપે, ગુપ્તોના પ્રભાવ, દેશવ્યાપી શાંતિ, સુવ્યવસ્થા, સમૃદ્ધિ સાહિત્ય વિષયક, સાંસ્કૃતિક, બૌદ્ધિક પ્રવૃત્તિઓ, સમ્રાટ સમુદ્રગુપ્તનો કલાપ્રેમ, વીણાવાદનપટુતા, કવિરાજ બિરુદ, અને કવિમિત્ર હોવાનો ઉલ્લેખ કરીને તેનો સમય જેમ ભારતીય ઈતિહાસનો તેમજ સંસ્કૃત સાહિત્યનો પણ સુવર્ણયુગ હતો એમ જણાવે છે.[૧૨૮] તે અને હેમેશચંદ્ર ચટ્ટોપાધ્યાય ભોટાના . . ના પુરાવાને સ્વીકારતા નથી. માત્ર અશ્વઘોષે કાલિદાસનું અનુકરણ કર્યું છે, એમ સાબિત થાય તો જ કવિનો સમય ઈ. પૂ. ૧લી સદીમાં મુકવા માટે એક સબળ પુરાવો થાય એમ કહે છે.[૧૨૯] પણ તેમને મતે અશ્વઘોષે બ્રાહ્મણ નમુનાઓનું અનુકરણ કર્યું હોવાને વધુ સંભવ છે. :(આ વ્યક્તિગત અભિપ્રાય હોવા છતાં સંગત લાગે છે): કેમકે તેને વાલ્મીકિના રામાયણનો પરિચય હતો. બુદ્ધના ગૃહત્યાગ પછીની રાજા શુદ્ધોદનની દશા શ્રી રામવનવાસ વખતની દશરથની મનોદશાનું અને સુંદરીની નંદના ગૃહત્યાગ પછીની મનોદશા શ્રી રામના વનવાસ તૈયારી વખતની સીતાની મનોદશાનું સ્મરણ કરાવે છે.[૧૩૦] શૈલીની દૃષ્ટિએ પણ કવિને છઠ્ઠી ૭મી સદીના શિષ્ટ કવિઓથી ૭–૮ સદીઓ દૂર માનવાનું યોગ્ય નથી. ગણાતા.

: ૪: બૃહત્કથા મળતી નથી. તેનું સંસ્કૃત રૂપાંતર કથાસરિત્સાગર

---

૧૨૭: Keith History of Sn Literature P.75

૧૨૮: Winternitz A His. of Sn Literature Vol.III Pas I P.13

૧૨૯: Do P.10 foot note Complete.

૧૩૦: Do " " અને બુદ્ધચરિત તથા સૌન્દરનંદ અને Winternitz P. 21

પણ આવા આધારો વડે અશ્વઘોષ પર કા.નો પ્રભાવ છે એમ સિદ્ધ કરવાના પ્રયત્નો તો કઢંગા છે.[137]

પરંપરાને માનનારા વિદ્વાનો કાને શકારિ વિક્રમાદિત્યના મિત્ર માને છે. પણ કવિ શકોનો ક્યાંય ઉલ્લેખ કરતા નથી. એ તે ઇ.સ.પૂ. ૧લી સદીમાં થઇ ગયા હોત તો તે ગાર્ગી સંહિતાના યુગપુરાણમાં વર્ણવેલા અને ઇ.પૂ. ૩૫ આસપાસ થયેલા શક આક્રમણ અને તેને પરિણામે થયેલી દુરવસ્થાનો ઉલ્લેખ કરત જ. તે યુગમાં તો દેશની શાંતિ પીંખાઇ ગઇ હતી, સમૃદ્ધિ લુંટાઇ ગઇ હતી, નગરોનો નાશ થયો હતો, રાજકીય સીમાઓ વારંવાર બદલાયા કરતી હતી, પ્રદેશો હસ્તાંતરિત થતા હતા. ગાર્ગીસંહિતા"માધ્યમિકા, અને છેક કુસુમપુર (પાટલિપુત્ર) સુધી યવનોનું આક્રમણ પ્રસર્યું હતું. પુરૂષોનો ભારેમોટો વિનાશ થયો હતો. સ્ત્રીઓ હાથમાં ધનુષબાણ લઇ અનાજનાં ખેતરોનું રક્ષણ કરતી હતી." એવું હૃદયભેદક ચિત્ર રજુકરે છે. શુંગો, કણ્વો, સાતકર્ણીઓ, ખારવેલ, આંધ્રો, શકો, વગેરેના પરસ્પર સંઘર્ષના કારણે દેશમાં ઘોર અશાંતિ હતી. સાતકર્ણીઓનો પ્રભાવ જામ્યો હતો. પણ તે મોટે ભાગે દક્ષિણમાં જ હતો. પ્રજાજીવન દુ:ખી હતું.તે વખતે કોઇ કવિની વાણીમાં આવા સ્વસ્થ, શાંત, સમૃદ્ધ,સંસ્કારી યુગના પ્રજાજીવનનું ચિત્ર ઉતરે એ સંભવિત નથી. આવે વખતે પ્રજાના ઉત્સાહને જગાવનાર કોઇ સમર્થ પુરૂષવિશેષ નેતા તરીકે મળી આવે તો પ્રજાજીવનમાં શક્તિ, શ્રદ્ધા, ઉત્સાહ, અને શાંતિ, વૈભવ પેદા થાય અને મહાન સાહિત્ય પ્રકટે. ૧૬મા શતકનું ઇંગ્લેન્ડ તેનું સુંદર ઉદાહરણ છે, પણ ઇંગ્લેન્ડની તત્કાલીન અને ભારતની ઇ.પૂ. ૧લી સદીની પરિસ્થિતિમાં જ ભારે અંતર છે. કાલકાચાર્યના પરંપરાગત કથાનકને પણ તે બીજી વિગતો

---

૧૩૭: કાલિદાસકા ભારત ભા. ૨, પૃ. ૨૦૭ થી

સાથે સંગત હોય તો જ સ્વીકારી શકાય.

કાલિદાસની કૃતિઓની શૈલી ઇ.સ. ૧લી સદીને સમર્થન આપે છે. એમ કહેવાય છે. પણ ડો. કીથ અને વિન્ટરનીટસ વગેરે બતાવે છે કે હરિષેણની શૈલી સાથે તે બાબતમાં તે વિશેષ સામ્ય બતાવે છે. બાણ અને સુબન્ધુ તો વાર્તાઓ લખવા બેઠા છે, અને તેમના કરતા કવિનો સમય ૨૫૦ વર્ષ જેટલો વહેલો છે એ જોતાં એ શૈલીની દલીલ નિર્ણાયક લાગતી નથી.

કવિની શૈલીની વ્યાકરણવિષયક વિશેષતાઓને ઇ.પૂ. ૧લી સદીના સમર્થનમાં ગણાવવામાં આવે છે. પણ કવિ ગમે તે કાળમાં રચના કરતો હોય તોયે છૂટ લે એવાં ઉદાહરણો મળી આવે છે. છંદો રચનાની આવશ્યકતા તેનું એક કારણ હોય. બીજું કારણ કવિનો અમુક શબ્દ માટેનો પક્ષપાત (fancy) પણ હોઇ શકે. તેના સમયના નિર્ણાયક પ્રમાણ તરીકે તેને ગણવામાં વધારે પડતો વિશ્વાસ રાખવા જેવું થાય છે. બીજાં બલવત્તર પ્રમાણો ન હોય તો તેમ કરવું ઉચિત નથી.

માલવિકાગ્નિમિત્ર નાટક કે શાકુંતલમાંની પરિસ્થિતિને આધારે તેને ઇ.પૂ. ૧લી સદીમાં મૂકવામાં આવે છે. તે સામેય કહી શકાય કે :૧: તે ભરતવાક્યમાં વિશિષ્ટરીતે સતિસપ્તમી અને વર્તમાન કાળનો પ્રયોગ કરે છે, છતાં તે સમકાલીન હતા માટે જ એમ કરે છે તે સિદ્ધ થતું નથી, કેમકે અગ્નિમિત્રનો સમય ઇ.સ.પૂ. ૨જી સદીનો છે. શાકુન્તલમાં બૌદ્ધકાળની માન્યતાઓ સામે ઉકળી ઉઠેલા કવિનો પ્રહાર, કે રાજાઓનો બૌદ્ધધર્મના અનુસરણમાં પ્રજાનું અહિત અને બ્રાહ્મણધર્મના અનુસરણમાં હિત છે એમ કહેવાયાનું માનવા જેવું કંઇ તેમાંથી સૂચવાતું નથી. એ દલીલનું મૂલ્ય અટકળથી વધારે નથી. ઉપરાંત ધીવરની ઉક્તિમાં પણ બૌદ્ધધર્મના અનુયાયીઓની લાગણી ઉપર, યજ્ઞગત હિંસાનું અનુમોદન કરીને, કવિ પ્રહાર કરવા માગે છે એમ પણ કહેવું તે વધારે

સબળ પ્રમાણની અપેક્ષા રાખે છે. ચોરને દેહાંતદંડનો રિવાજ ઘણા જૂના જમાનામાં હતો અને પછી હળવો બનાવાયો હતો એમ કહેવાયું છે પણ કવિ પોતે અત્યંત જૂના સમયનું નાટક લખી રહ્યા છે. એટલે જૂના રિવાજોને અનુરૂપ નિરૂપણ, કૃતિમાં તત્કાલીન સ્થિતિના નિરૂપણથી તાદૃશતા લાવવા પણ કરે. રાજા દુષ્યન્તના જમાનામાં અપુત્રનું ધન પુત્રને અભાવે રાજને ન જતું હોય કેમકે બ્રાહ્મણ સંસ્કૃતિથી એ વિરોધી વાત છે, એમ કહેવાય તો ભલે, તો પણ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે કવિએ આ આખો જ ધનમિત્રનો પ્રસંગ, પુત્રપ્રાપ્તિની આશા આપતી શકુન્તલાનું પ્રત્યાખ્યાન કરવાના પશ્ચાત્તાપમાં ઝળી રહેલા દુષ્યન્તના માનસચિત્રને તાદૃશ બતાવવા રજૂ કર્યો છે. તેનો પરિતાપ, આ પ્રશ્ન તેની સમક્ષ આવ્યો તે પછી, પોતે અપુત્ર છે, પોતાના મૃત્યુ પછી પોતામા રાજ્યની આવી જ દશા થશે એ ભાનથી વધી જાય છે, અને એક કટોકટીની સ્થિતિ તેની મૂર્છામાંથી જન્મે છે, તે બતાવવામાં છે. રાજાની સ્થિતિ છુપાઈને જોઈ રહેલી અપ્સરાના મન પર આની સુંદર છાપ પડે છે. ભાવકને પણ રાજા માટે સહાનુભૂતિ – અનુકંપા થાય છે તે આમાંથી. માટે આ બાબતોને નિર્ણાયક માની લેવાની જરૂર નથી.

વિવિધ કારણોને લીધે કથાસરિત્સાગર શ્રદ્ધેય પુરાવો નથી. એટલે કવિને કોઈ વિક્રમ નામના સમ્રાટસાથે સંબંધ હોય તો પણ તે ઇ. પૂ. ૧લી સદીનો વિક્રમ નથી એમ માનવું પડે છે. શ્રી વિ. કે. પરાંજપે ઇ. પૂ. ૧લી સદીના વિક્રમાદિત્યના સમયમાં કા. થઈ ગયા હોવાનો મત, તે યુગના ઇતિહાસની સ્થિતિ વિગતે નિરૂપીને અને કાલકાચાર્યના કથાનકને આધારે આપે છે, પણ તે સમયનું જીવન, વાતાવરણ, અને ઐતિહાસિક ચિત્ર કાલિદાસના સર્જનમાંથી તે બાબતોના ઉપસી આવતા ચિત્રથી ભિન્ન પ્રકારનું છે, એટલે, અને તે ચિત્રપણ ધૂંધળું છે, શ્રી પરાંજપે પોતે તેની સ્પષ્ટતા કે શ્રદ્ધેયતા વિષે કંઈક વસવસો સેવે છે, તેથી, તે નિર્ણાયક ક દલીલ બની શકતી નથી.

મેઘદૂતના ઉલ્લેખો પરથી કાલિદાસનો સમય બે હજાર વર્ષ પહેલાંનો હોવાનું પણ કહેવાયું છે. હકીકતમાં મેઘદૂતના યુગમાં વર્ષા અષાઢના અંત અને શ્રાવણની શરૂઆતમાં શરૂ થતી એ વાતનો બરાબર લાગે છે, પણ વરાહમિહિરે ઋતુઓનું ગણિત વ્યવસ્થિત કર્યું ત્યારથી જે વર્ષાને આપણે શ્રાવણને બદલે આષાઢમાં માનતા હોઈએ તો તે પહેલાં વર્ષાગમ શ્રાવણમાં ગણાતો હશે. કવિનો ઇ. ૪થી સદીનો સમય વરાહમિહિરના સમયથી ૧૦૦-૧૫૦ વર્ષ અગાઉ છે એટલે તેમના વખતમાં પણ વર્ષાગમ શ્રાવણની શરૂઆતમાં કે અષાઢના અંતે ગણાતો હોય. એ રીતે એ વિરોધ તો ઇ. ૪થી સદીને કવિનો સમય માનતાં પણ રહેતો નથી.

પહેલા વિક્રમે પોતાનું નામ વિક્રમાદિત્ય રાખ્યું તેથી જ અનુવર્તી રાજાઓને એ બિરદ સ્વીકારવાનું સૂઝ્યું હશે, એમ કહેવાયું છે. પણ વિક્રમાદિત્ય શબ્દ જ એવો છે કે સંજ્ઞાવાચક હોવા સાથે સામાન્ય અર્થ પણ સૂચવે છે. એટલે પહેલાં વિક્રમાદિત્ય ન થયા હોય તોયે પછીના રાજાઓને એ બિરદ સ્વીકારવાનું ન સૂઝે એવું ન ગણાય. દંતકથાઓના કથનને જે નક્કર ઇતિહાસનો ટેકો ન હોય તો ઇતિહાસ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરવો ભયથી પર નથી. તે વિષે આગળ વધુ. ગાથા સપ્તશતીને આધારે વિક્રમને ઇ. ૧લી સદીમાં ન ગણાય, કેમ કે તેનું સ્વરૂપ બદલાયું છે. તેમાં પ્રક્ષિપ્ત રચનાઓ ઘૂસી ગઇ છે. તેથી પહેલાં તેના મૂળ સ્વરૂપ વિશે નિશ્ચય થવો જોઇએ. ઉપરાંત, વિક્રમની દાનશૂરતાનો તેમાં આવતો ઉલ્લેખ વિક્રમાદિત્ય ચંદ્રગુપ્તને બીજાને પણ બરાબર લાગુ પડે છે.

વિક્રમાદિત્ય સાથે કાલિદાસને સંબંધ હતો એ વાત, જ્યોતિર્વિદાભરણના પૂરાવાને અશ્રદ્ધેય ગણીએ તો યે ઊભી જ રહે છે. આ વિક્રમ કોણ અને કયા સમયના એ નક્કી થઇ જાય તો ઘણો પ્રકાશ આ પ્રશ્ન પર પડી શકે. ચંદ્રગુપ્ત બીજાએ બીજા ઘણા રાજાઓની પેઠે

વિક્રમાદિત્ય બિરદ ધારણ કર્યું. પરંપરા કાલિદાસને વિક્રમાદિત્ય સાથે જોડે છે. તેથી ડૉ. કીથ માને છે કે કવિ આ ચંદ્રગુપ્ત બીજાની રાજ-સભાના તેજસ્વી રત્ન હશે. પણ તો આ વિક્રમાદિત્ય તેજ શકારિ અને સાહસાંક વિક્રમાદિત્ય હતા એમ સિદ્ધ થવું આવશ્યક છે. હર્ષવર્ધનના મિત્ર અને આશ્રિત કવિ બાણ આ ગુપ્તવંશમાં થયેલા સાહસાંકના શૌર્યનો ઉલ્લેખ કરતાં કહે છે

अरिपुरे च परकलत्रकामुकं कामिनीवेशगुप्तश्च चंद्रगुप्तः शकपतिमशातयदिति ।[१३८]

આ ગ્રંથના ટીકાકાર શંકર આ હકીકતને આમ વધારે સ્પષ્ટ કરે છે.

शकानामाचार्यः शकाधिपतिः चंद्रगुप्तभ्रातृजायां ध्रुवदेवीं प्रार्थयमानश्चंद्रगुप्तेन ध्रुवदेवीवेशधारिणा स्त्रीवेशजनपरिवृत्तेन रहसि व्यापादितः इति ।।

૧૧મી સદીના માલવુરાજ ભોજદેવ લખે છે:

काले श्रीसाहसांकस्य के न संस्कृतवादिनः।[१४०] અને રાજશેખર

श्रूयते चोज्जयिन्यां साहसांको नाम राजा येन संस्कृत भाषात्मकं अंतःपुर एवेति समानं पूर्वेण ।[१४१]

તથા श्रूयते चोज्जयिन्यां काव्यकारपरीक्षा। इह कालिदास मेण्ठा-वत्रामरसूर भारवयः हरिश्चंद्रचंद्रगुप्तौ परीक्षिताविह विशालायाम् ।[१४२]

---

૧૩૮: હર્ષચરિત ઉચ્છ્વાસ -૬, શ્રી તિવારીનો ઉલ્લેખ.

૧૩૯: તેની ટીકા

૧૪૦: સરસ્વતી કંઠાભરણ ૨-૧૫

૧૪૧: કાવ્યમીમાંસા અધ્યાય-૧૦

૧૪૨: એજ

આજ ચંદ્રગુપ્ત ઉજ્જયિનીનો અધીશ્વર વિક્રમાદિત્ય છે. માળવા અને સૌરાષ્ટ્રવિજય પછી તેણે ચાંદીના સિક્કા પાડયા અને તેના ઉપર તેણે પરમ ભાગવત, વિક્રમાંક કે વિક્રમાદિત્ય તરીકે ઓળખાવ્યો છે. તે શકારિ છે તે તો સ્પષ્ટ જ છે.[143] તે સિક્કાઓ ઉપર परमभागवत महाराजाधिराजश्रीचंद्रगुप्तस्य । લખેલું છે. ચંદ્રગુપ્ત બીજાની ચઢાઇઓ અને વિજયોથી એ સ્પષ્ટ થાય છે કે પૂર્વમાળવાના વિદિશા નગર સાથે એને સંબંધ હતો. તેની સાથેનો સંબંધ પ્રદેશના રાજ-શાસકો તેને પાટલિપુત્રાધિપતિ તરીકે પણ વર્ણવે છે અને ઉજ્જયિની સાથેનો તેનો સંબંધ હોવાથી ચંદ્રગુપ્તને વિક્રમાદિત્યથી અભિન્ન બતાવે છે.[144]

વિક્રમોર્વશી નાટકના કથાનકનો સંબંધ જોતાં ધ્રુવદેવીને ઉર્વશી સાથે, શકાધિપતિ અને કેશી સાથે અને ચંદ્રગુપ્તને પુરૂરવા સાથે સંબંધ લાગે છે.[145] કુમારસંભવના કુમારને કુમારગુપ્ત સાથે તેવો જ સંબંધ છે. તેની રચના કુમારગુપ્તના જન્મપ્રસંગે કરવામાં આવેલી.[146] રઘુના દિગ્વિજયના વર્ણનમાં કવિએ સમુદ્રગુપ્ત અને ચંદ્રગુપ્ત બીજાના તેવા વિજયોને જોડી દીધા છે. દક્ષિણ વિજયનું વર્ણન સમુદ્રગુપ્તના અને ઉત્તરવિજયનું વર્ણન ચંદ્રગુપ્તના વિજયો સાથે મળતું છે, તેથી સિંધુને બદલે વંક્ષુ પાઠ લેવામાં આવે તો મુશ્કેલી ટળી જાય છે. ઇતિહાસ પણ ઇરાનના શાહ બહેરામગોરે હુણોનો પરાજય કર્યો, ત્યારપછી તે વંક્ષુ નદીની ખીણમાં વસ્યા[147] અને ચંદ્રગુપ્તે બંગાળના શત્રુઓને

---

143: નાગરી પ્રચારિણી પત્રિકા, વિક્રમાંક ઉત્તરાર્ધ પૃ. ૨૬૯
શ્રી વાસુદેવ શરણ અગ્રવાલ
144: તિવારી પૃ. ૧૩ : શ્રી રાધાકમલ મુકરજી:
145: ચંદ્રાવલી મહિડે - કાલિદાસ પૃ. ૧૩-૧૪
146: તિવારી, પૃ. ૧૩
147: એજ

પરાજિત કરી સિંધુને મળનારી સાતે નદીઓને ઓળંગી તેમના દેશ બાહલિકમાં ચંદ્રગુપ્તે હૂણોને હરાવ્યા જણાવે છે.[148] એમ ચંદ્રગુપ્ત બીજા અને સમુદ્રગુપ્તના વિજયને ભેગા કરીને કવિએ દિગ્વિજયની રૂપરેખા દોરી લાગે છે.

રાષ્ટ્રકૂટ રાજા અમોઘવર્ષ પહેલાના – સંજાણના તામ્રપત્રમાં
लक्षकोटिमलेखयत् किलकलौदातासगुप्तान्वयः એ ઉલ્લેખથી તેને મહાનદાની બતાવ્યો છે.[149] આ સંક્ષેપમાં આપેલા ઉલ્લેખો ઉપરથી ગુપ્તસમ્રાટ ચંદ્રગુપ્ત બીજાને સાહસાંક, વિક્રમાદિત્ય, દાતા, શકારિ, કવિમિત્ર, રૂપકૃતી તથા વિદ્વત્પરિષદ સમક્ષ પરીક્ષા આપનાર તરીકે સ્વીકારી શકાય છે. અને શ્રી ચંદ્રબલી પાંડે તો વિક્રમોર્વશી નાટકમાં ઉજ્જન, શકાધિપતિ, ચંદ્રગુપ્ત અને કુમારના સંબંધો અનુક્રમે ઉર્વશી, કેશી, પુરૂરવા, અને આયુ સાથે જુએ છે. તેથી વિક્રમના કવિ ઉલ્લેખો કરે છે. એ સ્થિતિને બાધ ન આવે તે રીતે તેમને ગુપ્તસમયના માની શકાય.

ગુપ્તયુગના શિલાલેખો અને કાલિદાસની ભાષામાં સ્થળે સ્થળે સામ્ય જોવા મળે છે. કોઇ કોઇ વાર તો શિલાલેખો અને કવિની ભાષામાં એક જ વાક્ય ખંડ પણ હોય છે.[150] ગુપ્ ધાતુમાંથી જેની વ્યુત્પત્તિ થઇ શકે એવા અનેક શબ્દોનો પણ ડૉ. એફ. ડબલ્યુ. ટોમ્સને ઉલ્લેખ કર્યો છે.[151] ગુપ્તોના સિક્કાઓ

---

૧૪૮: એજ

૧૪૯: Quoted by મિરાશી પૃ. ૨૨

૧૫૦: જર્નલ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી, ૧૯૦૩ પૃ. ૧૬૩, ૧૯૦૪ પૃ. ૧૫૮, અને પ્રોસીડીંગ ઓફ ધી સેકન્ડ ઓરિએન્ટલ કોન્ફરન્સ, પૃ. ૩૨૫.

૧૫૧: જર્નલ ઓફ ધી રોયલ એશિયાટીક સોસાયટી, ૧૯૦૯ પૃ. ૭૪૦

ઉપર समर शत वितत विजयो जितरिपु रंजितो दिवं जयति [152]

राजाधिराजः पृथिवीं विजित्वा दिवं जयत्यावृत वाजिमेधः [153]
क्षितिमवजित्य सुचरितैर्दिवं जयति विक्रमादित्यः [154]

એ બધા વાક્યખંડો पुरा सप्तद्वीपां जयति वसुधामप्रतिरथः [155]
જેવા કવિના વાક્યખંડો સાથે સામ્ય ધરાવે છે. ગુપ્તસામ્રાજ્યના સિક્કાઓ૫૨ મોર પર બેઠેલા કાર્તિકેયની મુદ્રા છે. તેનું વર્ણન કાલિદાસે અનેક વખત કર્યું છે. [156] તે સુનાની શબ્દોથી પરિચિત છે. અમિત્ર :ડાયામિત્રઃ નો પ્રયોગ વારંવાર કરે છે. [157] કાલિદાસે મેઘદૂતમાં આષાઢ અને શ્રાવણ માસના ઉલ્લેખો કર્યા છે. [158] તે ઉપરથી પ્રા. સેનગુપ્તા તે દિવસ ઇ. ૫૪૧ની જૂનની ૩૦મી તારીખનો હોવાનું જણાવે છે, પણ ત્યાં કે બીજે કવિ સૌર માસનો ઉલ્લેખ કરતા નથી. આગળ જોયું તેમ વરાહમિહિરના કરતાં તે ૧૦૦-૧૫૦ વર્ષ પહેલાં થયા છે. આવી રીતે ચોક્કસ તારીખ આપવા માટે વિશેષ પ્રમાણની અપેક્ષા રહે છે.

શ્રી ચંદ્રબલી પાંડે વિવિધ રીતે કાલિદાસને સાહસાંક શકારિ વિક્રમાદિત્યના સમકાલીન માને છે. [159] અને તેના સંદર્ભમાં કવિ માતૃગુપ્તને અને કાલિદાસ એક જ હતા એવો મત દર્શાવે છે. [160]

જે સંસ્કૃત શ્લોક (જ્યોતિર્વિદાભરણનો) ને આધારે કવિને વિક્રમના સમયમાં ઇ. પૂ. ૧લી સદીમાં મૂકવાનો પ્રયત્ન થાય છે અને તેને કાલિદાસની કૃતિ ગણવામાં આવે છે, તેમાં આવતાં નામો જુદા જુદા સમયની વ્યક્તિનાં છે; અને કેટલીક વ્યક્તિઓ

---

૧૫૨: ભગવત શરણ ઉપાધ્યાય પૃ. ૨૧૩ : કાલિદાસકા ભારત ભા. ૨.:

૧૫૩: એજ

૧૫૪: એજ

૧૫૫: એજ

૧૫૬: મહાકવિકાલિદાસ – રમાશંકર તિવારી પૃ. ૧૧

૧૫૭: કાલિદાસ ઔર ઉનકા યુગ – શ્રી ભગવત શરત ઉપાધ્યાય પૃ. ૪૮

૧૫૮: શ્લોક ૨ અને ૪

૧૫૯: કાલિદાસ પૃ. ૨૭-૨૮

૧૬૦: એજ

વિષે તો કાંઇ માહિતી મળતી નથી, એ જોયું છે. તેથી તેની શ્રદ્ધેયતા વિષે શંકા ઉપજે છે. માન્ય પ્રમાણોથી તે ગ્રંથ ઇ. ૧૩મી સદીનો ઠરે છે.[૧૬૧] તેમાંના ઉલ્લેખ પ્રમાણે તે ગ્રંથ કાલિદાસે રઘુવંશની રચના કર્યા પછી રચ્યો છે એમ લાગે છે.[૧૬૨] જો પણ કવિની પરિણતપ્રજ્ઞાનાં તેમાં ક્યાંય દર્શન થતા નથી. બીજા કોઇ કાલિદાસે તે ગ્રંથ રચ્યો હોય તે શક્ય છે, કેમ કે રાજશેખર ત્રણ કાલિદાસના ઉલ્લેખ કરે છે.[૧૬૩] જો કે શ્રી ચંદ્રાબલી પાંડે અહીં કાલિદાસત્રયીનો અર્થ કાલિદાસની શૃંગારરસ વિષયક ત્રણ કૃતિઓ કરે છે અને તેના સમર્થનમાં જણાવે છે કે પ્રાચીન ભારતમાં હજીપણ કૃતિના નામને બદલે કવિનો નામોલ્લેખ કરવાની પ્રથા છે.[૧૬૪]

કાલિદાસને નામે "કુંતલેશ્વર દૌત્ય" કાવ્ય ચડયું છે તે શંકાસ્પદ છે. પરંતુ તેના ઉલ્લેખો કવિને ઇ. ૪થી સદીમાં મૂકવા તરફ ઝુકે છે.[૧૬૫] સિક્કાઓ ઉપરથી ચંદ્રગુપ્ત બીજા અને સ્કંદગુપ્ત બેઉએ વિક્રમાદિત્ય પદવી ધારણ કરી હતી એમ દેખાય છે.[૧૬૬] તેઓનો તથા કાલિદાસનો ઉજ્જયિની-નિવાસ પણ કાલિદાસે કરેલા તે નગરના ઉષ્માભર્યાં વર્ણન અને બીજા ઉલ્લેખો પરથી સમજાય છે.[૧૬૭] ૧૧મી સદીના અભિનંદની ઉક્તિથી કા.ના ગ્રંથોને એક વિક્રમાદિત્યને કારણે પ્રસિદ્ધિ મળી હતી.[૧૬૮] આગળના ઉલ્લેખો પરથી આ અત્યંત

---

૧૬૧: મિરાશી પૃ. ૨૨

૧૬૨: અધ્યાય ૨૨ – શ્લોક ૨૦

૧૬૩: अेको पि जायते हन्त कालिदासो न केनचित्। शृंगारे ललितोद्गारे कालिदासत्रयी किमु ॥

૧૬૪: પાંડે, કાલિદાસ પૃ.

૧૬૫: મિરાશી, પૃ. ૨૫–૨૬, કાલિદાસ.

૧૬૬: મિરાશી, પૃ. ૩૫, કાલિદાસ.

૧૬૭: એજ

૧૬૮: એજ

દાનશૂર, વિદ્વાનોને આશ્રય આપનાર, કવિમિત્ર, શકોને હરાવી માળવા અને સુરાષ્ટ્રને જીતીલેનાર અને ઉજ્જયિનીને તેમના પાશમાંથી મુક્ત કરનાર વિક્રમાદિત્યને ચંદ્રગુપ્ત દ્વિતીય જ લાગે છે. તેના એક સાંધિવિગ્રહિક કવિ-વીરસેન મધ્યભારતના ઉદયગિરિમાં કોતરાવેલા લેખમાં તેને 'શબ્દન્યાયજ્ઞ' અને 'કવિ' તરીકે વર્ણવ્યો છે.[૧૬૯] ક્ષેમેન્દ્ર ઔચિત્યવિચારચર્ચામાં આ શ્લોક 'કુન્તલેશ્વર દૌત્ય' નામક કાવ્યના શ્લોક તરીકે આવે છે.

इह निवसति मेरुः शेखरः क्ष्माधराणां
इह विनिहित भाराः सागराः सप्तचान्ये
इह अहिपति भोगस्तम्भविभ्राजमानं
धरणितलमिहैव स्थानमस्मद्विधानाम् [१७०]

એમાં એક સમ્રાટનો દૂત કે પ્રતિનિધિ એક સામન્તને ત્યાં ગયો, અને તેને યોગ્ય સન્માન ન મળતાં ભૂમિ પર જ બેસી ગયો, તે વખતે બીજાઓ હસતાં તેણે આ શ્લોક કહયો છે. કાલિદાસને વિષે આ પ્રસંગ બન્યો કહેવાય છે.[૧૭૧] ભોજરાજ પણ આ શ્લોક કાલિદાસને મુખે બોલાયાનું જણાવે છે.[૧૭૨] તે ઉપરાંત

असकलहसितत्वात् क्षालितानीव कान्त्या
मुकुलित नयनत्वात् व्यक्त कर्णोत्पलानि
पिबति मधुसुगन्धीन्याननानि प्रियाणां
त्वयि विनिहितभारः कुन्तलानामधीशः १७३

અને તેના જવાબમાં ચંદ્રગુપ્તે કહેલો ગણાતો

---

૧૬૯: કાલિદાસ: મિરાશી, પૃ. ૩૫
૧૭૦: ઔચિત્યવિચારચર્ચા: પૃ. ૧૪૦
૧૭૧: મિરાશી, પૃ. ૩૬
૧૭૨: શૃંગાર પ્રકાશ, પ્રકાશ ૮મો.
૧૭૩: કાવ્યમીમાંસા : રાજશેખર: અધ્યાય ૧૧.

पिबंतु मधुसुगन्धीन्याननानि प्रियाणां

मयि विनिहित भारः कुन्तलाना मधीशः १७४

એ શ્લોકો ઉપરથી કેટલાક વિદ્ધ્વાનોએ અનુમાન કર્યું છે કે કવિનો પોતાનો પ્રતિનિધિ બનાવીને ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યે તેને પોતાના માંડલિક કુંતલેશની સભામાં મોકલ્યો હતો. ત્યારે ત્યાંની સ્થિતિનું વર્ણન કરતાં કવિએ આ શ્લોક કહેલો અને તેણે તેવો જવાબ આપેલો કે એ ભલે વિલાસ કરે.[૧૭૫]

આ કુંતલેશ કોણ તે વિષે ઠીકઠીક ચર્ચા થઇ છે. સામાન્ય રીતે દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તર મ્હેસુરને કુંતલદેશ ગણવામાં આવે છે. મ્હેસુરના શિમોગા જીલ્લાના તાલગુંડમાંથી એક શિલાલેખ મળ્યો છે. તેમાં કાકુત્સ્થવર્મા નામના રાજાએ પોતાની દીકરીનો વિવાહ ગુપ્ત રાજા સાથે કર્યાનો ઉલ્લેખ છે. તેથી મુંબાઇની સેંટ ઝેવીયર્સ કોલેજના ફાધર હેરાસે, ચંદ્રગુપ્તે પોતાના પુત્ર માટે તે રાજકન્યાનું માગું કરવા કાલિદાસને મોકલ્યા હોવાનો સંભવ કલ્પ્યો છે, પણ તેને સમર્થન મળે તેવા બીજા કોઇ ઉલ્લેખ નથી અને તે રાજ્ય ચંદ્રગુપ્તની નીતિ પ્રમાણે ચાલતું હતું એવા પણ ઉલ્લેખો નથી. ચંદ્રગુપ્ત અને કાકુત્સ્થવર્માના સમય વચ્ચે પણ ૫૦-૬૦ વર્ષનો ગાળો પડે છે. તે જોતાં તે મતને સ્થાને ચંદ્રગુપ્તની પુત્રી પ્રભાવતી ગુપ્તાનો પુત્ર પ્રવરસેન આ કુંતલેશ હોય એમ સંભવ મનાયો છે. ચંદ્રગુપ્તે પોતાની પુત્રીને વાકાટક નરેશ રુદ્રસેન સાથે પરણાવી હતી. તે વિધવા થઇ ત્યારે તેના પુત્રો નાના હતા, તેમના વતી તે રાજ્યકારભાર ચલાવતી અને ચંદ્રગુપ્તની તેના પર દેખરેખ અને દોરવણી રહેતાં હશે. તામ્રપત્રોથી પણ એને સમર્થન આપતી વિગતો મળે છે. પ્રભાવતીએ પોતાના પિતાની વંશાવલી આપી છે. ચંદ્રગુપ્ત દ્વિતીયનો

---

૧૭૪: કાવ્યમીમાંસા: રાજશેખર: અધ્યાય ૧૧

૧૭૫: મિરાશી, ૩૭

રાજ્યવહીવટ કેમ ચાલે છે તે જોવા કવિને મોકલ્યા હોય અને તેણે આ સંદેશ મોકલાવ્યો હોય.[૧૭૬]

પણ વાકાટકોનું રાજ્ય વિદર્ભમાં હતું તો તે કુન્તલાધીશ શી રીતે, એવો વાંધો જાગે છે. તે સંદર્ભમાં પ્રા. આયંગાર કહે છે[૧૭૭] કે પ્રવરસેનના પિતામહ પૃથ્વીષેણે કુન્તલનરેશને હરાવેલો ત્યારથી તેણે કુંતલેશની પદવી ધારણ કરી હોય. શ્રી કૃષ્ણ કવિના ભરત ચરિત કાવ્યમાં પ્રાચીન કવિઓની સ્તુતિ કરતાં પ્રવરસેનને કુંતલેશ તરીકે ઓળખાવ્યો છે.[૧૭૮] તેને, તેમછતાં શંકાસ્પદ પ્રમાણ ગણીને મ. મ. મિરાશી એક બીજો ખુલાસો રજૂ કરે છે. તદનુસાર દક્ષિણ મહારાષ્ટ્રમાં માનપુરમાં એક રાષ્ટ્રકૂટ વંશનું રાજ્ય હતું. તેના કોઇ રાજાના તામ્રપત્રમાં તેને "શ્રીમત્‌કુંતલેશ" કહયો છે. તે રાષ્ટ્રકૂટોનું રાજ્ય ઇ. સ. ૪થી સદીમાં ગોદાવરીને ઉત્તરે તીરે વિસ્તર્યું હોય. વાકાટકો અને તે બેઉ વંશો તેના આધિપત્ય નીચે હોઇ તેણે તેમની સાથે સંબંધ બાંધ્યો હોય. સમકાલીન રાષ્ટ્રકૂટનૃપતિ દેવરાજને ઇન્દ્રસાથે સરખાવ્યો છે. તે વિલાસી હોય તેના રાજ્યવહીવટની સ્થિતિની તપાસ કરવા રાજાએ કવિને મોકલ્યો હોય અને આ સંદેશ ત્યાંના રંગઢંગ જોઇને તેમણે ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યને મોકલ્યો હોય. આ બધામાં તથ્ય ભલે ગમે તે હોય, પણ તે કવિને ઇ. ૪થી-પમી સદીમાં મૂકવાનું સૂચન કરે છે.

કામસૂત્રમાં નવોઢાના આચરણ વિષે વાત્સ્યાયન સ્પષ્ટ લખે છે

> श्वश्रूश्वशुर परिचर्या तत्पारतंत्र्यम् अनुत्तरवादिता
> भोगेष्वनुत्सेक: परिजने दाक्षिण्यम्।

---

૧૭૬: મિરાશી, પૃ. ૩૭થી

૧૭૭:, ૧૭૮: અ.જ., કાલિદાસ પૃ. ૩૮-૩૯ થી ૪૩

नायकापचारेषु किंचित्कलुषिता नात्यर्थम् निवेदयेत्।[179]

અને શાકુન્તલમાં કણ્વની શકુન્તલાને શિખામણ[180]

शुश्रूषस्व गुरून् कुरु प्रियसखी वृत्तिं सपत्नीजने
भर्तुर्विप्रकृतापि रोषणतया मास्म प्रतीपं गमः।
भूयिष्ठं भव दक्षिणा परिजने भोगेष्वनुत्सेकिनी
यान्त्येवं गृहिणीपदं युवतयः वामाः कुलस्याधयः।।

માં કામસૂત્રનો સ્પષ્ટ પડઘો પડયો છે. વાત્સ્યાયનનો સમય વિદ્વાનોને મતે ઇ.સ. ત્રીજીયોથી સદીનો મનાય છે. તે જોતાં કવિને ચોથા શતકમાં મૂકવા જોઇએ.

દુષ્યન્ત અને શકુન્તલાના પ્રણયના વિકાસના પ્રસંગમાં આદિથી અંત સુધી રાજાનું આચરણ વાત્સ્યાયનના "કન્યા સંપ્રયુક્ત" પ્રકરણને અનુસરતું છે.

આ પ્રમાણો બતાવે છે કે કવિનો સમય ઇ.૪-૫મી સદીનો ગણવામાં વાંધો નથી. ઉપરાંત કવિના સર્જનની આંતરિક વિચાર-સૃષ્ટિ પણ એજ વસ્તુનું સમર્થન કરે છે. ઇ.પૂ.૧લી સદીના વાતાવરણ અને દેશસ્થિતિ સાથે કવિની વિચારસૃષ્ટિ અને જીવનનિરૂપણ અસંગત છે. કાલિદાસના સર્જનમાં ભારતીય પુરાણોની વિચારસૃષ્ટિનો પડઘો પડયો છે, તે નિર્વિવાદ છે. પુરાણોનો વિષય અને કેટલાક અંશો જૂના હોવા વિષે શંકા નથી પણ તેમનું પુનર્ગઠન આ યુગમાં થયું છે. વિષ્ણુ, શિવ,સ્કંદ, દેવી,યક્ષરાક્ષસ આદિ, પુરૂરવા, ઉર્વશી, દુષ્યન્ત, શકુન્તલા, મહર્ષિકણ્વ, દુર્વાસા, મારીચ, ઇન્દ્ર, માતલિ, દેવાસુરયુધ્ધો, નગાધિરાજ હિમાલય, ગંધમાદન, વસિષ્ઠ વગેરે ઋષિઓ, રઘુવંશના રાજાઓ,અદ્ભુતરસ ભર્યા ચમત્કારો આદિ

---

૧૭૯: વાત્સ્યાયન કામસૂત્ર

૧૮૦: શાકુન્તલ અં.૪ શ્લોક ૧૭.

સૃષ્ટિનો પુરાણમાંનો પડઘો કવિની કૃતિઓમાં પડયો છે. પુરાણોની સૃષ્ટિપરનો વિશ્વાસ તેમાં પદેપદે પ્રત્યક્ષ થાય છે.

કુશાનકાળમાં મૂર્તિરચનાની પ્રવૃત્તિ વેગવાન બની મનાય છે. કનિષ્કના કાળમાં બૌદ્ધધર્મની મહાયાન શાખાને મહત્ત્વ મળ્યું. તે ભક્તિપ્રધાન ધર્મ બન્યો. ત્યારથી મૂર્તિરચનાનું કાર્ય વેગીલું બન્યું. ગુપ્તકાળમાં પુરાણપુનર્રચનાનું કામ વેગીલું બન્યું. તેણે પ્રજામાનસનો કબજો લીધો. તે સાથે જ હિંદુ દેવદેવતાઓની પ્રતિમાઓના ઘડતરની પ્રવૃત્તિ વેગવાન બની. કુશાન કાળમાં જ મૂર્તિઓને માથે પહેલાં જે છત્ર હતું તે પ્રભામંડળ પણ બન્યું. કાલિદાસ પણ સ્ફુરત્પ્રભામંડલનો ઉલ્લેખ કરે છે.[૧૮૧] તે ઉપરાંત "जाल ग्रथितांगुलि:कर:" એવા ભારતના હાથોનો ઉલ્લેખ કરે છે.[૧૮૨] તેની આકૃતિવાળી પ્રતિમાઓ કુશાનકાળ પછી અને ગુપ્તકાળમાં પણ રચાતી અને મથુરા વગેરે સંગ્રહસ્થાનોમાં જોવા મળે છે.[૧૮૩] તે પહેલાં યક્ષાદિની પ્રતિમાઓ રચાતી અને પૂજાતી હતી. કાલિદાસ ચામરધારિણી ગંગા અને યમુનાનો ઉલ્લેખ કરે છે.[૧૮૪] સમુદ્રગુપ્તની વ્યાઘ્રાંકિત મુદ્રાઓની બીજી બાજુએ ચામરકમળધારિણી ગંગા અંકિત છે. કુમારસંભવમાં સમાધિમાં બેઠેલા ભગવાન શંકરનું સુંદર વર્ણન છે.[૧૮૫] કુશાનકાળની વીરાસને બેઠેલી બોધિસત્ત્વ અને બુદ્ધની પ્રતિમાઓ સાથે તે પણ સંગત છે.

કાલિદાસ અને અશ્વઘોષની રચનાઓમાં ઘણે સ્થળે નોંધપાત્ર સામ્ય હોવાના ઉલ્લેખો બેઉ પક્ષના વિદ્વાનોએ કર્યા છે. પણ તેને નિર્ણાયક પ્રમાણ માનવામાં જોખમ છે. પણ તેથી ઉલટું

---

૧૮૧: રઘુ - ૩, ૬૦; ૫, ૫૧; ૧૪, કુમાર ૧. ૨૪

૧૮૨: શાકુન્તલ અંક ૭

૧૮૩: મિરાશી અને ભગવતશરણ ઉપાધ્યાય

૧૮૪: કાલિદાસ ઔર ઉનકા યુગ પૃ. ૪૪-૪૬

૧૮૫: કાલિદાસકા ભારત ભા. ૨ પૃ. ૨૧૦, શાકુન્તલ ૭-૧૬

કાલિદાસે કરેલા કેટલાક શબ્દ પ્રયોગો પર અશ્વઘોષની અસર હોવાનું મનાય છે.[૧૮૬] જેમકે કવિએ "પ્રાગેવ" નો પ્રયોગ "કિમુત" ના અર્થમાં કર્યો છે.

અશ્વઘોષમાં

> अेवमाद्यामहात्मानो विषयान्गर्हितानपि।
> रतिहेतोर्बुभुजिरे प्रागेवगुण संहितान् ।।[१८७]

છે તો કાલિદાસમાં

> कुन्दैः सविभ्रम वधू हसितावदातैः
> सद्योतितान्युपवनानि मनोहराणि।
> चित्तं मुनेरपि हरन्ति निवृत्तरागं
> प्रागेव रागमलिनानि मनांसि यूनाम्। [१८८]

આવે છે. બ્રાહ્મણસર્જકોએ આ પદનો આ અર્થમાં પ્રયોગ કર્યો નથી. અમરકોશકારે અને બીજા આ શબ્દનો અર્થ આપતા નથી અને એક ટીકાકારે તો તેનો વિચિત્ર અસંગત અર્થ કરેલો છે,તેથી કવિને બૌદ્ધ લેખકોની અને વિશેષ અશ્વઘોષની કૃતિઓ પરથી આવો પ્રયોગ આ અર્થમાં કરવાનું સૂચન મળ્યું લાગે છે. કવિનાં નાટકોનું પ્રાકૃત પણ નિશ્ચિતરૂપે ભાસ અને અશ્વઘોષના પ્રાકૃતથી વધારે વિકસિત છે. તેમના સર્જનમાં બ્રાહ્મણ અને પૌરાણિક વ્યવસ્થા અને વિચારસૃષ્ટિનો સંપૂર્ણ અને ઉત્સાહભર્યો સ્વીકાર દેખાય છે.

---

૧૮૬: શ્રી મિરાશી, પૃ. ૧૨ થી,
શરદરંજન રાય, શાકુન્તલની પ્રસ્તાવના; રમાશંકર તિવારી – મહાકવિકાલિદાસનાં પૃ. ૬–૭.

૧૮૭: બુધ્ધચરિત સર્ગ –૪, ૮૬

૧૮૮: ઋતુસંહાર સર્ગ ૬, ૨૩

અશ્વમેધ અને દિગ્વિજયનાં વર્ણનો, સ્વયંવર વર્ણન, તપસ્યા, સમાધિ, સમાધિદ્વારા પ્રગટ થતું જ્ઞાન, મૃગયા, મનુપ્રણીત રાજનીતિ અને તદનુસારિણી આદર્શ રાજ્યવ્યવસ્થા, તદનુસાર થતી લગ્ન વિધિની, વિવાહ મેળવવાની હિંદુ સમાજની હજુસુધી ચાલી આવેલી રીતિઓ, વગેરેનાં ઉત્સાહપૂર્ણ વર્ણનોપણ આજ સૂચવે છે. કવિ પુરાણોમાં પ્રગટ થતા ભક્તિભાવ અને આખ્યાયિકાઓને અનુસરે છે. તેમાંથી પૂરો લાભ પણ ઉઠાવે છે. દાર્શનિક દૃષ્ટિએ તેમની શ્રધ્ધા વેદાંતમાં છે, તો ઉપાસના અને ભક્તિભાવના પક્ષે તે શૈવ છે. ભાગવત ધર્મી ગુપ્તરાજાઓના વખતમાં શૈવ કવિ થયા એમ માનવા કરતાં ઈ. પૂ. પહેલી સદીના શૈવ વિક્રમાદિત્યના સમયમાં તેમને માનવા તે વધારે સયુક્તિક છે એમ દલીલ કરવામાં આવી છે, પરંતુ આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે તે યુગમાં ધાર્મિક સહિષ્ણુતા ઘણી હતી. પુરાણો જ તેનો મોટો પુરાવો છે. બૌધ્ધોપ્રત્યે પણ સહિષ્ણુતાનો જ વર્તાવ રખાતો એમ ફાહિયાનની કવિના સમય પછી એકાદ સૈકાની સાક્ષી ઉપરથી જોઈ શકાય છે. કવિ પણ ચૂસ્ત કે ઝનૂની શૈવનથી પોતાનાં નાટકોની નાન્દી અને શાકુન્તલનું ભરતવાક્ય, કુમારસંભવનો વિષય, મેઘદૂતમાંના ઉલ્લેખો વગેરેમાં તેમની શ્રધ્ધા ભગવાન શિવ તરફ દેખાય છે જ, તેમ છતાં તે કુમારસંભવના બીજા સર્ગમાં દેવોને મુખે ઉપનિષદની બ્રહ્માસ્તુતિ કરાવે છે ત્યાં તેમને જગતના આદિ કારણ માને છે, તો રઘુવંશના દસમા સર્ગમાં દેવોને મુખે ભગવાન વિષ્ણુની તેવી જ ભાવપૂર્ણ સ્તુતિ પણ કરાવે છે. તે આ યુગની ધર્મસહિષ્ણુતા સાથે સંગત છે. શ્રી વોલ્ટર રૂબેન કવિ શૈવ છે માટે તેમણે રઘુવંશમાં વિષ્ણુના અવતાર ગણાતા ભગવાન શ્રી રામનું ટીકાત્મક નિરૂપણ કર્યાનું માને છે, ૧૮૯ પરંતુ મહર્ષિ વાલ્મીકિ એ જ શ્રી રામના વિષે જે નિરૂપણ કર્યું છે તેમાં જ એકાંશો આવે છે એ ભૂલવું ન જોઈએ.

---

189: Kalidasa: The human meaning of his works P.

પ્રા. ડોલરરાય માંકડ – સંસ્કૃત અને ગુજરાતીના જાણીતા વિદ્વાન પણ કવિને ગુપ્તસમયમાં થયેલા માને છે.[૧૯૦] માલવિકાગ્નિમિત્રમાં એક ઉક્તિ છે :

अथवा देव्या: प्रणयविशेषं दत्तदेवीशब्दां मालविकां

अत्रभवान्प्रति ग्रहीतुमिच्छति [१९१]

આમાં આવતા દત્તદેવી શબ્દને તે ~~શ્લેક~~ શ્લેષાત્મક માને છે તેનું कृतदेवी પાઠાંતર સ્વીકારતા નથી.[૧૯૨] તેમાં તે ચંદ્રગુપ્તની માતા દત્તદેવીનો ઉલ્લેખ જુએ છે. ચંદ્રગુપ્ત બીજા અને ધ્રુવદેવીનો ઉલ્લેખ પુરૂરવા અને ઉર્વશીમાં, અને ચંદ્રગુપ્ત, કુમારગુપ્ત અને સ્કંદગુપ્તનો ઉલ્લેખ રઘુવંશમાં વિવિધસ્થળે જુએ છે.[૧૯૩] કાલિદાસ અગ્નિમિત્રને નાટકનો નાયક બનાવે છે. તે સંદર્ભમાં તે કહે છે કે અગ્નિમિત્રની કારકીર્દિમાં કાંઇ જ નથી. તેનાં પિતા પુષ્યમિત્ર એક મહાન સમ્રાટ હતો, પણ તેણે સેનાપતિ શબ્દ જ પોતાના માટે વાપર્યો છે. કાલિદાસના સમયનો મોટોભાગ સ્કંદગુપ્ત સાથે પસાર થયો હોય અને તેમના પુષ્યમિત્રની સાથેના યુદ્ધમાં સાક્ષી હોય તેથી તેમને પુષ્યમિત્ર કે તેના વંશએ વિષે લખવાનું સુઝયું હોય.[૧૯૪] અથવા ગુપ્તોના પડછે અગ્નિમિત્રનું જીવન કેવું ઉતરતા પ્રકારનું હતું તે તેમને બતાવવું હોય.[૧૯૫] પુરૂરવાએ કરેલા

---

૧૯૦: ગુજરાત સાહિત્ય સભાની કાર્યવાહી ૧૯૪૪–૪૫
પૃ. ૬૭ – વ્યાખ્યાન વિભાગ

૧૯૧: માલવિકાગ્નિમિત્ર અં. ૫મો

૧૯૨: કાર્યવાહી પૃ. ૬૭ ફૂટનોટ

૧૯૩: એજ

૧૯૪: એજ પૃ. ૬૮ : ૨: એજ

૧૯૫: એજ પૃ. ૬૯

ઉર્વશીના બચાવના નિરૂપણથી તેમને ચંદ્રગુપ્તે કરેલા ધ્રુવદેવીના બચાવનું સુચન કરવું હોય,[૧૯૬] અને છતાં તે રામગુપ્તના નામને તો વચ્ચે લાવ્યા નથી, તેથી તેને ભૂલી જવાનું તેમણે ઇષ્ટમાન્યું લાગેછે.[૧૯૭] તે માલવિકાગ્નિમિત્રના પહેલા અંકના ૧૧મા શ્લોકમાં અગ્નિમિત્રની સલિલનિધિ સાથેની તુલનામાં સમુદ્રગુપ્તનો પ્રચ્છન્ન સંદર્ભ જુએ છે, વિક્રમોર્વશી અંક ૧, ૧૧માં ચંદ્રનો ઉલ્લેખ છે. તેમાં ચંદ્રગુપ્તનો ઉલ્લેખ માને છે.[૧૯૮] અને શાકુન્તલના ૧, ૧૧માં પુરૂવંશના ઉલ્લેખોને પુરૂગુપ્ત અને તેના વંશજેનો ઉલ્લેખ ગણે છે.[૧૯૯] ધ્રુવદેવીના બચાવના ઉલ્લેખો વિક્રમોર્વશી ૧, ૧૨માં[૨૦૦] અને સમુદ્રના વિવિધ ઉલ્લેખો વિ. ૫. ૧૯ અને માલવિકા ૭, ૬ માં છે તે સમુદ્રગુપ્તના, તથા જુદા જુદાનાટકોમાં ચંદ્રના વિવિધ ઉલ્લેખોને ચંદ્રગુપ્તના માને છે.[૨૦૧] પુષ્યમિત્રના અશ્વમેધના અશ્વનું રક્ષણ કરવા વસુમિત્ર જાય છે તે પ્રસંગને તે ગુપ્તવંશના એવા જ કંઇ પ્રસંગનું પ્રતિબિંબ કલ્પે છે. રઘુ પણ કુમાર છે ત્યાં જ દિલીપના અશ્વમેધયજ્ઞના અશ્વનું રક્ષણ કરવા જાય છે અને સ્થળે સ્થળે તેવા ઉલ્લેખોમાં કોઇને કોઇ રીતે કુમાર શબ્દનો પ્રયોગ આવે છે. તેમાં તે સ્કંદગુપ્ત કુમારગુપ્તના અશ્વમેધનું રક્ષણ કરવા ગયો હોય એવા પ્રસંગોનું પ્રતિબિંબ કલ્પે છે.[૨૦૨] તે ઉપરાંત ગુપ્તોના ઇતિહાસના અમુક પ્રસંગોનું કવિનાસર્જનમાં આવતા પ્રસંગો સાથે સામ્ય પણ જુએ છે.

---

૧૯૬: એજ પૃ. ૬૯

૧૯૭: એજ પૃ. ૭૦

૧૯૮: એજ. પૃ. ૭૦

૧૯૯: એજ પૃ. ૭૧

૨૦૦: એજ પૃ. ૭૩-૭૪

૨૦૧: એજ પૃ. ૭૫-૭૭

૨૦૨: એજ પૃ. ૭૫-૭૭

શ્રી જયસ્વાલેપણ આ વિગતોને તેજરીતે ઘટાવી છે.[૨૦૩] એમના આ ત્રીસેક પાનાના લાંબા વ્યાખ્યાનમાં ઘણી ઝીણવટથી વિગતો એકત્ર કરીને તેમણે કાલિદાસ ગુપ્તોના સમયમાં થઇ ગયા હોવાનું અને તે કુમારગુપ્ત, સ્કંદગુપ્તથી માંડીને પુરુગુપ્ત સુધીના રાજાઓના સમકાલીન હોવાનું અનુમાન કર્યું છે. આ વિગતો થોડાં વર્ષોના ફેરફાર સાથે હોવા છતાં, કવિને ઇ. ૪થી પાંચમી સદીમાં મૂકવાનો તેમનો મત બતાવે છે. આમ સમગ્રરીતે વિચાર કરતાં એટલું જ કહેવા જેવું લાગે છે કે કવિના સમયની વિચારણાને પરિણામે જે નિર્ણયો વિદ્વાનોએ તારવ્યા છે તે અનુમાનો અને અટકળો હોય તોયે, સમગ્રરીતે તે ૪થી-૫મી સદીમાં થઇગયા હોવાનું સૂચવે છે એમ માનવું વધારે સંગત છે.

છેવટે એ પણ નોંધવું જોઇએ કે કવિના સમય, જીવન, ઉછેર અને ઘડતર વિષેની વિગતોમાં પાશ્ચાત્ય વિદ્વાનોને જેવો રસ છે તે પૂર્વના વિદ્વાનોને ન હતો, તેથી સાહિત્યના સર્જકોના સમય વિષે નિર્ણયાત્મક પ્રમાણો થોડાં મળે છે. મહારાજા હર્ષનો અને તેમના મિત્ર અને આશ્રિત મહાકવિ બાણનો સમય નિશ્ચિત છે અને તેની આસપાસના સમયના પણ કેટલાક કવિઓ વિષે પ્રકાશ આપે છે, પણ તેવું ઘણાં ઓછાં ઉદાહરણોમાં બન્યું છે. કાલિદાસ વિષે જાણવાના પ્રયત્નો પણ તેથી નિર્ણાયક પરિણામ લાવતા નથી. તેથી તે માહિતી, અનુમાન કે અટકળ જેવી જ રહે છે. હકીકતમાં પ્રાચીન ભારતમાં કવિના જીવનની નાની મોટી વિગતો જાણવાને બદલે તેના કાવ્યના વિવરણ, વિવેચન અને સમગ્ર કાવ્યને બદલે પ્રત્યેક શ્લોકના રસાસ્વાદ તરફ વધારે ધ્યાન રહ્યું છે. છેવટે તો કવિ અને ભાવકને સાંકળતી કડી તે કાવ્ય જ છે. ~~કવિતા~~ કવિના

---

૨૦૩: એજ પૃ. ૭૮-૯૧-૯૮

દર્શનનું તે અવગમનક્ષમ નિરૂપણ છે. કાવ્ય અને ભાવક વચ્ચેના અવરોધો કે આવરણો જેમ ઓછાં તેમ વધારે સારું. કવિના કાવ્યમાં પ્રગટતું તેનું હૃદગત કાવ્યક્ષમ છે કે નહીં, અને જો હોય તો કવિ તેનું નિરૂપણ કેવુંક કરી શકે છે તે જ કાવ્યના અભ્યાસ અને રસાસ્વાદમાં મહત્ત્વના મુદ્દા છે. રસાસ્વાદમાં કવિને સમજવામાં ઉપયોગી થાય તેટલે જ અંશે કવિવિષયક માહિતી આવશ્યક ગણાય, પણ તેવી માહિતીથી મનને ઠાંસીઠાંસીને ભરી દઈએ તો જે તાજા અને ખુલ્લા દિલે કવિકૃતિને અભિમુખ થવું જરૂરી છે તે શક્ય ન રહે એમ બને ખરું. એ સ્થિતિ યોગ્ય કે આદર્શ ન ગણાય. કવિને જ બોલવા દેવા, તેના કથનને સહૃદયતાથી સાંભળવું, સમજવા પ્રયત્ન કરવો, તે જ તેના સંદેશને સમજવાનો સાચો રસ્તો છે. જો કવિ પ્રતિભાશાળી અને ક્રાંતદર્શી હશે અને ભાવક સદભિરુચિ પૂર્ણ, સહૃદય હશે તો હૃદયને હૃદયની વાત સમજી જ લેશે, તેને માટે બીજાં કશાં ઉપકરણો, વ્યવધાનો કે જ્ઞાનની જરૂર રહેતી નથી. શ્રી અરવિંદ તો કહે છે કે[204] બીજી બધી માહિતી તો એક પડદો છે. પશ્ચિમના વિવેચનમાં એક એવો મત પ્રવર્તે છે કે કવિના કાવ્યને બરાબર સમજવા તેના દેશકાળ, ઘડતર, સંસ્કાર, મિત્રાદિ વિષેની માહિતી આવશ્યક છે.[205] પશ્ચિમના સંપર્ક પછી ભારતમાં પણ આવી વૃત્તિ - માન્યતા આવી છે. દેશના ભૂતકાળનું એક સંપૂર્ણ ચિત્ર આવી માહિતી રહે, અને તેના કવિનાસર્જનમાં પડેલા પડઘાને આધારે તે બનાવોની કવિની પ્રતિક્રિયા પરથી તેના વ્યક્તિત્વ, દર્શન અને આદર્શનો ખ્યાલ મેળવે, તે રીતે તે જરૂરી છે, છતાં શ્રી અરવિંદ કહે છે તેમ કાવ્યની અંતિમ કસોટી તો કાવ્ય પોતે જ છે. ભારતીય વિચારકોએ તેથી કાવ્યાનંદને "બ્રહ્માનન્દ સહોદર", વિગલિતવેદ્યાન્તર" સહૃદયહૃદયસંવેદ્ય માન્યો છે. તેવા સહૃદયમાં કાવ્યાનંદ માણવાની શક્તિ જન્મજાત હોય છે. બીજાઓમાં પણ તે શક્તિ હોય છે, પણ કાવ્યોના અભ્યાસથી તેને ખીલવવાની જરૂર રહે છે. તેવા માણસોને આવી કવિ વિષયક વિગતો ઉપયોગી થાય

---

૨૦૪ Kalidasa II Series P. 20
૨૦૫: The making of Lit. (James Scott) P.246

કે કાવ્યના અર્થ ઉપર ક્યારેક પ્રકાશ પાડી શકે તેથી કવિના સમય વિશે વિચાર કરવો આવશ્યક હોઇ તે કર્યો, અને પ્રાપ્ય વિગતોના સંદર્ભમાં એ જોયું કે કવિના સર્જનમાં જે શાંતિ, સ્વસ્થતા સમૃદ્ધિ, સંસ્કારવિદ્યા કલાના વિવિધક્ષેત્રે પ્રવૃત્તિ અને અભિવૃદ્ધિ તથા ક્યાંક ક્યાંક આવતું જીવનનું વિલાસી નિરૂપણ મળે છે, તેનો ઇ.પૂ. ૧લી સદીની દેશસ્થિતિ સાથે આંખો ઊડીને વળગે તેવો વિરોધ છે, તો હરિષેણ આદિની પ્રશસ્તિ, હિંદુધર્મનું પુનરુત્થાન, ઉદારતા, સહિષ્ણુતા, દાર્શનિક સિધ્ધાન્તોની માંડણીમાં વ્યવસ્થા, ફાહિયાન જેવાની સાક્ષીઓ પ્રજાનું ઉન્નતજીવન, સ્વસ્થતા, શિલ્પવિષયક સમૃધ્ધ રચનાપ્રવૃત્તિ, કવિના સર્જનમાં પ્રગટથતી પૌરાણિક સૃષ્ટિની છાયા, ભક્તિમાર્ગમાં શિવ, વિષ્ણુ, બ્રહ્મા, દેવી, કુમાર આદિની ભક્તિના પડઘા, ગુપ્ત સમ્રાટોએ પ્રજાને આપેલી સુવ્યવસ્થા, શાંતિ, સમૃદ્ધિ અને પ્રજાહિતમાં તેમની તત્પરતા, સિક્કાઓની સાક્ષી, તેમનો કલાપ્રેમ, વગેરેએ પ્રજા જીવનમાં જે ઉત્સાહ પ્રેર્યો હોય તેનું તથા સલામતીની ભાવનાનું નિરૂપણ અને સ્મૃતિપુરાણોક્ત રાજત્વ અને સમાજ જીવનના આદર્શો તરફનું આકર્ષણ, એ બધાનો ખ્યાલ કરતાં આ સમર્થ મહાકવિ તે જ યુગનું નિરૂપણ કરે છે. અને તેથી તે જ યુગમાં થયા હોવા જોઇએ. તેમનો સમય ઇ.સ. ૩૫૦ થી ૪૩૦ સુધીનો કલ્પી શકાય.

## જીવન અને વ્યક્તિત્વ

ભારતીય સંસ્કૃતિના આવા અમર, લોકપ્રિય અને મહર્ષિ વ્યાસ- વાલ્મીકિની સાથે જ સ્થાન પામી શકે તેવા રાષ્ટ્રકવિના જીવન વિષે પણ અજ્ઞાન પ્રવર્તે છે તે ખેદજનક છે. તેમના પોતાના અને તેમના આશ્રયદાતા સમ્રાટ વિક્રમાદિત્યના જીવનવિષે કિંવદંતીઓ અને જમાને જમાને ઘડાતી અને અવનવાં સ્વરૂપ લેતી દંતકથાઓ

ઘણી છે. પ્રજાના હૃદયમાં તેમની સ્મૃતિ કેવા અવિચળ પ્રેમથી સચવાઇ રહી છે તેનું તે સૂચન કરે છે.

એક દંતકથા પ્રમાણે તે એક બ્રાહ્મણના સુંદર પુત્ર હતા. નાનપણમાં જ માતાપિતાના મરણથી અનાથ બન્યા; એક ગોવાળે તેમને ઉછેર્યાં. તે સુંદર બાળક યુવાન થતાં તેની સુંદરતા ઓર ખીલી ઊઠી. તે ઢોર ચારવાનું કામ કરવા લાગ્યો. તે અરસામાં કોઇએક રાજાને રૂપશીલ ગુણવતી પુત્રી હતી. તે તેને માટે આવતાં માગાંને પાછાં ઠેલતી હતી. રાજા પણ છન્વાત્સલ્યને લીધે તેના લગ્નનો પ્રસંગ ઠેલતો ગયો, પણ છેવટે તે અનિવાર્ય છે એમ જોઇ શક્યો. તેને એક પ્રધાન હતો. તેની ઇચ્છા રાજપુત્રીનું લગ્ન પોતાના પુત્ર સાથે થાય એવી હતી. રાજકન્યાએ તેની અવગણના કરી, તેથી પ્રધાનને અપમાન લાગ્યું. તેણે બદલો લેવાનો નિશ્ચય કર્યો. રાજાએ પુત્રીમાટે પતિ શોધી કાઢવાનું કામ તેને જ સોંપ્યું. એટલે તેને તો "ભાવતું"તું ને વૈદે કહયું" જેવું થયું. ઘોડે બેસીને તે શોધમાં નીકળી પડયો. ઉનાળાના દિવસ હતા. માર્ગમાં એક સુંદર યુવાનને તે જે ડાળ પર બેઠો હતો તે ડાળને જ કાપતો જોયો. તેને યોગ્ય પાત્ર મળી ગયું લાગ્યું. તેને નીચે બોલાવી સહાનુભૂતિ પૂર્વક તેની સાથે વાતો કરી તેનું લગ્ન નથી થયું તે જાણી, પ્રધાન તેને પોતાની સાથે લાવ્યો. જરૂરી સૂચના આપી, સારાં વસ્ત્રો પહેરાવી તેને રાજા સમક્ષ રજૂ કર્યો. રાજાએ રૂપ છે માટે ગુણ પણ હશે, એમ માની રાજકન્યાને તેની સાથે પરણાવી, પણ રાજકન્યાને એક બે દિવસમાં વસ્તુસ્થિતિ સમજાઇ ગઇ. ~~તે બહુ ...~~ તેને ખેદ થયો અને ક્રોધ પણ થયો. તેને ધમકાવી નાખ્યો અને કોઇ દેવતાની આરાધના દ્વારા તેની મૂર્ખતા દૂર કરવાનું સૂચવ્યું. તે યુવાન ત્યાંથી ચાલ્યો ગયો. ઘોર વનમાં જઇ ભગવતી કાલીની ઉપાસના કરી તેમને પ્રસન્ન કર્યાં. સંસ્કાર, શક્તિ અને પ્રતિભા પામી પાછો આવ્યો. રાજકન્યાએ તેને

"अस्ति कश्चिद् वाग्विशेषः।

એમ પુછયું. તેના જવાબમાં તેણે તે ત્રણે શબ્દોથી શરૂ થતાં કાવ્ય કુમારસંભવ, મેઘદૂત અને રઘુવંશની[૨૦૬] રચના કરી અને બાકીનું જીવન સુખસમૃધ્ધિમાં વીતાવ્યું.

આ કથાનું એક રૂપાંતર એવું છે કે પત્નીના ઉપદેશથી પોતે ભગવતી કાલીની ઉપાસના કરી તેથી તેને આ શક્તિ પ્રાપ્ત થઇ. તેથી તેને ગુરૂ માની તેણે તેની સાથે પતિ તરીકે ગૃહસ્થજીવન જીવવાની અનિચ્છા બતાવી. તેથી પત્નીએ તેને વેશ્યા વ્યસની થવાનો શાપ આપ્યો.

એમ પણ કહેવાય છે કે કવિને વેશ્યા વ્યસની જાણી રાજા વિક્રમાદિત્યે તેમનો ત્યાગ કર્યો. ત્યારે તે પોતાની પ્રિય વેશ્યાને ત્યાં છૂપે વેશે રહેવા લાગ્યો. એક દિવસ વાટિકામાં ફરવા ગયેલા રાજાએ વિના પવને કમળને કંપતું જોયું અને पवनस्यागमो नास्ति। એ સમસ્યા પોતાના દરબારમાં કવિઓ સમક્ષ રજૂ કરી, પણ કોઇ તેની પૂર્તિ કરી શક્યા નહીં. રાજાએ પૂર્તિ કરનારને ઇનામ આપવાનું જાહેર કર્યું. કવિએ તે પૂર્તિ કરી પણ ધનલોભી વેશ્યાએ [તેમને મારી નાંખી] પૂર્તિને પોતાની તરીકે રજૂ કરી. તેને ઇનામ તો મળ્યું[૨૦૭] પણ રાજાને વહેમ પડયો. સાચી વાત જાણી રાજા ખિન્ન થયા.

વિક્રમપાસેથી કવિ પોતાના મિત્ર અને સિંહલના રાજા કુમારદાસને મળવા ગયા. તેની સાથે મનોદુઃખ થતાં ત્યાંથી નીકળી એક વેશ્યાને ત્યાં રહયા. પાછળથી રાજાને પસ્તાવો થતાં તેમને શોધી કાઢવાની યુક્તિ તરીકે એક સમસ્યા રચી :

---

૨૦૬: મધુરવાણી : કાલિદાસ વિશેષાંક

૨૦૭: ચંદ્રાવલી પાંડે : કાલિદાસ પૃ. ૪૮

कमले कमलोत्पत्तिः श्रूयते न तु दृश्यते।

વેશ્યાએ તે પોતાના ખંડમાં ભીંત ઉપર લખી રાખી. તે જોઈને કવિએ કહ્યું:

बाले तव मुखाम्भोजे

कथमिन्दी वरद्वयम्।

તેની ધન લોભી વેશ્યાએ તેમનો નાશ કરાવ્યો અને તે પૂર્તિને પોતાની તરીકે રાજા સમક્ષ રજૂ કરી. રાજાને વહેમ આવતાં સખતાઈ પૂર્વક પૂછાવ્યું, ત્યારે તેણે જે બન્યું હતું તે કહી દીધું. આથી અત્યંત દુ:ખી થયેલા રાજાએ કવિની ચિતામાં પડી પોતાના જીવનનો અંત આણ્યો.[૨૦૮]

એમ પણ કહેવાય છે કે કવિએ કુમારસંભવમાં શિવપાર્વતી-જગતનાં માતાપિતાનો શૃંગાર ઉદ્દામ રીતે નિરૂપ્યો છે. તેથી ક્રોધે ભરીઈને પાર્વતીએ તેમને શાપ આપ્યો, તેથી કવિ તે કાવ્ય પૂરું કરી શક્યા નહીં. આમાંના વેશ્યાવિષયક પ્રવાદો કવિના વેશ્યાગામીપણાનું અને તેમનું મૃત્યુ કોઈ સ્ત્રીને હાથે થયાનું જણાવે છે, યા કોઈ ષડયંત્રથી તે મૃત્યુ થયાનું સૂચવે છે, પણ તે ખરું હોવા વિષે કોઈ પ્રમાણ ઉપલબ્ધ નથી. કવિને પોતાના જમાનામાં ઈર્ષ્યાના ભોગ થવું પડયું હોય તે શક્ય છે.

બલ્લાળના ભોજપ્રબંધમાં કવિને ભોજના સમકાલીન ગણાવી, તેમનાં કવિત્વ,ચાતુર્ય, અલૌકિકજ્ઞાન, અને શીઘ્ર કવિત્વ-શક્તિનો ખ્યાલ આપતા અનેક પ્રસંગો નોંધલા છે. તેમાંનો એક પ્રસંગ એવો છે કે કવિને, બીજા કવિઓએ પ્રપંચ કર્યો તેથી ભોજે કાઢી મૂક્યા, પણ તેમની પ્રિયા વિલાસવતી નામક વેશ્યાએ તેમને જવા ન દેતાં પોતાને ઘેર રાખ્યા. પછી કોઈ સમસ્યા પૂર્તિનો પ્રસંગ ઊભો થતાં બીજા કવિઓ તે કરી શક્યા નહીં. તેમને નગર ત્યાગવાનો પ્રસંગ આવ્યો ત્યારે કવિ બાણે કહ્યું:

---

૨૦૮:

सामान्य विप्रविद्वेषे
कुलनाशो भवेत्किल ।
उमारूपस्य विद्वेषे
नाशो कविकुलस्य हि ।। २०९

ભોજપ્રબંધમાં ભોજનો કવિમાટેનો આદરભાવ જુદા જુદા પ્રસંગોએ વ્યક્ત થયો છે. જુદા જુદા પ્રસંગોથી તે કવિતો જ બતાવ્યો છે. તેવામાં એક દિવસ એક વિદેશી પંડિતે આવીને એક સમસ્યા રજૂ કરી:

अंभोधि: जलधि: पयोधिरुदधि: वारिनिधि: वारिधि:।

બીજા પંડિતો એક બીજાના મુખ તરફ જોવા લાગ્યા. કવિ કાલિદાસે કહ્યું

अंबा कुप्यति तात मूर्ध्नि विधृता
गंगेय मुत्सृज्यताम्
विद्वन् षण्मुख संततं मयिरता
तस्या: गति: का वद /
कोपावेगवशाद् विवृद्धवदन: ।
प्रत्युत्तरं दत्तवान्

अंभोधि:०

વગેરે २१०

ભવભૂતિ કરતાં પણ કાલિદાસ ચડિયાતા કવિ હતા એમ સૂચવતી એક ~~समस्या~~ આખ્યાયિકા પણ મળે છે. તે મુજબ ભવભૂતિએ રચેલું उत्तररामचरितम् નાટક કવિને બતાવ્યું અને તે વિષે

---

२०९: ભોજ પ્રબંધ ૫૨

२१०: એજ

પોતે અભિપ્રાય પૂછ્યો. તેમણે તે નાટકની પ્રશંસા કરી.

रात्रिरेवम् व्यरंसीत्   નેબદલે

रात्रिरेव व्यरंसीत् -   કરી દીધું. માત્ર એક અનુસ્વાર છોડવાથી પણ અર્થમાં કેવો ચમત્કાર થયો છે તે બતાવી દીધું.

આ બધી દંતકથાઓ હકીકતમાં કવિઓ અને સાહિત્ય-રસિકોના મનમાં કવિની શક્તિ વિષે કેવું માન અને સ્થાન હતું તેનું સૂચન કરે છે. જનસ્વભાવ ઐતિહાસિક સત્યને જાણવાની અને યાદ રાખવાની ઝાઝી પરવા કરતો નથી. જેમ જેમ પોતાના પ્રિય મહાપુરૂષોના જીવનની સાચી વિગતોની સ્મૃતિ ઝાંખી પડતી જાય છે, તેમ તેમ તે આવી રંગીન અદ્ભુતરસિક કલ્પનાઓથી, કિંવદંતીઓથી તેનું સ્થાન ભરી કાઢે છે. તેમનું એક પ્રિય ચિત્ર નિર્મે છે. જેમાં તે કેવા હતા તે નહીં, પણ કેવા હશે કે હોવા જોઈએ તેનું એક ભભકભર્યું આદર્શ ચિત્રનિર્માણ કરે છે. વિખ્યાત ગુજરાતી વિદ્વાન બલવંતરાય કલ્યાણરાય ઠાકોરે જણાવ્યું છે તેમ કંઠસ્થ સાહિત્ય અવારનવાર બદલાતું જાય છે.[૨૧૧] તેમાં કહેનારાઓનાં સમજ, સંસ્કાર અને આદર્શ પ્રમાણે ફેરફાર થતા રહે છે. તેથી તેમાં સાહિત્યને ઐતિહાસિક પ્રમાણો તરીકેનું મૂલ્ય ઘણું ઓછું હોય છે. દંતકથાને ઘડનારા પોતાનાં પ્રિય પાત્રોને સુંદર રંગો પૂરીને ઘડતી વખતે ઐતિહાસિક સત્યનો ખ્યાલ ભાગ્યે જ રાખે છે. વળી દંતકથા જ્યારે ત્યારે બદલાય છે, તેમ છતાં સમાજના જીવન, નીતિ, ધર્મ અને સંસ્કાર વિષયક ખ્યાલોની દૃષ્ટિએ આવી દંતકથાઓ કે કિંવદંતીઓનું મૂલ્ય ઘણું હોય છે. કેમકે તે જે યુગમાં ઘડાય છે તે યુગના લોકમાનસ અને જીવનવિષેના સારાનરસા ખ્યાલોનું આબેહૂબ પ્રતિબિંબ પાડે છે.

---

૨૧૧: પ્રવેશકો ગુચ્છ પહેલો પૃ. ૮૩ ૮૨

:૧: કાલિદાસના વેશ્યાવ્યસનની પણ વિષેની માન્યતા અને તેમના અંત વિષયક વાતોમાં પણ તે લોકહૃદયના સમ્રાટના જીવનની ખરી વિગતો ભૂલાઇ જતાં તેને વિષે લોકલ્પનાઓ કેવી રંગોળી પૂરી છે તેનું જ ઉદાહરણ છે.

પણ કવિ વિષે કેટલીક ગંભીર માન્યતાઓ પ્રગટ થઇ છે. શ્રી ચંદ્રબલી પાંડે તેમને ગુપ્ત સમયમાં થઇ ગયા હોવાનું જણાવી તેમના જીવન વિષે વિચાર કરે છે. તેમાં તે કાલિદાસની કૃતિ તરીકે કુન્તલેશ્વરદૌત્યનો ક્ષેમેન્દ્રે ટાંકેલો ઔચિત્ય વિચાર—ચર્ચામાંનો શ્લોક ટાંકી તે કવિનો હોવાની માન્યતા કુંતકનાં જેટલી જુની હોવાનું નોંધે છે. તે શ્લોક:

इह निवसति मेरुः शेखरः क्ष्माधराणाम्
इह विनिहित भाराः सागराः सातचान्ये
इह महिपतिभोगस्तम्भ विभ्राजमानम्
धरणितलमिहैव स्थानमस्मद्विधानाम्

ભોજદેવ પણ આજ વાતની સ્પષ્ટતા કરતાં કહે છે કે કવિનો એ શ્લોક અને વિક્રમાદિત્યનો ~~તેનો~~ જવાબ

पिबतु मधुसुगन्धी न्याननानि प्रियाणाम्

વગેરેમાં વિક્રમાદિત્યનો ક્રોધ દેખાતો નથી પણ કુંતલદેશના રાજા તરફથી તેને કંઇક આશંકા હતી અને ત્યાંના રંગઢંગ જોવા માટે તેણે કવિને દૂત તરીકે મોકલેલા તેનો કવિએ આપેલો જવાબ સાંભળીને તેણે નિરાંત અનુભવ્યાનો ભાવ છે.[૨૧૨] તે સંદર્ભમાં કુંતલનો જે પ્રદેશ વાકાટકોના હાથમાં આવ્યો હતો તે શ્રીકૃષ્ણવર્માના ઉદ્યોગથી ફરી ચાલ્યો ગયો હતો. તેથી ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યને ચિંતા થયાનું પણ અનુમાન છે.[૨૧૩]

---

૨૧૨: ચંદ્રબલી પાન્ડે પૃ. ૨૬

૨૧૩: એજ

તે ઉપરાંત કવિએ એક પ્રાકૃત મહાકાવ્ય સેતુબંધ રચ્યાની માન્યતા છે. પણ સંસ્કૃતના સમર્થકવિ પ્રાકૃતમાં મહાકાવ્ય શા માટે રચે તે સમજાતું નથી. શ્રી પાંડે માને છે કે કાંતો વિક્રમાદિત્યના કહ્યાથી કાલિદાસે એ કાવ્ય પ્રવરસેનને માટે રચ્યું હોય અથવા પ્રવરસેને રચ્યું હોય અને તે કાલિદાસે સુધારી આપ્યું હોય.[૨૧૪] તે કલ્પનાનું મહારાજ રામદાસ રામસેતુ પ્રદીપમાં સમર્થન કરે છે.[૨૧૫]

શ્રી પાંડે કાલિદાસ અને માતૃગુપ્ત એક જ હોવાનો સંભવ માને છે. તે કહે છે કે કાલિદાસનાં દૌત્ય અને રાજનીતિ કુશળતા જોઇને પ્રસન્ન થયેલા વિક્રમાદિત્યે તેને પોતે જીતી લીધેલા કાશ્મીરરાજ્યનો રાજા બનાવ્યો હોય. આ સંદર્ભમાં કલ્હણની રાજતરંગિણીમાં માતૃગુપ્તનો, ત્યાંના પ્રવરસેનને વિક્રમ સાથે રોષ હોવાનો, છતાં માતૃગુપ્ત તરફ રોષ ન હોવાનો પણ ઉલ્લેખ છે. તેના કારણમાં પિતાનો શોક બતાવે છે.[૨૧૬] કેટલાક અમાત્યને માતૃગુપ્તનો અભિષેક ન ગમ્યો હોય અને તેમણે યુધ્ધનો માર્ગ વિચાર્યો હોય, પ્રવરસેને ભગવાન શંકરની આરાધના કરી શક્તિ સંપન્નબની ત્રિગર્ત દેશ જીતી લઇ આગળ વધવા માડયું હોય, તે જ વખતે વિક્રમાદિત્યના અવસાનના સમાચાર આવ્યા હોય અને માતૃગુપ્તે પ્રવરસેનને કાશ્મીરનું રાજ્ય સોંપી દઇ કાશીમાં સંન્યાસ સ્વીકાર્યો હોય તેથી પ્રવરસેનના મનની ગેરસમજ દૂર થઇ હોય.[૨૧૭] આમ શ્રીપાંડે કાલિદાસને માતૃગુપ્ત માને છે.[૨૧૮] તેના કવીન્દ્રપણા અને ભાગવતતાની વિગતો આપે છે અને તેનામાં શાક્ત અને કવીન્દ્રત્વ ભેગાં થયાં હતાં એમ જણાવે છે.[૨૧૯]

---

૨૧૪: એજ
૨૧૫: એજ પૃ. ૨૭
૨૧૬
થી
૨૧૯: ચંદ્રબલીપાન્ડે પૃ. ૨૯ થી ૪૦ અને ૫૫થી આગળ

ઉપરાંત તે વિક્રમાદિત્યની પુત્રી પ્રિયંગુમંજરીના પતિ હોવાનો સંભવ કલ્પે છે.[220] મેઘદૂતના શ્લોકોનો ઉલ્લેખ કરીને તેના જન્મસ્થાન વિષે વિચારતાં તેનો વિંધ્યનો પરિચય વૈદર્ભીશૈલી, વિશાલા અને વિદિશાના પ્રેમનો ખ્યાલ આપીને તેને ~~વૈદર્ભ માને છે.~~ વૈદર્ભ માને છે. તથા વિક્રમોર્વશીમાં પુરુરવામાં વિક્રમોર્વશીમાં ઉજ્જયિની, શકરાજમાં કેશીદાનવ, કાશીરાજપુત્રી ઔશીનરીમાં રાણી કુબેરનાગા આદિનો પ્રચ્છન્ન સંબંધ જુએ છે. કાલિદાસ વારંવાર પોતાના સર્જનમાં અયોધ્યાના રાજ્યનો ઉત્તરકોશલ તરીકે ઉલ્લેખ કરે છે, તે તેને દક્ષિણકોશલ અથવા વિદર્ભથી જુદો બતાવવા માટે કરે છે, કવિના સંસ્કાર પણ વિશેષ પ્રમાણમાં દક્ષિણના છે એટલે તે વૈદર્ભ હશે તે મતને પુષ્ટિ મળતી માને છે. આ બધી વિગતોને સંભાવના તરીકે સ્વીકારીએ તો ભલે, બાકીને પૂરી પ્રતીતિકર છે એમ લાગતું નથી.

ભારતના બંગાળ, કાશ્મીર, મધ્યપ્રદેશ, સિલોન જેવા ભાગોએ કવિના જન્મસ્થાન તરીકેનો પોતાનો દાવો આગળ કર્યો છે. તેમાં મધ્યપ્રદેશ વિષે વિચાર કર્યો. સિલોનમાં હજુ કાલિદાસની સમાધિ બતાવાય છે, અને તેમની જન્મજયંતી ઉજવાય છે તે ખરું છે, કુમારદાસ વિષેની આખ્યાયિકા પણ આપણે જોઇ છે. ઉજ્જયિની અને વિદિશાના દાવા તો કવિએ તે સ્થળોના કરેલા તાદૃશ સૂક્ષ્મ વર્ણન અને તેમાં દાખવેલી ઉષ્માને કારણે ઊભા જ છે. તેમનું જન્મસ્થાન કાશ્મીર હોવાનો દાવો આ મુજબ છે. :૧: કાલિદાસના સર્જનમાં હિમાલયના ઉષ્માભર્યાં અને ~~હૃદયસ્પ~~ તાદૃશ હૃદયંગમ વર્ણનો અનેક સ્થળે આવે છે. કુમારસંભવ

---

૨૨૦: ચંદ્રબલીપાંડે પૃ. ૨૯ થી ૪૦ અને પૃ. ૫૫ થી આગળ

મહાકાવ્યની શરૂઆત તો તેનાથી જ થાય છે. તે હિમાલયને દેવતાત્મા, નગાધિરાજ અને પૃથ્વીનો માનદંડ કહે છે. તેને ઔષધિપ્રસ્થ નગરીનામની રાજધાની અને જીવંત વ્યક્તિત્વ કલ્પે છે. તેનું વર્ણન ભાવ ભરપૂર છે. યક્ષની મનોમોહિની નગરી અલકા પણ ત્યાં જ છે. વિક્રમોર્વશીયના પહેલા અને ચોથા તથા શાકુન્તલના ૧ થી ૪ અને ૭મા અંકોનું કાર્ય પણ ત્યાં જ નિરૂપાયું છે. રઘુના દિગ્વિજયમાં તેનો ઉલ્લેખ છે. વસિષ્ઠાશ્રમ, દિલીપની ધેનુપરિચર્યા અને પરીક્ષા પણ ત્યાંના ઉત્તુંગ દેવદારુ વૃક્ષોની હરિયાળી ભૂમિના કિન્નરવાસિત પ્રદેશમાં જ થાય છે. કવિને તેનો ગાઢપરિચય અને તેને માટે ઉષ્મા પણ છે, તેથી તે હિમાલયના એક ભાગ જેવા કાશ્મીરના વતની હોવા જોઈએ.

:૨: કવિએ નિરૂપેલી પુરુષ અને પ્રકૃતિ, શિવ અને શક્તિ, શંકર અને પાર્વતીના ચરિત્રની આવી ભૂમિકા તે કાશ્મીરની પ્રત્યભિજ્ઞા શાખાના શૈવ હોવાનું સૂચવે છે.

:૩: નંદિનીપર તરાપ મારનાર સિંહ પોતાને નિકુંભનો મિત્ર જણાવે છે. તે નિકુંભ રાજરાજેશ્વર નરવાહન કુબેરે પિશાચો સાથે યુદ્ધ કરવા નીમેલો યક્ષ હતો, એમ કાશ્મીરનું નીલમતપુરાણ જણાવે છે. આ સૂક્ષ્મ વિગતની પણ કવિને માહિતી છે.

:૪: રચનાની સુવિધા માટે કવિ શચીતીર્થ, શક્રાવતાર અને વસિષ્ઠાશ્રમ જેવાં સ્થળોને હસ્તિનાપુરની નજીક બતાવે છે. પણ તે તીર્થો કાશ્મીરમાં આવેલાં છે. તેમનાં નામ કવિ જાણે છે.

:૫: ઈંદુમતી અજને પતિ તરીકે પસંદ કરે છે, પણ વરમાળા તેની ધાત્રી દ્વારા તેને પહેરાવે છે, તે, તથા પાર્વતીના લગ્ન વખતે થતા રિવાજ કાશ્મીરના જેવા છે.

:૬: શાકુન્તલના છઠ્ઠા અંકમાં માછીમારના ધંધાને નિંદ્ય ગણાવ્યો છે. કાશ્મીરમાં તેમજ મનાય છે.

:૬: प्रत्यभिज्ञा दर्शनानुसार શિવ જ એક તત્ત્વ છે. તે જગતની ઉત્પત્તિ માટે શિવ અને શક્તિ એમ બે સ્વરૂપ ધારણ કરે છે. શિવ, શક્તિના આવરણથી આત્મા બની જગતમાં પ્રવેશે છે. જ્યારે ગુરુકૃપા કે તેવા કોઇ કારણથી આ આવરણ હઠી જાય છે, ત્યારે તે પાછો પરમાત્મા પરમાનંદરૂપ બની જાય છે. માલવિકાગ્નિમિત્રમાં માલવિકા પર એક વર્ષનો અજ્ઞાતવાસ અને દાસીપણાનું, શકુન્તલા તથા ઉર્વશી ઉપર જે શાપનું આવરણ છે તે દૂર થતાં નાટકોનો સુખદ અંત આવે છે, તે આ માન્યતાનું સ્મરણ કરાવે છે.

:૭: શાકુન્તલના ભરત વાક્યમાં કવિએ શિવને માટે " परिगत शक्तिः" વિશેષણ વાપર્યું છે.

:૮: શિવ જે માર્ગે કૈલાસથી ઔષધિપ્રસ્થ જાન લઇને જાય છે તે માર્ગે નૈમિષારણ્ય, ગંગાદ્વાર, વિષ્ણુપદ, હંસદ્વાર, ઉત્તરમાનસ થઇને જાય છે. તેવું જ વર્ણન નીલમત પુરાણમાં પણ છે.

:૯: અલકા નગરી આજ સુધી કવિની કલ્પનાનું સંતાન મનાતી આવી છે. ઘણા માણસો એમ માનતા હતા, પણ યક્ષના નિવાસસ્થાનનું વર્ણન, હરમુકુટ પર્વતની ખીણમાં આવેલા મયગ્રામ કે મણિગ્રામ સાથે સંગત છે. તેના શિખર નીચે પત્થરોથી બાંધેલું સરોવર છે. તે યક્ષની "વાપી" હોવાનો અને પાસે જ મોટી મોટી શિલાઓનો ઢગલો છે, તે કુબેરનું ભવન હોવાનો સંભવ છે. મેઘદૂતે અલકાને ગાન અને નૃત્યની ભૂમિ બતાવી છે. તેવાં વર્ણનો રાજતરંગિણીમાં આવે છે. હૂણોએ છઠ્ઠી શતાબ્દિમાં ચડાઇ કરી તેમાં જે અવ્યવસ્થા

थइ होय तेथी तेमणे जन्म भूमिनो त्यागकर्यो होय, विदिशा अने माळवा तरफ गया होय अने तेमने विक्रमादित्य साथे संबंध थयो होय ते शक्य छे.[221]

परंतु आ सामे केटलाक वांधा छे.[222] काश्मीरी पंडितोमां मम्मट, कय्यट, रुद्रट, अल्लट, जेवां नाम होय छे पण कविनुं नाम जुदुं छे.

: २: दर्शनशास्त्रीनी दृष्टिए कवि प्रत्यभिज्ञावादी नथी पण वेदांती छे अने भक्त तरीके शैव छे. ते प्रकृति अने पुरुष बेउ रुपे शिवने ज थयेला माने छे. ते आठ प्रत्यक्षविभूतिओथी विश्वने व्यापी रहेला छे अने मुक्तिदाता पण छे. उपरांत धार्मिक श्रध्धानी दृष्टिए पण कवि चुस्त के संकीर्ण वृत्तिना नथी, ते ब्रह्मा अने विष्णुनी पण जगतना महान देवो तरीके गणना करे छे. तेमना वेदांतमां मायाने स्थान नथी.

: ३: कविए जेम हिमालयनुं तादृश अने उष्माभर्युं वर्णन कर्युं छे. तेमज देशनां अन्यस्थानो - रम्य, ऊर्जितस्थानो अने प्रकृतिनी मनोहरतानुं वर्णन पण कर्युं छे. तेमां लगभग आखा भारतवर्षनो समावेश थइ जाय छे. कविना घणा विषयो हिमालय साथे संकळायेला छे, एटले तेनां वर्णनो तो आवे ज.

: ४: कल्हणे राजतरंगिणीमां - काश्मीरनो विगतवार कवित्वमय इतिहास गूंथ्यो छे. पण तेमां क्यांय कविनो कालिदास तरीके उल्लेख नथी. मातृगुप्तनो छे, पण ते ज कालिदास छे, एम निश्चितरुपे कही शकाय तेम नथी.

---

२२१: लक्ष्मीधर कल्ला the Birth place of Kalidasa, 1926

२२२: म. म. वा.वि.मिराशी, कालिदास, पृ. ६६-६७

:૫: શચીતીર્થ, શક્રાવતાર, અપ્સરાતીર્થ આદિ બીજે હોવાના પણ ઉલ્લેખો મળે છે. કવિનું ભૌગોલિક જ્ઞાન એટલું તો સાચું અને સચોટ છે કે તેમણે ભ્રમવશ સ્થાન વિપર્યય કર્યો હોય એમ મનાય નહીં. તે સ્થાનો કાશ્મીરમાં છે એમ સામાન્યતયા કોઇ માનતું નથી.

:૬: નીલમત પુરાણનો રચનાકાળ ઇ. ૪-૫મી સદી જેટલો પ્રાચીન માની શકાય તેમ નથી. તેથી શ્રી મહામહોપાધ્યાય વા. વિ. મિરાશીને મતે આ દાવો નિરાધાર ઠરે છે. તેમ છતાં શ્રી રમાશંકર તિવારી:૨: તેમણે કરેલાં વર્ણનોની તાદૃશતા, ઉષ્મા, સૂક્ષ્મતા વગેરે કારણોને લીધે તેમને કાશ્મીરના વતની તથા વિદિશા, ઉજ્જયિની વિગેરે સ્થાનોના નિવાસી માને છે.[૨૨૪]

બંગાળનો દાવો આવો છેઃ

:૧: કવિનું નામ કાલિદાસ છે. બંગાળામાં કાલિપૂજા પ્રાચીન સમયથી ચાલતી આવી છે. મુર્શિદાબાદ જિલ્લાના મહાસિંગુ ગામને કવિની જન્મભૂમિ તરીકે ઓળખાવવામાં આવે છે. સરકારની સહાયથી ત્યાં એક "કાલિદાસસાગર" ખોદવામાં આવ્યું છે. કવિએ ત્રણ વિવાહ કર્યા હતા. તેમનાં એક પત્નીનું નામ વિદ્યુન્માલા હતું. તેની સાથે તે વૃક્ષાની તલા નામક સ્થાને રહ્યા હતા. શ્રી પાટદોગાધિયા નામે સ્થાને તેમણે પોતાના પુત્રનો અને પોતાનો પણ બીજો વિવાહ કર્યો હતો. બંગાળમાં તંત્ર માર્ગ અને ભગવતી કાલીની ઉપાસના છે. અને તેમને પણ તેની જ કૃપાથી સિદ્ધિપ્રાપ્ત થઇ હતી. ત્યાં એક કાલિદાસ પરિષદની સ્થાપના થઇ છે. કવિની જન્મ જયંતી ઉજવાય છે. કાલિદાસ સંશોધન સમિતિ છે. તે આ પ્રવૃત્તિ ચલાવે છે. આષાઢના પ્રથમ દિવસે ત્યાં નૃત્ય, ગીત, વ્યાખ્યાનો વગેરે

---

૨૨૩: મિરાશી, કાલિદાસ, પૃ. ૬૭-૬૮

૨૨૪: મહાકવિ કાલિદાસ, પૃ. ૧૪, રમાશંકર તિવારી.

થાય છે. અને કાલિદાસ પાઠશાલા પણ ચાલે છે. મેઘદૂતમાં યક્ષ આષાઢના પ્રથમ દિવસે મેઘને ગિરિશિખરને આલિંગીને રહેલો જુએ છે. તે વર્ણનમાં કવિ સૌરમાસનો ઉલ્લેખ કરે છે. બંગાળમાં મહિનાની તિથિઓ તારીખની પેઠે ગણાય છે. પક્ષ અને વારનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. કવિ પોતે એક સારા જ્યોતિષી :અને જ્યોતિર્વિદાભરણના કર્તા પણ: હતા એટલે એ સૂર્યોદય વચ્ચેના સૂર્ય અને ચંદ્રના ભ્રમણમાં ૧૨ અંશનો તફાવત પડે છે તે ન જાણતા હોય તે શક્ય નથી. તેમ છતાં તે આવો ઉલ્લેખ કરે છે તે બાલ્યવયમાં પડેલા સંસ્કારોની અસરને કારણે જ હોવું જોઈએ. ૨૨૫ વિચાર કરતાં આ દલીલો પ્રતીતિકર લાગતી નથી. પરંપરા કાલીનીકૃપાથી સિદ્ધિ પ્રાપ્ત થયાનું કહે છે. કવિનું નામ પણ કાલિદાસ છે: છતાં તેમના સર્જનમાંથી તે કાલીના ભક્ત કે ઉપાસક હોય એમ દેખાતું નથી. તેતો શિવભક્ત છે. બ્રહ્મા અને વિષ્ણુની સુંદર સ્તુતિઓ રચી છે. શ્રી રામ વગેરેના ઉલ્લેખો પણ માનપૂર્વક કર્યા છે. અને શ્રીરામનું ચરિત્ર સુંદર રીતે નિરૂપ્યું છે. પણ દેવી કાલિનો ભગવાન શંકરની જાતમાં અનુચર તરીકે જવા તે તૈયાર થયાં એમ એક જ પ્રસંગે વર્ણન ઉલ્લેખ છે. ૨૨૬

કાલગણના વિષયક દલીલ પણ નિર્બળ છે. ઋતુસંહારમાં છ ઋતુઓનું વર્ણન છે. વળી ગ્રીષ્મ, વર્ષા અને હેમંત એ ત્રણ ઋતુઓનું વર્ષ પણ ગણવામાં આવતું. દક્ષિણમાં દરેક ઋતુનાં આઠ પખવાડિયાં અને તે દરેકના પંદર દિવસ ગણાતા. ઉત્તરમાં ચારમાસની એક ઋતુ અને દરેકમાસના ત્રીસ દિવસ ગણાતા.

---

૨૨૫: વા. વિ. મિરાશી – કાલિદાસ, પૃ. ૬૦ થી ૬૪
૨૨૬: વા. વિ. મિરાશી – કાલિદાસ, પૃ. ૬૦ થી ૬૪

માળવા અને સૌરાષ્ટ્રમાં મહિનાઓમાં આઁકમાસ તરીકેનાં નામ ક્ષત્રપ સમય પછી પ્રચારમાં આવ્યાં લાગે છે. કવિ પક્ષનો ઉલ્લેખ કર્યા વિના માત્ર "દિવસ" શબ્દ જ પ્રયોજે છે. તેથી જે સૂક્ષ્મ ગણના ભેદને દાવે તેમને બંગાળના મનાવવાનો પ્રયત્ન થાય છે તે ગણના તે સમયે અસ્તિત્વમાં હોવા વિષે જ શંકા છે. સામાન્ય રીતે કવિ પોતાની જન્મભૂમિનો કૈંકપણ ઉષ્માભર્યો ઉલ્લેખ કરે, પણ કાલિદાસના સર્જનમાં બંગાળ વિષે તેવો કોઇ ઉલ્લેખ ભાગ્યે જ જોવા મળે છે. ઉજ્જયિની તરફ કાલિપૂજા જૂના સમયથી પ્રચારમાં હતી, તે પણ સ્મરણમાં રાખવા જેવું છે.[૨૨૭]

કવિ ભલેને એક જ શ્લોકમાં, પણ મેઘદૂતમાં વિદિશાનો દિશાઓમાં પ્રખ્યાત રાજધાની તરીકે ઉલ્લેખ કરે છે.[૨૨૮] તેમજ તેની આસપાસનાં નાનાં નાનાં સ્થળોનું વર્ણન વિગતે વર્ણન કરે છે. તેથી તે સ્થળો સાથે તેમનો સંબંધ રહ્યો હોય તે શક્ય છે, એમ શ્રી હરપ્રસાદ શાસ્ત્રી અને શ્રી પરાંજપેનો મત છે.[૨૨૯]

તેજ રીતે તે વૈદર્ભ હોવાનો અને તેના સમર્થનમાં તેમને દક્ષિણના રિવાજ અને સંસ્કૃતિ પ્રત્યે પક્ષપાત હોવાનો મત પણ નિર્ણાયક નથી, કેમ કે કવિ તો ભારત ભરનાં પ્રકૃતિરમ્ય સ્થાનો અને લોકજીવનનું નિરૂપણ કરે છે. રઘુવંશના ૧૬મા સર્ગમાં અયોધ્યાની અધિદેવતા પાસે, કુશે તે નગરનો ત્યાગ કરતાં તેની થયેલી દુર્દશાનું કવિ જે વર્ણન કરાવે છે તેમાં પણ ઉષ્મા અને દર્દ દેખાય છે, તે તેમને અયોધ્યા માટે પક્ષપાત હોવાનું સૂચન માની શકાય.

---

૨૨૭: મિરાશી, પૃ. ૫૯-૬૪.

૨૨૮: મેઘદૂત/શ્લોક ૨૫

૨૨૯: શ્રી મિરાશી/ કાલિદાસ પૃ. ૧૬-૧૭.

## બિહાર - મિથિલા

શ્રી આદિત્યનાથ ઝા, તેમને એ પ્રદેશના માને છે.[230] તે કહે છે કે દરભંગા જિલ્લામાં વેનીપટ્ટી નામે ગામમાં એક નદીને કિનારે ભગવતી દુર્ગાની એક પ્રાચીન મૂર્તિ છે. તેની વાયવ્યે એક ટેકરો છે, તે જુના સમયથી કાલિદાસની વિદ્યાપીઠ તરીકે ઓળખાતો આવ્યો છે. તે દેવીની હજી પણ વિદ્યાર્થીઓ વરદાયિની તરીકે ઉપાસના કરે છે. લેખપાલોના ચોપડામાં આ જગા "કાલિદાસની ચોપડી" ને નામે ઓળખાય છે. આ વાત પણ શ્રદ્ધેય લાગતી નથી. કેમકે કવિ તે પ્રદેશનું ઉભ્માભર્યું ચિત્ર ભાગ્યે જ આપે છે.

## માલક્ષેત્ર

કવિનું જન્મસ્થાન માલક્ષેત્ર હોય તેવો પણ એક અભિપ્રાય છે.[231] મેઘદૂતમાં યક્ષ મેઘને અલકા જવા વિનંતી કરે છે, તે સાથે જ તેનો માર્ગ આંકી આપે છે. તેમાં मालमारुह्य क्षेत्रम्[232] એમ કહીને આ ક્ષેત્રનો ઉલ્લેખ કર્યો છે. કેટલાકોએ તેનો અર્થ માળવા કર્યો છે. પણ જુની ટીકાઓમાં તેને રામગિરિની દક્ષિણે અને આમ્રકૂટની વાયવ્યે બતાવ્યું છે. કવિ મેઘને અયોધ્યા આદિને રસ્તે સીધા ઉત્તરમાં મોકલતા નથી પણ માલક્ષેત્ર પર થઈને આમ્રકૂટ, નર્મદાકિનારે વિદિશા તરફ, ત્યાંથી માર્ગ વાંકો થવા છતાં ઉજ્જયિની સુધી અને ત્યાંથી ઉત્તરમાં કુરુક્ષેત્ર તરફ થઈને કનખલ અને હિમાલય તરફ મોકલે છે ત્યાં તેને માલક્ષેત્ર પર થઈને ઉત્તર તરફ જવા "પ્રવલયગતિ"નો આશ્રય લેવાનું કહે છે. કાલિદાસ જેવા

---

૨૩૦: શ્રી મિરાશી, કાલિદાસ પૃ. ૧૬-૧૭.

૨૩૧: A fresh light on the Meghaduta of Kalidasa, P. 78 and 218 - 20.

૨૩૨: શ્લોક ૧૬.

પ્રમાણ અને ઔચિત્યના ભાનવાળા કવિ, યક્ષની પ્રિયતમાને તેનો સંદેશ વહેલામાં વહેલો પહોંચાડવાની ઉતાવળ છે, છતાં મેઘને આ માર્ગ શા માટે સૂચવે છે? એ કોઇ આંતરહેતુ તેમને માલક્ષેત્ર સાથે જોડતો ન હોય તો ક્રમભંગ કરીને, ઔચિત્યનો ભંગ થવા દઇને પણ તે તેને તે તરફ મોકલે નહીં. તેથી કવિનો જન્મ માલપ્રદેશમાં થયો હોય, તેમનું બાળપણ ત્યાં વીત્યું હોય, મોટા થતાં ઉજ્જવલ ભાવિની શોધમાટે તેમને વિદિશા અને ઉજ્જયિની તરફ જવું પડ્યું હોય, તો પણ જન્મભૂમિની મમતા રહી ગઇ હોય તેજ આ શક્ય લાગે છે. મેઘને તે જે માર્ગ આંકી આપે છે તેનું તેમણે એવું તાદૃશ વર્ણન કર્યું છે, અને વિંધ્યનાં વનોનો ઋતુસંહારમાં પણ એવો તો ઉલ્લેખ છે કે તે માર્ગે તે વારંવાર પસાર થયા હશે અને તેમને તેનો ગાઢ પરિચય હશે એમ અનુમાન થાય છે. આ વિચારણા એક સમર્થ વિચારણા હોઇ ધ્યાનમાં રાખવા જેવી છે.

કવિનું બાલ્ય ઉજ્જયિનીમાં વીત્યું હોય, કેમકે ભારતમાં ભિન્નભિન્ન પ્રકૃતિ રમ્યસ્થાનો, નગરો, પ્રદેશો આદિનું તેમણે નિરૂપણ કર્યું હોવા છતાં ઉજ્જયિનીના નિરૂપણની ઉષ્મા બીજે ભાગ્યે જ દેખાય છે એમ શ્રી મિરાશીનો મત છે.[233]

આ બધા ઉપરથી તો લાગે છે કે જેમ તેમના સમય વિષે તેમજ તેમના જન્મસ્થાન વિષે પણ અનિશ્ચિતતા પ્રવર્તે છે. કવિએ ભારતના ભિન્ન ભિન્ન ભાગોનું વર્ણન એ રીતે કરેલું છે કે કોઇ પ્રદેશ વિશેષ તરફ તેમનો પક્ષપાત ભાગ્યે જ દેખાય છે. તે ભારતના હૃદયસમ્રાટ હોવાને લીધે જુદા જુદા પ્રદેશો આવો દાવો કરે તે સમજી શકાય તેમ છે. આપણે તે વિષે કલ્પના કરીએ તે તો આપણી સમજ પ્રમાણે, બાકી કવિતો તે બાબત મૌનજ રાખે છે. છતાં

---

૨૩૩: કાલિદાસ પૃ. ૭૧ (મિરાશી)

છતાં વિદિશા, વિંધ્ય, ઉજ્જયિનીની સાથે તેમને ગાઢ સંબંધ હતો તે તો સર્જન ઉપરથી સ્પષ્ટ થાય છે. વિદર્ભ સાથે પણ તે કંઇક રીતે સંકળાયેલા હોય અને તેમના જીવનનો ગણનાપાત્ર સમય ઉજ્જયિનીમાં વીત્યો હોય. અન્ય અનેક સ્થળો અને પ્રદેશોનાં વર્ણન કવિએ પોતાની - મહાકવિની તેજસ્વી પ્રતિભાને છાજે તે રીતે કર્યાં છે. અયોધ્યા, ઓષધિપ્રસ્થ, વિદિશા, વિદર્ભપુર, પ્રતિષ્ઠાન આદિનાં વર્ણનો તેવાં છે. અલકા તો કવિના મનોરાજ્યની ગંધર્વનગરી છે, તેનું વર્ણન પણ ભવ્યવૈભવથી ભરેલું અને તાદૃશ છે. પણ ઉજ્જનનું કવિકૃત વર્ણન તો આ બધામાં પણ ભાત પાડે છે. પુણ્યશાળીઓના શેષ રહેલા પુણ્યને બળે પૃથ્વીપર સ્વર્ગનો એક "કાન્તિમત" ખંડ ઉતરી આવ્યો હોય તેવી શ્રી વિશાલા નગરી, ત્યાંના સિપ્રા તરંગો, ભગવાન મહાકાલેશ્વરના ભવ્યમંદિરની ભવ્ય સાયં આરતી, ત્યાં ચામરોથી વ્યંજન કરીને થાકી જતી વારાંગનાઓ, અંધારી, મેઘલી રાતે, સૂચીભેદ્ય-અંધકારવાળા, માર્ગોપરથી પ્રિયતમને મળવા જતી અભિસારિકાઓ, તેમને માર્ગ દાખવવાનો પણ ગર્જન કે વર્ષણથી ન બીવરાવવાનો મેઘને અનુરોધ, આ વર્ણન-નિરૂપણમાં કવિનો ઉત્સાહ અને આત્મીયતાભર્યો રણકો અનોખો તરી આવે છે. દશાર્ણદેશની સરળ કૃષક વધૂઓનો કવિદીધો પરિચય પણ સ્વાભાવિક હોઇ તેમનો તે પ્રદેશના પરિચયની સાક્ષી પૂરે છે.

આ અટકળોનો વિચાર કર્યા પછી શ્રી અને સરસ્વતીના લાડકવાયા લાગતા કવિના વ્યક્તિત્વનું કેવું ચિત્ર તેમના સર્જનમાંથી પ્રગટે છે તે જોઇએ. તેમના સમગ્ર સર્જનમાં તત્કાલીન ભારતીય સંસ્કૃતિની સુવાસ મ્હેંકી રહે છે. તેથી તેમને કવિકુલ ગુરુ, કવિરાજ અને મહાકવિ તેમજ કવિતાકામિનીના વિલાસ તરીકે ઓળખાવવામાં આવ્યા છે, તે ઉચિત લાગે છે. દાર્શનિક

રીતે કવિની શ્રદ્ધા વેદાંતમાં છે, પણ તે વેદાંત ભગવાન શંકરાચાર્યનું વેદાંત નથી. તેમાં માયાનો ખ્યાલ નથી. કવિને યોગ અને સાંખ્યનો પણ પરિચય છે. ન્યાયનો પરિચય ઓછો છે. તે ઇશ્વર અને પ્રકૃતિ બેઉને ચેતનરૂપે કલ્પે છે, જીવન મધુર છે. કવિને તેનો થયેલો અનુભવ મધુર છે. તેમણે ભારતીય જીવન, સંસ્કૃતિ, રાજકારણ, ભૂગોળ, સાહિત્ય, કલા, ધર્મ, બૌદ્ધિક પ્રવૃત્તિ આદિનું સુવર્ણયુગનું મનોહર ચિત્ર દોર્યું છે. છતાં પોતાની પરિણત પ્રજ્ઞામાંથી જન્મેલી અંતિમકૃતિ શાકુન્તલમાં ભરતવાક્યમાં परिगतशक्ति आत्मभू: भगवान् नीललोहित મારા પુનર્જન્મનો ક્ષય કરો એમ પ્રાર્થે છે.[234] સર્વત્ર જીવનના માધુર્યનું મુક્તકંઠે ગાન કરનાર કવિ જાણે કે કહે છે, જીવન મધુર છે. પણ હું તેને ફરી જીવવા માગતો નથી.[235]

કવિ ભોગ અને ત્યાગ બેઉના કવિ છે. શ્રી અરવિંદને[236] મતે ભારતીય સંસ્કૃતિનો તેકાળ Materialistic કાળ હતો. તેમનાં કાવ્યોમાં તેના વિલાસનું લલિત વર્ણન છે. બધા રસ પ્રસંગોચિત હોય ત્યાં ઓછાવત્તા પ્રમાણમાં કુશળતાપૂર્વક નિરૂપાયા છે, છતાં તેમાં શૃંગાર કેન્દ્રસ્થાને વિરાજે છે. છતાં કવિ અંતે તો

---

૨૩૪: શાકુ અં. ૭, શ્લોક ૩૫

प्रवर्ततां प्रकृति हिताय पार्थिव: सरस्वती श्रुति महतां महीयताम्।
ममापि च क्षपयतु नीललोहित: पुनर्भवं परिगतशक्तिरात्मभू:।।

૨૩૫: And happy has been my life,
But I would not live it again. (Tennyson's Mother)

૨૩૬: અરવિંદ, કા. પૃ. ૧

પુનર્જન્મમાંથી મુક્તિ માગે છે. આમાત્ર ભારતવર્ષમાં જ શક્ય છે. કાલિદાસને બ્રાહ્મણો, ઋષિઓ, તેમના આશ્રમો અને દિનચર્યાંમાટે આદર છે, તેમાં રસ છે.

તેમની દિનચર્યા અને નિત્ય વ્યવસાયનું સૂક્ષ્મ વિગતોવાળું ચિત્ર તે ઠેર ઠેર દોરે છે તેથી લાગે છે કે કવિ બ્રાહ્મણ હતા. ઋષિઓના ત્યાગ અને તપશ્ચર્યામય જીવન, વિદ્વાન બ્રાહ્મણો, બ્રહ્મચારીઓ, આદિનાં વર્ણનો, તેવાં કથાનકોનો સ્વીકાર, યજ્ઞો અને યજમાનોનાં વર્ણનો, કવિએ પોતે વૈદિક છંદમાં રચેલો એક શ્લોક - જે કણ્વના મુખમાં મૂક્યો છે. [237] - તે બ્રાહ્મણ આચારવિચાર અને સંસ્કાર પ્રત્યેનો તેમનો પ્રેમ પ્રગટ કરે છે. તેમનાં માતાપિતા કદાચ કાલીનાં ઉપાસક હોય અને તેમનું કાલિદાસ પડયું હોય તે સંભવે છે. પણ સંસ્કારી, સૌમ્ય, મસ્ત પ્રકૃતિના કવિ બન્યા છે, ભગવાન શિવના ઉપાસક, બૌદ્ધ ધર્મની ચડતીના પાંચ છ સદીઓ સુધી ચાલેલા દોર પછી શુંગવંશના વિખ્યાત સ્થાપક સેનાપતિ પુષ્યમિત્ર, કણ્વો, આંધ્રો, સાતવાહનો, ક્ષત્રપો અને ગુપ્તોએ એક રીતે બ્રાહ્મણ ધર્મ સ્વીકાર્યો, તેને આશ્રય આપ્યો. અશ્વમેધ યજ્ઞો કર્યા, સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન આપ્યું, અને અશ્વઘોષ જેવા બૌદ્ધ કવિને પણ પોતાના પ્રિય ધર્મનો પ્રચાર કરવા- તે તરફ લોકોને આકર્ષવા પોતાનાં મહાકાવ્યો સંસ્કૃત ભાષામાં રચવાં પડયાં, તે સ્થિતિ થઇ હતી. રુદ્રદામન જેવાના શિલાલેખો ગદ્યપદ્યમય સંસ્કૃતમાં છે. તે યુગમાં અભ્યાસ વિષયક પ્રવૃત્તિ પણ સર્વતોમુખી થઇ. તે સુવર્ણયુગમાં જ રચાયેલી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં આશ્રમોમાં ભણાવાતી ૧૪ વિદ્યાઓનો ઉલ્લેખ આવે છે.

---

૨૩૭: શાકુન્તલ, અંક ૪થો, શ્લોક ૮.

पुराण न्यायमीमांसा धर्मशास्त्राऽङ्गमिश्रिताः ।
वेदाः स्थानानि विद्यानां धर्मस्य च चतुर्दश ।।

અર્થાત ચારવેદ, જ્યોતિષ, શિક્ષા, વ્યાકરણ, નિરુક્તાદિ છવેદાંગ, ન્યાય, મીમાંસા, તથા ધર્મશાસ્ત્ર એ ચૌદ વિદ્યા અને ધર્મનાં સ્થાન છે. એના અભ્યાસની સાર્વત્રિક પ્રવૃત્તિ તે સમયનાં તક્ષશિલા, નાલંદા, વલ્લભી, અવંતી જેવાં વિદ્યાધામોમાં થતી હશે એમ લાગે છે.[૨૩૮] કાલિદાસ પોતે એવા એક સ્નાતક અને ગુરુદક્ષિણાર્થી બ્રહ્મચારી કૌત્સનું નિરૂપણ કરે છે.[૨૩૯] વસિષ્ઠનાં આશ્રમનું પરમ મંગલમય વાતાવરણ નિરૂપે છે.[૨૪૦] તે, કવિ આશ્રમ જીવનના પ્રશંસક અને તે વખતનાં વિદ્યાપીઠોથી પરિચિત હતા એમ સૂચવે છે.

## પ્રતિભા અને અભ્યાસ

કાવ્યના હેતુ તરીકે વાગ્દેવતાવતાર સાહિત્યાચાર્ય મમ્મટ કહે છે :

शक्तिर्निपुणता लोकशास्त्रकाव्याद्यवेक्षणात् ।
काव्यज्ञशिक्षयाभ्यास: इति हेतुस्तदुद्भवे ।। २४१

આમાં પ્રતિભાની સાથે સાથે નિપુણતા અને કાવ્યજ્ઞ ગુરુના માર્ગદર્શન નીચે અભ્યાસ એ ત્રણેને તે કાવ્યના ઉદ્ભવ માટે અનિવાર્ય ગણે છે. આ નિપુણતા લોકજીવનના નિરીક્ષણ અને અભ્યાસ, કાવ્ય

---

૨૩૮: Kalidasa — મ. મ. મિરાશી, પૃ. ૭૮ (કાલિદાસ)
૨૩૯: એજ
૨૪૦: રઘુવંશ, સર્ગ ૧લો.
૨૪૧: કાવ્ય પ્રકાશ, ઉલ્લાસ ૧.

અને શાસ્ત્રના અભ્યાસથી આવે છે. રાજશેખરથી પણ કવિના અભ્યાસના વિષયો આગણાવે છે. શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ, દર્શન, શાસ્ત્ર, કામશાસ્ત્ર, પાંચરાત્ર તથા અન્યમતો, અર્થશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, ધનુર્વેદ, રત્નપરીક્ષા, યોગશાસ્ત્ર, અશ્વગજાદિશાસ્ત્રો ઉપરાંત લોકવ્યવહાર.[૨૪૨] તે જોતાં પ્રાચીન આચાર્યો, કવિનું ચિત્ત કેવું ગ્રહણશીલ અને તેનો અભ્યાસ કેવો વિશાળ હોવાનું આવશ્યક ગણતા તે સમજાય છે. કવિના સર્જનમાં પણ તેમની સમુન્નત વિરલ પ્રતિભા, જીવનનું સૂક્ષ્મ નિરીક્ષણ અને સહાનુભૂતિ ભર્યું નિરૂપણ તથા શાસ્ત્રાદિનો વિશાળ અભ્યાસ પ્રગટ થાય છે. કોઈપણ પ્રકારની ઉત્તમસિધ્ધિ ભારેતપ – પુરૂષાર્થ કર્યા વિના પ્રાપ્ત થતી નથી. એ તપ સામાન્ય લોકોની નજરે પરોક્ષ રહે છે, એટલે આવી વિરલ લોકોત્તર પ્રતિભાના આવિષ્કારને તે ચમત્કાર માની લે છે. લોકમતને આ ચમત્કારમાં સ્વાભાવિકરીતે રસ પણ હોય છે. વિરલ શક્તિને તે અહોભાવ પૂર્વક જુએ છે. તેના મૂળમાં વીરપૂજા-વ્યક્તિપૂજાની સ્વાભાવિક મનોવૃત્તિ હોય છે. જે કાર્ય પોતાને અશક્ય લાગે તેને તે અતિમાનવ કે અદ્વિતીય શક્તિનું પરિણામ માને છે. તેથી જ કવિ વિષે આવી કલ્પનાઓ જોવા મળે છે. બાકીતો કવિનાસર્જનમાંથી જે અસામાન્ય પ્રતિભા અને વિશાળ મર્મગ્રાહિ જ્ઞાનનો પરિચય મળે છે તે ઉપરથી તે વિરલપ્રતિભાસંપન્ન મહાન અભ્યાસી હશે એમ લાગે છે. માનવમનનાં ગંભીર ઉંડાણ અને લોકજીવનનાં વિવિધ પાસાંનું તેમણે નિરૂપણ કર્યું છે. તેથી તે માનવહૃદયના મર્મવિદ્ હશે એ દેખાઇ આવે છે. જે યુગમાં કવિ જીવ્યા તે રાજાશાહી-સામંતશાહીનો યુગ હતો.

---

૨૪૨: Quoted by ચિરાશી, પૃ. ૭૮, (કાવ્યમીમાંસા)

અધ્યાય -૮

કવિ સમાજના ઉચ્ચસ્તરમાંથી આવ્યા હતા, તેની વચ્ચે જ સદા રહ્યા. ગરીબી અને તેની વેદના તેમણે ભોગવી નહીં હોય, તે ભગવતી શારદા અને લક્ષ્મીના કૃપાપાત્ર રહ્યા હશે એમ લાગે છે. તેમનાં કાવ્યમાં મસ્ત વિલાસ, સૂક્ષ્મ નિરીક્ષણ અને વિવિધ માનવભાવોનું સહાનુભૂતિ ભર્યું નિરૂપણ જ જોવા મળે છે. તે સાથે જ ઉમદા હૃદય, ગંભીર વિચારશીલતા, વ્યાપક જ્ઞાન, કલાભાન અને વિરલ કલાસંયમ પણ દેખાય છે.

## ભારતનો પરિચય

ભિન્નભિન્ન સર્જનોમાં થઇને તેમણે સમગ્ર ભારતનું ઉષ્મા, ઉત્સાહ, ભક્તિ અને સચ્ચાઇના રણકાભર્યું વર્ણન કર્યું છે. તત્કાલીન ભુગોળ અને ઇતિહાસનું જ્ઞાન તેમની વિદ્વત્તાનો પરિચય આપે છે. કવિ તેનું જ્ઞાન આપવા માટે કાવ્ય રચના કરતા નથી. પણ તત્કાલીન ભાવકોના મનમાં આ વિષેના ખ્યાલોને બાધક અને તેથી રસાસ્વાદમાં અંતરાયરૂપ નિરૂપણ પણ કરતા નથી. આ જ્ઞાન કાવ્યના સ્વાભાવિક અંગ તરીકે જ તેમાં ગુંથાઇ ગયું છે. મુખ્યત્વે મેઘદૂત – પૂર્વમેઘમાં અને રઘુવંશમાં તે કાવ્યના અવિયોજ્ય અંગ તરીકે નિરૂપાયું છે.[૨૪૩] મેઘદૂતનો, શાપને કારણે પ્રિયા વિરહી યક્ષ, રામગિરિના આશ્રમોમાં વસે છે. આષાઢના પ્રથમ :પ્રશમ: દિવસે તે ગિરિશિખરને ભેટીને રહેલા મેઘને જુએ છે. દૂર પડેલી પ્રિયતમાને યાદ કરી તેની જીવિતાકાંક્ષાથી તેની સાથે પોતાની કુશળતાનો અને ધીરજ ધરવાનો સંદેશ મોકલાવે છે. તે તેને વિંધ્યના પૂર્વ છેડે આવેલા

---

૨૪૩: પૂર્વમેઘ, અને રઘુવંશ, સર્ગ ૪ અને ૧૪

રામગિરિથી અલકા પર્યંતનો માર્ગ બતાવે છે. માલક્ષેત્ર, આમ્રકૂટ, વિંધ્યપાદે વિશીર્ણ રેવા, વિદિશા અને આસપાસનાં સ્થાનો, અવંતીદેશ, ઉજ્જયિની, દશપુર, કુરુક્ષેત્ર, કનખલ, હિમાદ્રિ અને અલકા સુધીના ભૂમિભાગનું ત્યાંનું વર્ણન તાદૃશ છે. રઘુવંશમાં રઘુનો દિગ્વિજય અને તેના માર્ગમાં આવતાં સ્થળ પ્રદેશોના વર્ણનમાં જાણે તત્કાલીન ભારતની સીમાઓ વર્ણવી છે. ભગવાન રામ લંકાથી અયોધ્યા સુધીનો માર્ગ પુષ્પક વિમાનમાંથી કેવો દેખાય છે તેનું જે મનોહર વર્ણન કરે છે, તે કવિની કલ્પનાનો અદ્ભુત ચમત્કાર તો છે જ, પણ તે માનવભાવોની સુકુમારતા અને મૃદુતા સાથે વર્ણવાયો છે. તેમાં માત્ર ભૌગોલિક તથ્યો કે દૃશ્યોનું નિરૂપણ નથી. તેમાં કવિએ માનવભાવ અને પ્રકૃતિ સૌન્દર્યની સંવાદિતાના મનોહર રંગો પૂરવાની સાથે પોતાના ભારતપ્રેમની ભાવનાનાં પૂર પણ વહાવ્યાં છે. નગરો અને જનપદનાં સ્વાભાવિક સુંદર ચિત્રો, વિરહાદિ માનવભાવો સાથે અવિચ્છિન્નરીતે ઓતપ્રોત થઇગયાં છે. તેમને છૂટાં પાડતાં કાવ્યના કાવ્યત્વને હાનિ જ પહોંચે તેમ છે. પર્વતોપરના દવ, જનપદવધૂઓની સરળ સ્વાભાવિક રીતે મેઘપ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરતી દૃષ્ટિ, ચિત્રિત - અંકિત હાથીની યાદ આપતી વિંધ્યપાદે વિસ્તીર્ણ રેવા, સરસ નિચુલ વૃક્ષો, આદિનાં વર્ણન કવિનો તે પ્રદેશ સાથેનો પરિચય બતાવે છે. ૨૪૪ તેજ રીતે વિદિશા, શ્રી વિશાલા ઉજ્જયિની, આસપાસનો પ્રદેશ, નીચૈઃ ગિરિ, સ્કંદ, બ્રહ્માવર્ત, કુરુક્ષેત્ર, કનખલ, પાસે હિમાદ્રિમાંથી ઉતરતી ગંગાના અવતારનું નિરૂપણ, તેમનો ઉત્તરભારતનો પરિચય સૂચવે છે. હિમાલય વર્ણનના અમર શ્લોકોમાં

---

૨૪૪: પૂર્વમેઘ, ૧૬-૨૦ -૨૦ - ૬૩ઇ

વિગતોની સચ્ચાઇ છે. દિલીપની ગોપરિચર્યા, ગંગાના પાત્ર નજીક ગિરિકંદરાઓનું સૌન્દર્ય[245] દેવદારૂ અને ભૂર્જપત્રના વનોની સુંદર સૃષ્ટિ, ગિરિપ્રપાતો, કિન્નર, યક્ષ, કિરાત આદિના ઉલ્લેખો, વિદ્યાધરયુગલો, ઔષધિઓના પ્રકાશમાં તેમના ગુફામાં થતા વિલાસ, તેમને તિરસ્કરિણી તરીકે કામ આપતી મેઘમાલા, હિમાલય પ્રત્યેનો કવિનો પ્રેમાદર સૂચવે છે.[246] ગુરૂના આશ્રમે રથમાં પત્ની સાથે જતા દિલીપના માર્ગનું વર્ણન તેજ સૂચવે છે.[247] રઘુ દિગ્વિજયમાં ગંગા યમુનાના મેઘ અને ત્યાંની ખેતી અને લોકજીવન, બંગ, વંગ, કલિંગ, પાંડયાદિ દક્ષિણ ભારતના પ્રદેશો, મલય, અપરાન્ત, વક્ષુ : સિંધુ: તીરની કેસર કુંકુમયુક્ત ભૂમિ, ઇરાનીઓ અને હૂણોનો પરિચય, હિમાલય ઓળંગીને ભારતમાં પ્રવેશ, તાલીવનમર્મર સાગર કિનારો, ચંદનવૃક્ષો, નાલિકેર, સોપારી, દ્રાક્ષ અને મધુના ઉલ્લેખો એ તેજ સૂચવે છે.[248] દશરથની મૃગયાનું વર્ણન, કણ્વાશ્રમ, માલિની તીર, આદિમાં વિગત પ્રચુર બિનચૂક વર્ણન છટા છે. અયોધ્યા આવતા શ્રીરામે કરેલું અયોધ્યા સુધીનું માર્ગવર્ણન પણ તેજ સૂચવે છે. જન્મલગ્ની અને મૃત્યુ જેવા માનવ જીવનના મહત્ત્વના પ્રસંગોના નિરૂપણમાં, નિરીક્ષણ અને શાસ્ત્રજ્ઞાન પ્રગટ થાય છે. જાત કર્માદિ સંસ્કારો, અજ કે ભગવાન શિવની વિવાહવિધિમાં, ઇંદુમતી જેવીની અંત્યેષ્ટિવિધિમાં તે દેખાય છે. વિવાહવિધિનું નિરૂપણ તેમણે ગૃહ્યસૂત્રો પ્રમાણે કર્યું છે. વિવાહ મેળવવામાં લૌકિક

---

૨૪૫: રઘુવંશ, સર્ગ ૨, ૧ થી ૧૮.

૨૪૬: રઘુવંશ, અને કુમાર સંભવ.

૨૪૭: રઘુવંશ, ૧, ઉત્તરાર્ધ.

૨૪૮: રઘુવંશ, સર્ગ ૪થો.

આચાર – વર્ણનપણ આબેહૂબ છે.[૨૪૯] ભારતીય પ્રથાના વિવાહમાં કન્યાના પિતાપાસે કન્યાનું માગું કરાવવાથી માંડીને કન્યાને વળાવવામાં આવે ત્યાં સુધીના શૃંગાર, લગ્નવિધિ, અગ્નિનું સાક્ષ્ય, અને પ્રદક્ષિણા તો જાણે ઠીક, પણ કન્યાના મંગળ શણગાર, તે વખતની માતાપિતાની માનસિકસ્થિતિ વગેરેનું નિરૂપણ, જાણે એ બધું કવિએ પોતેજ અનુભવ્યું હોય એમ આપ્યુંછે. જુદા જુદા પ્રકારની શિક્ષા અને રઘુની નજર તળે અજનું યૌવરાજ્ય, દશરથ અને અતિથિની રાજનીતિ.[૨૫૦] માલવિકાગ્નિમિત્રમાં તરતના સિંહાસનારૂઢ શત્રુને ઉખાડી નાખવો સરલ પડે છે, તે વિગત, હારેલા શત્રુના રાજ્યને વહેંચી નાંખીને તે સ્વજનને આપીને તથા વિજયના ઉપલક્ષ્યમાં મૌર્યસચિવને ય છોડી દઇને હારનો ડંખ ઓછો કરી નાખવાની કુશળતા તથા તેની શક્તિને અર્ધી કરી નાખવાનો નય, રાજ્યશાસ્ત્રની ઊંડી સમજ સૂચવે છે.[૨૫૧] તેજ રીતે રઘુવંશના નવમા સર્ગમાં આવતા ત્રણ શક્તિના ઉલ્લેખ, સાપ્તાંગ, યાતવ્ય, પ્રકૃતિ, મૂળ, પ્રત્યક્ષ, પાર્ષ્ણિ વગેરે પારિભાષિક શબ્દોનો પ્રયોગ, નાટકોમાં પણ રાજાઓનું શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે દિનચર્યા પરક વર્ણન, નીતિશાસ્ત્રપ્રમાણેનાં કાર્ય, અમાત્ય, અમાત્યપરિષદના ઉલ્લેખો એવા છે.[૨૫૨] કવિની વર્ણનશક્તિ અદ્ભુત છે અને પ્રત્યેક વર્ણ્યવિષયને તાદૃશ તથા વિગતભરપૂર બનાવી મૂકે છે. વન, વસંત, વર્ષા, શરદ, ગ્રીષ્મ, હેમંત, શિશિરનાં ઋતુ સંહારમાં આવતાં વર્ણનો, મૃગયા, યુદ્ધ, ગિરિવર્ણન, આશ્રમવર્ણન, વિલાસવર્ણન, તથા પ્રકૃતિના

---

૨૪૯: કુમાર સંભવ સર્ગ ૬–૭

૨૫૦: રઘુવંશ સર્ગ ૯ અને ૧૭.

૨૫૧: માલવિકાગ્નિમિત્ર, અં. ૫

૨૫૨: રઘું સર્ગ, ૯ અને ૧૭

પરમપ્રેમી કવિના પ્રકૃતિ વર્ણનમાં માનવ ભાવોનો સંવાદી મેળ માત્ર બાહ્યસૃષ્ટિસુધી નહીં પણ આંતરસૃષ્ટિ સુધીની કવિની સૂક્ષ્મ નિરૂપણ નિરીક્ષણ શક્તિ કેવી તો પહોંચે છે, અને તે તેનો કેવો ઔચિત્યપૂર્ણ વિનિયોગ કરે છે તે બતાવે છે. નાનકડા ઇન્દ્રગોપ પણ તેમની નજરમાંથી છટકી શકતા નથી. આ વર્ણનો એકદમ દિલને આકર્ષે છે. કલ્પનાના પટપર અનંત સુંદર ચિત્રોની હારમાળા સર્જે છે. એ મોહક અનુભવ કવિના સર્જનના પ્રત્યેક અભ્યાસીને થયા વિના રહેતો નથી. તે વિશાળ રળિયાળી ભૂમિ, ~~દનિદ~~ નદી, નદ, સરોવરો, વાપીઓ, પર્વતો, પર્વતીય અને મેદાનોમાંની અનંતવિધ વનસ્પતિ અને પંખીઓ, પશુઓ અને પુષ્પોની વિવિધ સમૃદ્ધિનું વર્ણન કરવામાં જેટલા સિદ્ધહસ્ત છે તેટલા જ વિવિધ માનવસૃષ્ટિને સર્જવામાં છે. નગરજનો, દક્ષપ્રેમીઓ, નાગરિકતાથી અનભિજ્ઞ સરળ સુંદર ગ્રામસુંદરીઓ, પુરાંગનાઓ, વારાંગનાઓ, વીરાંગનાઓ, સતીઓ, પુરંધ્રીઓ આત્મ સમર્પણ કરનારી રાણી ઔશિનરી જેવી સંસ્કારી, તો સ્વાધીન પતિકા છતાં પતિની ઇચ્છાને પૂરી કરનાર ધારિણી જેવી રાણીઓ, યૌવનમત્ત ઇર્ષાળુ ઇરાવતી, પ્રકૃતિના જે એક અંગ જેવી, મહર્ષિ વિશ્વામિત્ર અને અપ્સરા મેનકાની મહર્ષિ કણ્વે પાળેલી, નિર્વ્યાજ, મનોહર, સરળ, લજ્જાળુ, આત્મસમર્પણશીલ, છતાં તેજસ્વી, દૃઢ અને તપસ્વિની શકુન્તલા, આર્યસન્નારીના પરમ મંગલમય આદર્શને રજૂ કરતાં, પતિ તરફથી અન્યાય થવા છતાં પતિને ધર્માચરણશીલ જાણીને ઉદાર દિલે ક્ષમા કરતાં તથા જે કાંઇ બન્યું છે તેમાં પોતાના જ પૂર્વકર્મનો વિપાક જોતાં "भूयो भूयो यै जननान्तरे पि त्वमेव भर्ता न च विप्रयोगः "

ઇચ્છતાં, કારૂણ્ય અને ગૌરવમૂર્તિ સીતા દેવી, કે "निनिन्द रूपं हृदयेन पार्वती।" માં, માત્ર રૂપથી ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ થતી નથી, તપ અને અંત: સૌન્દર્ય જ માનવીને સિદ્ધિ આપે છે, એમ સમજતાં મૃણાલપેલવવપુવાળાં પણ ભારે કઠોર અને ભલભલા તપસ્વીઓને જેવા આવવાનું મન થાય એવું તપ કરતાં ગિરિરાજકિશોરી દેવી પાર્વતી, સ્ત્રીવર્ગમાં; તો દિલીપ, રઘુ, અજ, દશરથ, શ્રીરામ, અતિથિ, ભગવાન શંકર, મહર્ષિકણ્વ દુર્વાસા, અને મરીચ જેવા મહર્ષિઓ, પુરૂરવા અને દુષ્યન્ત જેવા નાયકો એ પુરૂષ વર્ગનાં કવિની સૃષ્ટિનાં રમણીય પાત્રસર્જનો છે. ભારતીય જીવનાદર્શ કવિને એ જીવનનો અંગભૂત ન બની ગયો હોત અને માનવમનના "મરમી" પારખુ એ ન હોત તો આ વ્યક્તિ અને પ્રકૃતિ ચિત્રોમાં જે તાદૃશતા અને સચ્ચાઇનો રણકો સંભળાય - વર્તાય છે તે ન બનત. જીવન નિરીક્ષણ અને નિરૂપણની શક્તિ સાથે જ ભારતીય આદર્શોને કમનીયરૂપે રજૂ કરી લોકોને તે તરફ આકર્ષવાની અદ્‌ભુત શક્તિપણ છે.

વેદોના ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત સ્વરોનો ઉલ્લેખ તદ્‌વિષયક જ્ઞાનનું અને તેમણે પસંદ કરેલાં કથાનકો તેમના પુરાણજ્ઞાનનું સૂચન કરે છે. ઋતુસંહાર પ્રકૃતિ સૌન્દર્ય અને માનવ પ્રેમનું નિરૂપણ કરે છે, તો મેઘદૂતનો વિષય એક રીતે કાલ્પનિક છે. પણ વિપ્રલંભ શૃંગાર શૃંગારના એ મનોહારી કેલિકાવ્યમાં ઊર્મિમય રીતે કરેલું ભારતની વર્ષાકાલીન પ્રકૃતિનું વર્ણન કવિનો દેશપ્રેમ, દેશના સૌન્દર્યનું યથાતથા જ્ઞાન, માનવભાવોનું ગહન, સુકુમાર અને સહાનુભુતિમય નિરૂપણ પ્રગટ કરે છે, કુમારસંભવ, રઘુવંશ, વિક્રમોર્વશી, શાકુન્તલ, ના વિષયો પુરાણકથાના આધારે લેવાયા છે. વિ. નો વિષય તો છેક વેદકાળ જેટલો જુનો અને જાણીતો છે. રઘુવંશનો વિષય મહર્ષિ વાલ્મીકિના અમર આર્ષકાવ્ય રામાયણ પરથી છે. મેઘદૂતની પાછળ પણ તેની જ ~~પ્રેરણા~~ પ્રેરણા કામ કરી રહી છે. કુમારસંભવમાં કવિએ "जगत: पितरौ" નું

દિવ્ય અને મંગલમય ચરિત્ર ગાયું છે. અભિજ્ઞાનશાકુંતલનો વિષય મહાભારતના એક ઉપાખ્યાન પરથી લઈને કવિએ તેમાં પ્રેમના સનાતનતત્ત્વ વિષેનું દર્શન નિરૂપ્યું છે. આ બધામાં કવિની ભારતીય પરંપરા, આદર્શપ્રત્યેની શ્રદ્ધાની જ્વલંતતા પ્રગટ થાય છે. તેમાં યથાપ્રસંગ ચિંતનાદિ કે દાર્શનિક વિચારો પણ કવિએ નિરૂપ્યાં છે. અજ વિલાપ પ્રસંગે કવિ "मरणं प्रकृतिः शरीरिणाम्" जीवितं विकृति रुच्यते बुधैः । કહે છે. તેમાં જીવનનું એક મહાસત્ય કેવી સાહજિકતાથી કહી દીધું છે! "મહર્ષિ વસિષ્ઠે શિષ્યસાથે મોકલેલા સંદેશમાં પણ એવું ચિંતન યાદગારરૂપે પ્રકટ થયું છે.[૨૫૩] કવિ વેદાન્તી છે. તેમનું વેદાન્ત ઔપનિષદ છે. દેવોએ કરેલી બ્રહ્માની સ્તુતિ[૨૫૪] કે ભગવાન વિષ્ણુની ~~સ્તુતિ~~ સ્તુતિ[૨૫૫] માં ઔપનિષદિક વિચારણાના પડઘા પડયા છે. કવિનાં ત્રણે નાટકોની નાન્દીઓમાં ભગવાન શંકરની સ્તુતિ છે. શાકુન્તલના ભરતવાક્યમાં પણ એજ પોતાના પુનર્ભવનો નાશ કરે એમ કવિ પ્રાર્થે છે. શ્રી વાસુદેવશરણ અગ્રવાલ મેઘદૂતમાં પણ આધ્યાત્મિક હેતુ જુએ છે. તેમને મતે શિવ ~~પમ~~ પરમાત્મા છે – વેદાન્તપ્રતિપાદિત બ્રહ્મ છે. તેમની આઠ મૂર્તિઓ તે અપરા પ્રકૃતિનાં આઠરૂપ છે. ભિન્નભિન્ન કાર્યવશ ભિન્નભિન્ન રૂપ ધારણ કરતા શિવ, બ્રહ્મા અને વિષ્ણુ વિશ્વનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયના સ્થાનરૂપ એક શક્તિનાં જુદાં જુદાં નામ છે. મેઘ વૃષ અને શ્રમનું રૂપ છે અને તે તેમને ભક્તિ વિનમ્ર થઈને વશ કરવાનો અનુરોધ છે. શિવપાર્વતીના વિવાહદ્વારા જ

---

૨૫૩: રઘુવંશ સર્ગ ૮, શ્લોક ૭૬–૯૦

૨૫૪: કુમાર સર્ગ ૨–૪–૧૫

૨૫૫: રઘુસર્ગ ૧૦,–૧૬–૩૨

શિવ તેના પર પ્રસન્ન થાય છે. મેરુદંડ તે હિમાલય છે. પાર્વતી સુષુમણા નાડી છે. તેના દ્વારા શિવનું તેજ છએ ચક્રોમાં થઇને પુષ્ટ થાય છે. ત્યારે જ કુમારનો જન્મ થાય છે. ઇન્દ્રિયોની સાત્ત્વિક અસાત્ત્વિક વૃત્તિયોના દેવાસુરસંગ્રામમાં તેની શક્તિથી જ દેવસેના-સાત્ત્વિક વૃત્તિઓનો વિજય થાય છે. પણ આ બધા વિચારો પ્રતીતિ જનક લાગતા નથી, કેમ કે કામદહન પછી શિવ કામને ફરી સંજીવન કરે છે.[૨૫૬] પાર્વતીના સુંદર મુખ ઉપર પોતાની દૃષ્ટિ ફેરવે છે,[૨૫૭] અને તેમની સાથે વિલાસ કરે છે.[૨૫૮] એ બધું તો પછી શાને માટે? માત્ર યક્ષ અને યક્ષપત્નીના વિયોગને આધાર માનીને એ આ કાવ્યનો રસાસ્વાદ કરી શકાય છે.

કાલિદાસ ભગવાન શિવની સમાધિનું વર્ણન કરે છે. યોગદ્વારા આત્મદર્શન કરીને મોક્ષ પામી શકાય એવી કવિને શ્રદ્ધા છે. તેમ તે ઉપરથી તથા રઘુના યોગથી થયેલા મોક્ષ[૨૫૯] અને રઘુવંશના રાજાઓ અંતે યોગથી શરીરનો ત્યાગ કરતા હતા એવા વિધાનથી લાગે છે.[૨૬૦] તેમનો સાંખ્યવિષયક ખ્યાલ એકેશ્વરવાદી સાંખ્યનો છે. તેમને ઇશ્વરચંદ્રની સાંખ્ય પદ્ધતિનો ખ્યાલ હોય એમ લાગે છે. તો તે ભગવદ્ગીતાના સાંખ્યને વધારે[૨૬૧] પસંદ કરે છે. માલવિકાગ્નિમિત્ર, વિક્રમોર્વશી,

---

૨૫૬: કુમારસંભવ સર્ગ ૭, શ્લોક ૯૩

૨૫૭: કુમાર સંભવ ૩, શ્લોક ૬૭

૨૫૮: કુમાર સંભવ ૮,

૨૫૯: રઘુવંશ ૩, શ્લોક ૨૪

૨૬૦: રઘુવંશ ૧, શ્લોક ૮

૨૬૧: ચેટરજી — Kalidasa.

વિપ્રલંભ શૃંગારનું મર્મસ્પર્શી નિરૂપણ છે. ક રાજા ક્યાં ખરેખર ગાંડો બન્યો છે. ? એની કલ્પનાશક્તિ અને ક્યારેક વિવેકશક્તિ સાબૂત હોવાના ઇશારા મળે છે. રાજા એક વસ્તુકે પ્રાણીને ઉર્વશીના સમાચાર પૂછે છે. જવાબ મળતો નથી. ગિરિહંસ, કોકિલ, ભમરો, હાથી, હરણ વગેરે વિવિધ વસ્તુ કે પ્રાણીને તે એ રીતે પૂછે છે એ આખુંય દૃશ્ય ભજવવાની યોજના વિશિષ્ટ હોવી જોઇએ. જો રાજા આખોય વખત રંગમંચ પર જ રહે તો તે આખુંય દૃશ્ય કંટાળાજનક થઇ પડે, પણ તે એકને પૂછે, જવાબ ન મળે એટલે રંગમંચપરથી ચાલ્યો જાય, બીજું પ્રાણી પ્રવેશે, રાજા ફરી આવીને તેને પૂછે અને જવાબ ન મળતાં ચાલ્યો જાય, એ ક્રમ ચાલ્યા જ કરે તો જ આ દૃશ્યમાં વૈવિધ્ય આવે. દરમ્યાન પાશ્ર્વભૂમિમાં અપ્સરાઓનું એક ઉન્મત્ત હાથી પોતાની પ્રિયાને શોધતો ભમે છે તે વિષયનું પ્રતીકાત્મક નિરૂપણ, મધુર અને ગેય અપભ્રંશ પદ્યોમાં ગવાયા કરતું હોય – આવી યોજના કવિની પહેલાં કોઇએ કરી જાણી નથી.[૨૬૬] કવિને સંગીત, નૃત્ય તથા વાદ્યોનો પરિચય પણ સારો છે. માલવિકા, વિક્રમોર્વશી, અને શકુન્તલામાં યે તેના ઉલ્લેખો આવે છે.

તે ઉપરાંત કવિ શબ્દ અને છંદના નાદતત્ત્વ અને સંગીતને પારખવાની અજોડ શક્તિ ધરાવે છે. મેઘદૂતમાં તેમણે પસંદ કરેલો છંદ મંદાક્રાન્તા, તેના વિષયને અનુકૂળ છે. શબ્દોની પસંદગીમાં પણ તેવો જ ખ્યાલ રાખે છે. શકુન્તલામાં હંસપદિકાનું ગીત ગવાયું હતું અને રાજાના મન પર તે મધુરગીતની અસ્વસ્થતા કરનારી અસર થઇ એમ નિરૂપણ છે.[૨૬૭] માલવિકા

---

૨૬૬: શ્રી જાગીરદાર, પૃ. ૯૦ The Drama in Sk. lit.

૨૬૭: શાકુન્તલ, અંક ૫.

પણ રાજા પ્રત્યેનો પોતાનો અભિલાષ શર્મિષ્ઠાકૃત ગીત દ્વારા રજૂ કરે છે. ત્યાં તો કવિનું નૃત્યવિષયક જ્ઞાન પણ પ્રગટે છે. નૃત્યશાસ્ત્ર, પ્રયોગ, અભિનયવિષયક જ્ઞાન માલવિકાના પ્રથમ અંકમાં જ રાજાના અન્યકાર્યસચિવ વિદુષકની ઉસ્તાદીથી ભડકેલી ઉઠેલી નાટયાચાર્યોની સ્પર્ધાના આખાય પ્રસંગમાં જોવા મળે છે. તેમાં ચલિત અને પંચાગાભિનયના ઉલ્લેખ છે. રાજાઓ નૃત્ય, સંગીત, ચિત્ર વગેરે કળાઓને ઉત્તેજન આપતા હશે, તે કલાઓના વિશેષજ્ઞોને પોતાની પાસે રાખતા હશે અને તે કળાઓનો રાજભવનોમાં અભ્યાસ તથા પ્રયોગો થતા હશે, એમ દેખાય છે.[૨૬૮] મેઘદૂતમાં યક્ષ મેઘને ઉજ્જયિની જવાનો અનુરોધ કરે છે. ત્યાં શિવની સાયં આરતી વખતે થતા નૃત્યગીતનો ઉલ્લેખ છે. તે જ રીતે ઉત્તરમેઘમાં અલકાના વર્ણનમાં ત્યાંના સંગીતપ્રિય લોકો અને વિવિધ વાદ્યોનું[૨૬૯] પ્રિય વિરહ વખતે વીણાપર પોતે જ તદ્વિષયક રચેલા ગીતને ગાવાનો પ્રયત્ન કરતી અને ઉર્મિશીલતાના કારણે તેને ભૂલી જતી યક્ષપત્નીનો[૨૭૦] તથા કુમારસંભવમાં શિવજીનો યશ ગવાય છે,[૨૭૧] તેવા ઉલ્લેખો કવિની સંગીત અને વાદ્યોવિષયક સમજનો ખ્યાલ આપે છે. રઘુવંશમાં રાજા અગ્નિવર્ણ મૃદંગવાદનમાં કુશળ વનિતાઓના વાદનમાં ભૂલો બતાવી તે કેમ બજાવવું તે શીખવી તેમને શરમીંદી બનાવે છે તેવો ઉલ્લેખ છે.[૨૭૨] કવિને પોતાના જમાનાનાં

---

૨૬૮: બ. ક. ઠાકોર - મનનિકા ટીકા

૨૬૯: ઉત્તરમેઘ, શ્લોક ૬૪

૨૭૦: ઉત્તરમેઘ, શ્લોક ૬૩

૨૭૧: કુમાર, સર્ગ ૩

૨૭૨: રઘુવંશ, સર્ગ ૧૯

વાદ્યોનો પરિચય છે. મૃદંગ તેમાં તરત ધ્યાન ખેંચે છે. મહાકાલેશ્વરની આરતી વખતે પોતાની ગર્જનાથી તાલ પૂરાવવાનું યક્ષ મેઘને સૂચવે છે. અલકાના વર્ણનમાં જેમ મેઘને ગર્જના છે તેમ ત્યાં મૃદંગો છે,[૨૭૩] એમ તુલના છે. માલવિકાની પરીક્ષાનો પ્રયોગ થવાની શરૂઆત મૃદંગના[૨૭૪] ઘોષથી સૂચવાય છે. મંગળપ્રસંગે એ તૂરાઇ – તૂર્ય અને શરણાઇ વાદનના ઉલ્લેખો,[૨૭૫] તથા મેઘગર્જના વખતે મયૂરોના નૃત્યના ઉલ્લેખો મળે છે. વાદ્યોના સામાન્ય રીતે તંતુવાદ્ય, ચર્મવાદ્ય, છિદ્રયુક્તવાદ્ય અને ઘનવાદ્ય એવા પ્રકારો મનાય છે. કાલિદાસને તે બધાનો પરિચય હતો. વીણાના ઉલ્લેખો ઘણા આવે છે. ઇંદુમતી અને અજ ઉદ્યાનમાં વિહાર કરતાં હતાં ત્યારે નારદ ગોકર્ણસ્થ ભગવાન શંકરના દર્શન કરવા જતા હતા. તેમની વીણા પરનો પુષ્પહાર ઇન્દુમતી પર પડ્યો, તેને જોતાં જ તેના પ્રાણ ચાલ્યા ગયા.[૨૭૬] સ્વરોના આરોહ અવરોહાનુસાર વીણાના તારો પર હાથ ફેરવનારા કિન્નરોના સ્વરથી ભગવાન શંકર જાગ્રત થયા,[૨૭૭] યક્ષની પ્રિયતમા વીણાસાથે ગીત ગાવાનો પ્રયત્ન કરતી હતી.[૨૭૮] તે યુગમાં સ્થાપત્ય અને ચિત્રકલાની સ્થિતિ કેટલી ઉન્નત હતી તેનો ખ્યાલ કવિના

---

૨૭૩: પૂર્વમેઘ, શ્લોક ૩૭

૨૭૪: ઉત્તરમેઘ, શ્લોક ૬૬

૨૭૫: માલવિકા, અંક ૧

૨૭૬: રઘુવંશ, સર્ગ ૮

૨૭૭: કુમાર, ૮

૨૭૮: ઉત્તરમેઘ, શ્લોક ૨૬

સર્જનમાંના તેના ઉલ્લેખો પરથી આવે છે. તેમણે કાગળો અને દિવાલોપરનાં ચિત્રોનો ઉલ્લેખ કર્યો છે. સ્થંભ વગેરે પર કોતરેલી આકૃતિઓ તથા દેવમૂર્તિઓના ઉલ્લેખો પણ મળે છે.[૨૭૯] કવિમાં પાત્રો, ચિત્રકળા કુશળ છે. ધારિણી અને શકુંતલાની સખીઓ કુશળ છે. માલવિકામાં તો નાટકનો આરંભ જ રાજા ચિત્રશાળામાં માલવિકાનું એક ચિત્ર જુએ છે, તેને વિશે પૂછપરછ કરે છે, તો કોઇ જવાબ આપતું નથી,[૨૮૦] એટલે કુમારી વસુમતી તે કહી દે છે, ત્યાંથી થાય છે.

ચિત્રશાળાના ઉલ્લેખો, તે માટે તાલીમશાળાઓ હતી. એમ સૂચવે છે. ચિત્રમાં વ્યક્તિના રૂપની અતિશયોક્તિ થતી હોય છે, પણ ક્યારેક વ્યક્તિ ચિત્રમાં દેખાય તેના કરતાંયે સુંદર હોય છે.[૨૮૧] મેઘદૂતમાં યક્ષ પ્રિયાનું સાદૃશ્ય પ્રકૃતિના જડચેતન અંગોમાં જોવા પ્રયત્ન કરે છે, અને ધાતુરાગથી શિલાપર તેનું ચિત્ર દોરી તેને પગે પડવા માગે છે, પણ તે આંસુ ભરાઇ આવવાથી શક્ય થતું નથી, એવું વર્ણન છે.[૨૮૨] શાકુન્તલમાં આ વિષેનો ઉલ્લેખ ચિત્રકળાની ચરમ ઉન્નતિનું સૂચન કરે છે. છઠ્ઠા અંકમાં પશ્ચાત્તાપ કરતો દુષ્યન્ત વિનોદ મેળવવા મથે છે. માછીમાર વાતોથી વીંટી મળી આવતાં જ શાપની અસર દૂર થાય છે. તેને શ૦ સાથેનો બધો પ્રસંગ યાદ આવે છે. તેનું આ કારણ છે. પ્રત્યાખ્યાન કર્યું તેથી તેની વિયોગવેદના અને પશ્ચાત્તાપ વધી પડે છે. તે સાચાં અને ગંભીર છે. તે શકુંતલાનું એક સુંદર અને તાદૃશ ચિત્ર બનાવે છે. તેને જોઇને અપ્સરા પણ ભ્રમમાં પડી

---

૨૭૯: મિરાશી, પૃ. ૮૫-૭૬ પરના ઉલ્લેખો.

૨૮૦: મિરાશી, પૃ. ૮૫-૮૬

૨૮૧: માલવિકા, અંક-૨

૨૮૨: મેઘદૂત, શ્લો. ઉત્તર મેઘ - ૪૨.

જાય છે. તેમાં અધુરી રહેલી વિગતો પૂરવાના તેમના સુચના કરે છે અને તેનું વર્ણન કરે છે.[283] શકુંતલાના અંગોપર કેવાં પુષ્પાભરણો જોઇએ, પાશ્ર્વભુમિમાં શું કરવાનું છે તે વર્ણવે છે. ભાવના અલંકાર રેખારંગ વગેરેનો તેમાં ઉલ્લેખ છે. તે રાજાની કુશળતા અને કલાની ઉન્નતિનો ખ્યાલ આપે છે. કુમારસંભવમાં પાર્વતીનાં અંગો સ્પષ્ટરૂપે દેખાય છે. તે વિષે કવિ કહે છે કે રેખાઓ દ્વારા ચિત્ર પ્રથમ આકાર ધારણ કરે છે. અને તુલિકાથી રંગો પૂરાતાં તે વધારે સ્પષ્ટ બને છે.[284]

કાલિદાસના સર્જનમાં કામશાસ્ત્રનું સુક્ષ્મ જ્ઞાન વ્યક્ત થાય છે. શાકુન્તલના પ્રથમ અંકથી દુષ્યન્ત અને શકુંતલાનો પ્રેમ પરસ્પરના દર્શનથી પુષ્ટ થાય છે, તે આખું નિરૂપણ એવું છે. કન્યાસંપ્રયુક્તેનામક અધિકરણને આધારે થયું છે.[285] સાસરે જતી શકુંતલાને કણ્વનો વિદાય સંદેશ આપે છે. તે પણ કામશાસ્ત્રના વિચારોનો પડઘો પાડે છે.[286] કુમારમાં શિવપાર્વતીના વિવાહ વખતે શિવને પરસેવો અને પાર્વતીને રોમાંચ થાય છે, તે વર્ણન કવિની શરતચૂકનું પરિણામ લાગે છે.[287] અને અજ ઇન્દુમતીના વિવાહમાં તેમણે તે ભુલ સુધારી લીધી છે.[288] બીજી નાયિકાના પ્રેમમાં પડેલો દક્ષ નાયક તેની પત્ની સાથે

---

૨૮૩: શાકુ, ૬-૧૭

૨૮૪: કુમારસંભવ, સર્ગ - ૧ શ્લોક ૩૨

૨૮૫: શાકુન્તલ, અંક ૧ થી ૩

૨૮૬: શા., અં. ૪ શ્લોક ૧૯

૨૮૭: કુમાર, સ. ૭ શ્લોક ૭-૭૭

૨૮૮: રઘુવંશ, સર્ગ ૭

કેવું વર્તન રાખે છે તેનો નમૂનો માલવિકામાં એવા મળે છે.[२८९]

કાલિદાસને જ્યોતિશાસ્ત્રનું પણ સારું એ જ્ઞાન હતું. જામિત્ર, ઉચ્ચસંસ્થ વગેરે શબ્દ પ્રયોગો અને તેની ઉપમાઓ પરથી તે દેખાય છે. જામિત્ર શબ્દનો પ્રયોગ તો તેમના સમયનો નિર્ણય કરવામાં ખેંચતાણનો વિષય પણ બન્યો છે.[२९०] તારકાસુરને આપેલી ધુમકેતુની ઉપમા,[२९१] મદનનો શંકરના તપોવનમાં પ્રવેશ,[२९२] પાર્વતીના શણગારનું મુહૂર્ત,[२९३] તથા ઇરાવતી પોતાની મેળે પાછી આવશે એ કથનમાં સમાયેલી ઉપમા,[२९४] ચિત્રલેખા અને ઉર્વશીને લઇને આવતા પુરૂરવાને વિશાખા સાથે આવતા ચંદ્રની ઉપમા તથા શકુંતલા અને સખીઓને અપાયેલી ઉપમા આદિમાં તે દેખાય છે.

વૈદકશાસ્ત્રમાં ભોજનવેલા વહીજવાથી દોષ ઉત્પન્ન થાય છે. મિત્રમાલવિકા તમારી સામે એવી દેખાય છે કે જેમ[२९५] મદ્યપાનથી કંટાળેલાને ખાંડ,[२९६] દિલીપ દુષ્ટ સ્વજનને પણ વિષમય સર્પે ડસેલી આંગળીની પેઠે છોડી દેતા હતા.[२९७]

---

२८९: માલવિકા, અં. ૪

२९०: કુ, ૭, ૧, રઘુ ૩-૧૩

२९१: કુ. ૨-૩૨

२९२: કુ. ૩-૪૩

२९३: કુ. ૭-૬

२९४: માલવિકા, અં. ૩

२९५: માલવિકા, અં. ૨

२९६: એજ, અં. ૩

२९७: રઘુવંશ, સર્ગ ૧

વચેરેમાં આયુર્વેદનું જ્ઞાન જણાય છે, તો રાજાએ વન્ય હાથીને ન મારવો જોઇએ, માટે અજ નર્મદા તીરના તોફાની હાથીપર મૃદુ પ્રહાર કરે છે. તેમાં ધનુર્વેદનું જ્ઞાન દેખાય છે. શુકનશાસ્ત્ર પણ કવિ જાણે છે. દુષ્યન્તની મહર્ષિકણ્વના આશ્રમમાં પેસતાં જ પોતાનો જમણો હાથ ફરકવાનું સૂચવે છે. તેજ રીતે મારીચ આશ્રમમાં પ્રવેશ કરતાં થાય છે. તે શુભશુકન છે. શકુન્તલા દુષ્યન્તના અગ્નિશરણ સ્થાનમાં પ્રવેશતાં જ જમણી આંખ ફરકવાનું કહે છે, તે અપશુકન છે.[૨૯૮] કુમારના ૧૫મા સર્ગમાં તો તારક કુમારના સૈનાપત્ય નીચે લડવા આવેલા દેવો સામે લડવા ઉપડે છે, ત્યાં આવા અપશુકનોની એક વિસ્તૃત યાદી જ છે. પણ તે સર્ગ કાલિદાસનો જ રચેલો હોવા વિષે વિદ્વાનોમાં શંકા છે.

પોતાના પૂર્વવર્તી સાહિત્યકારોના સાહિત્યનો કવિને બરાબર પરિચય હશે એમ લાગે છે. તેમના રઘુવંશ અને મેઘદૂત પર વાલ્મીકિના રામાયણની છાપતો છે જ. તે પૂર્વ સૂરિઓએ વજ્રે છેદેલા મણિમાં જેમ દોરો પ્રવેશપામે, તેમ ભાષાં નિબધ્ધ કરેલા આ વિષયમાં પ્રવેશ કરી શકાશે એમ કહે છે. ભાસ, સૌમિલ્લ, કવિપુત્રાદિ પૂર્વવર્તી કવિઓનો ઉલ્લેખ કરે છે.[૨૯૯] [૩૦૦] કવિને વ્યાકરણશાસ્ત્રનું પણ સારૂં જ્ઞાન હતું એમ લાગે છે. કુમારસંભવમાં चतुष्टयी शब्दानां प्रवृत्तिः એ પાતંજલ મહાભાષ્યનો ઉલ્લેખ છે. તે ઉમા, રઘુ, અજ, તપન, શતક્રતુ, ચંદ્ર, ક્ષત્રિય, આદિ શબ્દોની વ્યુત્પત્તિ આપે છે. તે

---

૨૯૮: શાકુ. અં ૧, ૫, ૭

૨૯૯: રઘુવંશ, ૧

૩૦૦: માલવિકા, નાન્દી – સ્થાપના

જ રીતે તે માનવ જીવન અને માનવ ભાવોની સાથે પ્રકૃતિનો ગાઢ સંબંધ સૂચવે છે. શાકુન્તલમાં તો પ્રકૃતિ એક પાત્ર જ બની જાય છે. મોટા ભાગના પ્રસંગો પ્રકૃતિની ગોદમાં જ બને છે. રસનિરૂપણમાં વિભાવ તરીકે તો પ્રકૃતિ અનેકવાર આવે જ છે. શાકુન્તલમાંથી જો પ્રકૃતિને કાઢી લેવામાં આવે તો તે નાટક જેવું છે તેવું રહી શકે જ નહીં એવી સ્થિતિ છે. ઋતુસંહાર, મેઘદૂત, કુમારસંભવ, માલવિકા, વિક્રમોર્વશી બધામાં પ્રકૃતિને સ્થાન છે. ક્યાંક વત્તા ઓછા મહત્ત્વનું હોય. તે જુદી વાત છે. જેમ જેમ કવિની પ્રજ્ઞા પક્વ થતી ગઇ તેમ તેમ તેમનું પ્રકૃતિનિરૂપણ સૂક્ષ્મ અને ઉચ્ચકક્ષાનું થતું ગયું છે.

તેમને ઇતિહાસનું પણ નોંધ પાત્ર સભાન છે. તેમના જમાનાના ઇતિહાસનો ઉલ્લેખ ~~[illegible]~~ પ્રચ્છન્નરૂપે તેમના સર્જનમાં કરે છે. માલવિકા નાટકમાં તેમણે જે ઐતિહાસિક વિગતો, વિદર્ભ સાથેના વિદિશાના સંબંધો, ધારિણીના અપરભાઇ વીરસેન, તેમના સર્જનમાં પ્રા૦ ડોલરરાય માંકડ જુએ છે, તેવાં તત્કાલીન ઇતિહાસનાં સંદર્ભમાં સૂચનો, પુષ્યમિત્રનો અગ્નિમિત્ર ઉપરનો પત્ર વગેરે નોંધપાત્ર ગણાય. કવિ ઇતિહાસ લખવા બેઠા નથી. જે તે ઉલ્લેખો કાંતો તેમને[301] વંશપરંપરાગત માહિતીમાંથી મળ્યા હોય કે શ્રી બ. ક. ઠાકોર કહે છે તેમ કવિકલ્પનાનાં સંતાન હોઇ બહુવિશ્વાસપાત્ર ન પણ હોય.[302] જોકે ત્યારપછી જે માહિતી મળી છે તે પુષ્યમિત્ર પોતાની જાતને સેનાપતિ તરીકે ઓળખાવતા અને તેમણે બે અશ્વમેધ યજ્ઞો કરેલા તે વાતને પુષ્ટિ આપે છે.

---

૩૦૧: માલવિકાગ્નિમિત્ર નાટક, અને પ્રા. મિરાશી, પૃ. ૮૭

૩૦૨: મનનિકા – માલવિકાગ્નિમિત્ર.

શબ્દપસંદગી એક રીતે, સમર્થકવિની કસોટી છે. એક જ અર્થના અનેક શબ્દોમાંથી જ્યારે પોતાના ભાવને પ્રગટ કરવા કવિ કોઇએક જ, અને તે બરાબર અનુરૂપ અને ઉચિત 'The word' શબ્દ પસંદ કરે છે, ત્યારે તેનું કવિત્વ કઈ કક્ષાનું છે તે પ્રગટ થઇ જાય છે. તે કસોટીએ કવિ મહાકવિ ઠરે છે. દરેક પાત્ર, પ્રસંગ કે ભાવના નિરૂપણમાં તેમને શબ્દો ખોળવા પડયા હોય એવું કંઇ જ દેખાતું નથી. યોગ્ય ભાવને નિરૂપવા યોગ્ય શબ્દનો પ્રયોગ તો કવિની વિશેષતા ગણાય તેવો છે. કવિની બીજી વિશેષતા તે ધ્વનિની છે. શબ્દ અને અર્થના નાદ અને ધ્વનિની પ્રચુર યોગ્યતા પણ કાલિદાસનું વિશિષ્ટ લક્ષણ છે. ધ્વનિ કાવ્યનો આત્મા છે, અને ધ્વનિયુક્ત કાવ્ય તે ઉત્તમ કાવ્ય, એ કસોટીએ પણ કવિ સફળ જ છે. તે પોતાના સર્જનમાં અસાધારણ સંયમ દાખવે છે. જે કહેવું હોય તે માત્ર સૂચવી દે છે. તેથી સર્જનમાં એક પ્રશસ્ય અને અદ્ભુત સમતુલા આવે છે. આ ~~સંયમ~~ સંયમ અશક્તિજન્ય નથી, ભાષા સ્વામીનો છે. તેમના સર્જનમાં ક્યાંય કોઇ વાતની અતિશયતા ભાગ્યે જ દેખાશે. સંસ્કૃત સાહિત્યના બીજા સમર્થ કવિ ભવભૂતિ સાથે તેમને સરખાવતાં ભેદ તરત સમજાઇ જાય છે. ભવભૂતિ ઉગ્ર આવેશના, ભવ્યતા અને ઉર્જિતતાના કવિ છે. ~~ભવભૂતિ~~ જે કહેલું છે તે કહેવાઇ ગયા પછી તે અટકી શકતા નથી. કવિના સર્જનમાં એક કલાસ્વામીનો સંયમ, ગૌરવ, શિષ્ટતા અને ઔચિત્યભાન પ્રગટે છે. ભવ્ય સુંદર, પ્રબળ અને કોમળ ભાવોના સર્જનમાંયે સંયમનું અનુશાસન સર્વત્ર પ્રવર્તે છે. ભવભૂતિમાં મળે છે તેવાં ઉદ્દામ અને ઉદાત્તચિત્રો કવિના સર્જનમાં મળતાં નથી, તે ખરું, પણ સરવાળે હાનિને બદલે લાભ જ થતો

લાગે છે.[303] એટલે કવિના જીવન અને વ્યક્તિત્વ વિષયક દંતકથાઓ ગમે તે હોય, તે ગમે તેવી વિવિધ, રંગીન અને ચમત્કૃતિ પૂર્ણ હોય છતાં, તેમાં ઐતિહાસિક તથ્ય હોવાની ખાતરી થતી નથી. તેમના જમાનાના એક સમર્થ કલાસ્વામી પાસેથી જે જે સર્જન અને કલાસંયમની અપેક્ષા રાખી શકાય તે તેમણે પ્રાપ્ત કર્યું હતું. પોતાના સર્જનમાં તેનો ઔચિત્યપૂર્વક વિનિયોગ કરવાની શક્તિ તેમને સહજ હતી. સર્જન પ્રાપ્ત કરવું જેટલું અઘરું નથી, તેટલું તેના પ્રદર્શનના મોહને સંયમમાં રાખવાનું અઘરું છે. કવિ એક પ્રથમ પંક્તિના કલાસ્વામીને છાજે તેવો સંયમ આ બાબતમાં બતાવી શક્યા છે. તે સાનંદાશ્ચર્યનો વિષય છે.

## સર્જન

આવા સમર્થ કલાસ્વામીઓ અને લોકપ્રિય કવિઓ વિષે ઘણી વખત બને છે તેમ, આવા મહાકવિ અને કવિકુલગુરુનું બિરદ ધરાવતા અને ભગવતી સરસ્વતીના લાડીલા કવિને નામે ચડેલી કૃતિઓની સંખ્યા પણ મોટી છે. પાછળના અતિઉત્સાહી કે ભક્તિભાવભર્યા કવિઓએ અમુક કૃતિઓ રચીને તેમને નામે ચલણી બનાવી દીધી લાગે છે. એક જ નામના તેવા જુદી જુદી પ્રતિભા અને શક્તિની કક્ષાવાળા કવિની કૃતિઓ એક જ કવિને નામે ચડી ગઇ હોય એ પણ શક્ય છે. કવિને વિષે એમ ન બન્યું હોત તો જ તે નવાઇ ગણી શકાત. રાજશેખરે જ ત્રણ કાલિદાસ થઇ ગયા હોવાનો મત રજૂ કરેલો છે. તે બતાવે છે કે તેમના

---

303: Das Gupta & De. History of Classical Sk. Literature.

જમાનો જેટલા જૂના વખતમાં પણ એકથી વધુ : ત્રણ:
કાલિદાસ થઇ ગયાની માન્યતા પ્રચલિત હતી.

एको पि जीयते हन्त
कालिदासो न केनचित् ।
शृंगारे ललितोद्गारे
कालिदास त्रयी किमु ।। ३०४

કાલિદાસને નામે ચડેલી કૃતિઓ આ પ્રમાણે ગણાવાય છે.
:૧: શાકુન્તલ :૨: વિક્રમોર્વશીય :૩: માલવિકાગ્નિમિત્ર .
:૪: રઘુવંશ :૫: કુમારસંભવ :૬: મેઘદૂત :૭: કુન્તલેશ્વરદૌત્ય
:૮: ઋતુસંહાર :૯: અંબાસ્તવ :૧૦: કલ્યાણસ્તવ
:૧૧: કાલિસ્તોત્ર :૧૨: કાવ્યનાટકાલંકારા: :૧૩:
:૧૪: ગંગાષ્ટક :બે: :૧૫: ઘટકર્પર :૧૬: ચંડિકાદંડક
સ્તોત્ર :૧૭: ચર્ચાસ્તવ :૧૮: જ્યોતિર્વિદાભરણ :૧૯: દુર્ઘટ કાવ્ય
:૨૦: નલોદય :૨૧: નવરત્નમાલા :૨૨: પુષ્પબાણવિલાસ
:૨૩: મહેન્દ્રસ્તવ :૨૪:: ૨૫: મંગલાષ્ટક :૨: :૨૬: મહાપદ્મષટક
:૨૭: રત્નકોશ :૨૮: રાક્ષસકાવ્ય :૨૯: લક્ષ્મીસ્તવ
:૩૦: લઘુસ્તવ :૩૧: વિદવદવિનોદ કાવ્ય :૩૨: વૃંદાવન કાવ્ય
:૩૩: વૈદ્યમનોરમા :૩૪: શુધ્ધિચંદ્રિકા :૩૫: શૃંગાર તિલક
:૩૬: શૃંગારરસાષ્ટક :૩૭: શૃંગારસારકાવ્ય :૩૮: શ્યામલા
દંડક :૩૯: શ્રુતબોધ :૪૦: સપ્તશ્લોકી :૪૧: સેતુબંધ ૩૦૫

શ્રી કૃષ્ણમાચારીને મતે નીચે મુજબ કાલિદાસ થઇ
ગયા છે. :૧: કાલિદાસ ઉર્ફે માતૃગુપ્ત ઇ.સ. છઠ્ઠી સદીમાં
ઉજ્જયિનીના શ્રી હર્ષનાદ દરબારમાં માતૃગુપ્ત કવિ હતા.

---

૩૦૪: રાજશેખર કાવ્યમીમાંસા -

૩૦૫: As quoted by M.R. Kale શાકુ. પ્રસ્તાવના પૃ. ૧૧

અને સેતુબંધ તથા માલવિકા, વિક્રમોર્વશી અને શાકુન્તલના કર્તા હતા.

:૨: મેધારુદ્ર કાલિદાસ: ઇ.સ. પહેલી શતાબ્દિમાં માળવાના સમ્રાટ શ્રી વિક્રમાદિત્યના દરબારના: રઘુવંશ, કુમારસંભવ, મેઘદૂત અને જ્યોતિર્વિદાભરણના કવિ.

:૩: ઇ. ૧૩૯૭–૧૪૩૦ દરમ્યાન હયાત કામકોટિ પીઠના મૂક શંકરના શિષ્ય અને ઋતુસંહાર, શૃંગારતિલક, શ્યામલાદંડક નવરત્નમાળા, શ્રુતબોધ અને બીજાં ઘણાં કાવ્યોના કવિ – જેનો રાજશેખરે ઉલ્લેખ કર્યો ગણાય છે તે આ ત્રણ કાલિદાસ ગણાય છે.

:૪: મુંજ અને ભોજના સમકાલીન પરિમલ કાલિદાસ કે પદ્મગુપ્ત: "નવસાહસાંક ચરિત" ના કવિ :૫: "નલોદયના" કવિ: યમક કવિ કાલિદાસ :૬: "ચંપૂભાગવત" ના કવિ: નવકાલિદાસ :૭: સંખ્યાબંધ સમસ્યાઓના કવિ અકબરીય – કાલિદાસ – અકબરના યુગમાં :૮: "લંબોદર પ્રહસનના" કવિ :૯: સંક્ષેપ શંકરદિગ્વિજયમ્ ના કવિ માધવ ઉર્ફે અભિનવ કાલિદાસ.[306]

આ લાંબી યાદી કવિને નામે ઘણી કૃતિઓ અયોગ્ય રીતે ચડાવી દેવામાં આવી છે, એટલું તો સ્પષ્ટ કરે જ છે. તે યાદીના સત્યાસત્યનો નિર્ણય કરવાનું મુશ્કેલ છે. મે પણ અહીં જે મહાકવિના સર્જનનો વિચાર કરીએ છીએ તેમને વિષે વિદ્વાનો નીચેની કૃતિઓ તેમની હોવાનું માને છે.

---

૩૦૬: શ્રી ટી. એસ. નારાયણ શાસ્ત્રીના ક્રેડિબ વેદુધ્યની પ્રસ્તાવના પરથી ઉલ્લેખ, પૃ. ૫૪ થી – A history of Sk. Literature. (Krishnamachari)

:૧: ઋતુસંહાર
:૨: મેઘદૂત
:૩: કુમારસંભવમ્
:૪: રઘુવંશમ્
:૫: માલવિકાગ્નિમિત્રમ્
:૬: વિક્રમોર્વશીયમ્
:૭: અભિજ્ઞાન શાકુન્તલમ્

આમાં કેટલાક ઋતુસંહાર તેમનું હોવા વિષે શંકાઓ સેવે છે. પરંતુ આગળ જોઇશું કે તેમનું નથી, એમ માનવાને કોઇ સબળ પૂરાવો પ્રાપ્ત થતો નથી.

શ્રી મૂળશંકર યાજ્ઞિક માને છે કે કવિ એ અગ્નિમિત્રના ચરિત્રનું "માલવિકાગ્નિમિત્ર નાટકમાં નિરૂપણ કર્યું છે. ત્યાં જે વિગતો મળે છે તે ઉપરથી તથા તેમનાં નાટકોની ભાષા અત્યંત સરળ છે અને છેક વાતચીતની ભાષાની કોટિ સુધી પહોંચી જવા છતાં ધ્વનિસાર્ગર્ભ હોવાને લીધે એક સમર્થ કવિની પ્રસાદી લાગે છે, તે જોતાં ત્રણે નાટકોના કવિ તે ઇ. પૂ. ૧લી-૨જી સદીમાં થઇ ગયેલા કાલિદાસ હોવા જોઇએ. કાવ્યોની ભાષા તથા રચના પધ્ધતિમાં ભાષાનો અન્વય ક્લિષ્ટ બને છે, શૈલી વૈભવવતી બને છે. તે જોતાં તેના કવિ કાલિદાસ તે બીજા કોઇ, સંભવત: ઇ. સ. ૪થી ૫મી સદીના કવિ હોવાનું અનુમાન થાય છે.[307] પરંતુ નાટકોમાં આવતા શ્લોકો અને મહાકાવ્યો જોતાં તે બેઉની કાવ્યભાષા અને રચનાપ્રણાલી સમાન ભાસે છે. કવિ મહાકાવ્યો લખે છે ત્યાં Narration છે. એટલે તે શૈલીને વાતચીતની ભાષા

---

૩૦૭: રૂબરૂ વાતચીતને આધારે.

જેવી Direct અને સરળ બનાવવાની જરૂર નથી. નાટકો કાર્યપ્રધાન હોવાને કારણે અને સંવાદો સ્વાભાવિક હોય તે જ કવિની મહત્તાની એક કસોટી હોવાને કારણે, નાટકોની ભાષા સરળ અને પ્રાસાદિક હોય તેજ સ્વાભાવિક છે. બાકી પ્રસાદગુણ તો શું નાટકોમાં કે શું કાવ્યોમાં – સર્વત્ર કવિમાં વિદ્યમાન છે અને અન્વયમાં ક્લિષ્ટતાનો પ્રાય: સર્વત્ર અભાવ છે. "સેતુબંધ" નામક પ્રાકૃત અને પ્રવરસેનને નામે ચડેલું કાવ્ય મળતું નથી. "કુન્તલેશ્વર દૌત્ય" ના ઉલ્લેખો આગળ જોયું છે તેમ ક્ષેમેન્દ્ર અને ભોજરાજ દ્વારા મળે છે. પણ તેમ મળતું નથી. માત્ર તેવા કાવ્યનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. એટલે ઉપર્યુક્ત કૃતિઓનો કવિની કૃતિઓ તરીકે વિચાર કરવાનો રહે છે. "ઋતુસંહાર" ની પ્રામાણિકતા વિષે મતભેદ પ્રવર્તે છે. જે લોકો તેને કાલિદાસની કૃતિ તરીકે સ્વીકારવામાં શંકા ધરાવે છે, તેમને મતે :૧: તેને કાલિદાસનું માનવામાટે કોઇ બાહ્ય પ્રમાણ નથી. :૨: કાલિદાસનાં મેઘદૂત, કુમારસંભવ, કે રઘુવંશ જેવાં કાવ્યો કરતાં તે ઊતરતા પ્રકારનું છે. :૩: કાલિદાસનાં કાવ્યોપર ટીકા લખનાર ટીકાકારોએ તેના પર ટીકા લખી નથી. :૪: કાલિદાસના અન્ય સર્જનમાંથી અવતરણો લેનાર સાહિત્યાચાર્યોએ તેમાંથી અવતરણો લીધાં નથી. :૫: કાલિદાસના સર્જનમાં જે નૈતિક સૂર છે તે તેમાં દેખાતો નથી.

આ બધું કંઇક અંશે ખરું હોવા છતાં, તે કાવ્યને કાલિદાસનું માનવામાં કાંઇ હરકત નથી, કેમકે :૧: બીજી કૃતિઓ કાલિદાસની પરિણત પ્રજ્ઞાનું પરિણામ છે, તો આ કૃતિ તેમની શરૂઆતની કૃતિ હોવાનો ઉછરતી વયે લખાઇ હોવાનો સંભવ છે. જગતના ઘણા કવિઓ – શેક્સપિયર જેવાના સર્જનમાં પણ જુદા સમયે રચાયેલી કૃતિઓની

કલાકક્ષા વચ્ચે ભેદ દેખાય છે. શ્રી અરવિંદ ઘોષ[308] ડો. કીથ[309] પ્રા. જી. સી. ઝાલા[310] વગેરે આ દલીલ આગળ કરે છે. વિચાર અને નિરૂપણની કચાશ તેમાં છે, એ સ્વીકારવામાં આ હકીકત : તે કવિની શરૂઆતની જ કૃતિ છે તે: ધ્યાનમાં રાખીએ તો આ વસ્તુનો ખુલાસો થઇ જાય છે. :૨: મલ્લિનાથ જેવા ટીકાકારે એનાપર ટીકા નથી લખી તેનું કારણ, એ સરળ કાવ્યને તેમણે ટીકાની જરૂર નહીં માની હોય તે છે. :૩: સાહિત્યાચાર્યોને મહાકવિની પરિણત પ્રજ્ઞાના ફળરૂપ અન્યકૃતિઓ લભ્ય હતી: પછી શા માટે તે આ કૃતિમાંથી અવતરણો લે? :૪: તેમાં નૈતિકસૂર ન હોવાની વાતનો ખુલાસો પણ તે કવિની શરૂઆતની યુવાનવયમાં રચાયેલી કૃતિ હોવામાં આવી જાય છે. કા.ના સર્જનમાં પ્રકૃતિ અને માનવ ભાવ વચ્ચે જે ગાઢ સંબંધ છે તે તો આ કાવ્યમાં પણ દેખાય છે. તેને વિશેનું કવિનું દર્શન ઘડતર દશામાં હોય - સ્પષ્ટ થતું જતું હોય એટલે પણ એમ થવાની શક્યતા રહે છે. કવિમાં ઉત્સાહ છે, નિરીક્ષણ શક્તિ છે, કાવ્યની દુનિયામાં તેમને કંઇક કરવું છે. પ્રકૃતિ પ્રત્યે તેમને અનુરાગ છે, તેનું તેમણે સૂક્ષ્મ નિરૂપણ કર્યું છે, તથા કાલિદાસે માનવીના અનેક વિવિધ ભાવોનું તેને સ્થળે સમર્થ નિરૂપણ કર્યું છે, તેમ છતાં તે પ્રકૃતિપ્રેમી અને પ્રેમના કવિ છે તે બેય વિશેષતાઓ આ કાવ્યમાં છે જ. તે વિચારતાં તેને કવિના સર્જન તરીકે સ્વીકારતાં અચકાવાની જરૂર નથી. કવિના સર્જનમાં પ્રકૃતિને કોઇને કોઇ રીતે સ્થાન છે જ, અને તે બધે સ્થળે તે માનવ

---

૩૦૮: Kalidasa I Series પૃ.૨૬થી

૩૦૯: A his. of Sk. Lit. પૃ. ૮૨ થી ૮૪

૩૧૦: Kalidasa પૃ. ૨૭થી

ભાવોના સંદર્ભમાં, તેની પૂર્વ કે પશ્ચાદ્ ભૂમિકા તરીકે આવે છે અને તેને માનવ જીવન સાથે કોઇ જીવંત "આંતરસંબંધ" છે એમ લાગ્યા કરે છે. કવિએ તેમના પ્રથમ સર્જનમાં પ્રકૃતિને મુખ્ય વિષય તરીકે સ્વીકારી છે. પ્રા. ઝાલા માને છે કે તેમ કરવાની તેમને વધારે ફાવટ ન આવી હોય, તેથી તેમના બીજા સર્જન માલવિકાગ્નિમિત્રમાં તેને વધારેમાં વધારે ગૌણ સ્થાન આપ્યું છે. આ બંને પ્રયોગ દશા સૂચવે છે. પછી કવિ આ બેઉનું સામંજસ્ય સમજવા અને નિરૂપી શકવામાં સિદ્ધહસ્ત બન્યા લાગે છે.[311] જે સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ અને કુશળતાપૂર્વક ચિત્રો સર્જવાનું સામર્થ્ય કવિની વિશેષતા છે તે આ કાવ્યમાં પણ દેખાયા વિના રહેતાં નથી. કવિનું ચિત્તતંત્ર સંવેદનશીલ – સુકુમાર અને સંકુલ હોય છે. તેને પકવ અને સ્થિર થવામાટે બીજી કોઇકલા કરતાં પણ અવાંતર કાવ્યનો ગાળો, અભ્યાસ આદિ વધારે આવશ્યક હોય છે. તેથી અપૂર્ણતા કે ઉતરતી કક્ષા દેખાય તેટલા જ કારણે અમુક કૃતિ તે કવિની નથી એમ કહેવામાં ઉતાવળ થાય છે. :૩: બાહ્ય પ્રમાણો સમકાલીન — કલ્પન હોય તો તેના ઉપર ઝાઝો આધાર મૂકી શકાય નહીં. વ્યક્તિત્વની કસોટી જ આ બાબતમાં અંતિમ પ્રમાણ થઇ શકે. એ દૃષ્ટિએ જોતાં આ કાવ્યમાં કાલિદાસીય શક્તિ અને પ્રતિભાના એવા તો ચમકારા દેખાય છે કે તેને કવિની કૃતિ માનવામાં હરકત નથી લાગતી. યુવાન કવિ અનુભવે કલાસંયમ પામે છે. અહીં તહીં રંગ અને રેખાની અતિશયતા કે વધારે પડતી સરળતા, કે શબ્દપ્રયોગમાં વિવેકની કંઇ ઊણપ વર્તાય તો તેનું કારણ કવિની પ્રતિભામાં પડેલો વધારે પડતો અને અનુભવને અભાવે પૂરો ઠરેલ ન બન્યો હોય તેવો ઉત્સાહ

---

૩૧૧: પ્રા. જી. સી. ઝાલા, કાલિદાસ પૃ. ૨૭ થી

હોઇ શકે છે. હજી માનવ ભાવ અને પ્રકૃતિના આંતર સંબંધને પારખવાનું પૂરું સ્થિર ન થયું હોય તેથી જેમ શેક્સપિયરની પ્રારંભિક કૃતિઓમાં ઘણી કચાશ હોવા છતાં ય ત્યાં શેક્સપિયરનો હાથ જ કામ કરી રહ્યો છે એમ ખાત્રી થયા વિના રહેતી નથી તેમ અહીં પણ તે કાલિદાસની પ્રતિભાનું સર્જન છે એમ લાગ્યા વિના રહેતું નથી. જે ભૂલો પરિણત પ્રજ્ઞ કવિએ પાછળથી નક્કી કરી તેવી ઘણીક અહીં છે, છતાં ઉચ્ચપ્રકારની નિરીક્ષણ શક્તિ, ચિત્રાત્મકતા અને સૌથી વિશેષ તો ઉપમાશક્તિ, પ્રકૃતિ અને માનવપ્રેમ, તથા તે બે વચ્ચેનો સંબંધ દેખાય છે.[312] ડો. કીથ કહે છે કે વર્જીલ, ટેનિસન કે ગેટેની યુવાન અને પ્રૌઢાવસ્થાની કૃતિઓમાં એટલો જ ભેદ છે જેટલો કાલિદાસની આ કૃતિ અને અન્ય કૃતિઓમાં છે. ખરું જોતાં તે કા.ની કૃતિ છે, અને તે તેની નથી એમ ઠરાવવામાં આવે તો તેની ખ્યાતિને ખરેખર નુકશાન થાય.[313] છ

---

૩૧૨: શ્રી અરવિંદ Kalidasa I Series પૃ. ૨૬થી

૩૧૩: Dr. Keith A his. of Sk. Lit. પૃ. ૮૨થી